કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર મ. રાવળ


પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ પાંસઠમું · ઑગસ્ટ · ઓગણીસસો બાણું

તંત્રી · ધીરુ પરીખ · સંપાદક બિહારીલાલ ટાંક



દેશના સ્વાતંત્ર્ય માટેની
આખરી લડત '૪૨ની ક્રાંતિ'ની
સુવર્ણ જયંતી નિમિત્તે
ત્યારનાં ત્રણ સ્મૃતિ-ચિત્રો



જેમાં 'હિંદ છોડો'ની લડતનો નિર્ણય લેવાયો તે તા. ૮ ઑગસ્ટ ૧૯૪૨ની અખિલ ભારત કોંગ્રેસ સમિતિની ઐતિહાસિક સભામાં ગાંધીજી અને પં. નહેરુ (ડાબીબાજુ) એ પ્રસંગે ઉમટેલી સ્વાતંત્ર્યોત્સુક માનવમેદની...
(નીચે)... અને બીજા જ દિવસે સ્વાતંત્ર્યના સેનાનીઓ ઉપર છોડાએલો ટીઅર ગૅસ.



સળંગ અંક ૭૭૫



વર્ષાભીનાં પર્ણ

જાપાનના સાંસ્કૃતિક વિકાસના ઈતિહાસમાં 'ઈડો' એટલે કે ઈ. ૧૬૧૫ થી ૧૮૬૮ દરમિયાનના કાળનું આગવું મહત્ત્વ રહ્યું છે. એ સમયમાં ત્યાંના સામાજિક માળખામાં ઘણા ફેરફારો થયા તથા તેની સાથે ત્યાંનો ચિત્રકલા પ્રત્યેનો અભિગમ પણ બદલાયો અને તેમાં પ્રકૃતિનું નિરીક્ષણ–નિરૂપણ વધ્યું. ક્ષુલ્લક જીવજંતુઓ પક્ષીપ્રાણીઓ અને વૃક્ષની શાખા વગેરેની શોભનયુક્ત વાસ્તવિક રજૂઆત વધી ગઈ. સુઝુકી કિઇત્સુ (૧૭૯૬–૧૮૫૮)ની આ દિશામાં ઘણી ખ્યાતિ હતી. તેનું આ એક રેશમી ખાકિમોનો, એટલે કે ભીંતે લટકાવવાનું ચિત્રપટ છે. રેશમી કાપડ ઉપરાંત, વાંસની ચીપો ને કિંમતી કાગળનાં પણ ખાકિમોનો બને છે. આ ખાકિમોનોમાં સુઝુકી કિઈત્સુએ વરસાદની આછીશી ઝડીમાં ભીંજાતી વૃક્ષની એક ડાળ દર્શાવી છે. કેવળ આછા રંગે પીંછીના સીધા લસરકા કરી એણે વરસતા વરસાદનો સુંદર ખ્યાલ આપ્યો છે અને તેમાં ભીંજાતી ડાળની કુમાશભરી ભીનીભીની તાજગીને એણે પોતાના તુલિકા–સામર્થ્ય દ્વારા કૌશલથી પ્રકટ કરી છે. ચિત્રપટના ઊભા વિસ્તારમાં ડાબેથી જમણી તરફ ઢળતી વૃક્ષશાખાનું આ સાદું છતાં ભર્યુંભર્યું સુંદર ચિત્રસંયોજન એની કલાદૃષ્ટિ તેમજ એની કલાશક્તિનું દ્યોતક છે.

આપણી અમર કવિતા

રામ કહો રહેમાન કહો

રામ કહો, રહેમાન કહો કોઉ, કહાન કહો મહાદેવ રી,
પારસનાથ કહો, કોઉ બ્રમા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી.

ભાજન ભેદ, કહાવત નાના, એક મૃત્તિકારૂપ રી,
તૈસે ખંડ કલ્પનારોપિત, આપ અખંડ સરૂપ રી.

નિજ પદ રમે રામ સો કહિયે, રહિમ કહે રહેમાન રી,
કરશે કરમ મહાન સો કહિયે, મહાદેવ નિર્વાણ રી.

પરસે રૂપ પારસ સો કહિયે, બ્રહ્મ ચિહ્નને સો બ્રહ્મ રી,
ઈહ વિધ આપ આનંદઘન, ચેતનમય નિ:કર્મ રી.

આનંદઘન

શ્યામ-સૌન્દર્ય

શોભા સલૂણા શ્યામની, તું જોને સખી!
શોભા સલૂણા શ્યામની!
કોટિ કંદર્પને લજાવે એનું મુખડું,
ફીકી પાડે છે કળા કામની:
સદ્‌ગુણસાગર, નટવરનાગર,
હું બલિયારી એના નામની.
કોટિ આભુષણનું એ રે ભૂષણ,
સીમા તું છે એ અભિરામની:
જે ઓળખે તેને તો સાર સરવનો
બીજી વસ્તુ તો નથી કામની.
અનુપમ એ અલબેલો રસિયો
જીવનમૂડી દયારામની.

દયારામ

'કુમાર' **અનુક્રમણિકા** વર્ષ પાંસઠમું

ઓગસ્ટ ૧૯૯૨ · સળંગ અંક ૭૭૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા-લઘુકથા-લઘુનવલ

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.
વાર્ષિક લવાજમ રૂ. ૭૫; પરદેશમાં રૂ. ૩૫૦; આજીવન રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

શ્રાવણ નીતર્યો

આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલોજી
પેલાં રેલી ચાલ્યાં રૂપ હો કોઈ ઝીલોજી.

આ કપૂર-કાયા સરી જશે કોઈ ઝીલોજી
પેલા ઊડી ચાલ્યાં ધૂપ હો કોઈ ઝીલોજી.

આ જલધારામાં ઝૂલતી કોઈ ઝીલોજી
પેલી તૂટે મોતનમાળ હો કોઈ ઝીલોજી.

આ લટ લહેરાતી લળી લળી કોઈ ઝીલોજી
પેલું કોણ હસે મરમાળ ? હો કોઈ ઝીલોજી.

આ નથી ટપકતાં નેવલાં કોઈ ઝીલોજી
આ વરસે અમરત-મેહ હો કોઈ ઝીલોજી.

આ સમણાં કેરા કરા પડે કોઈ ઝીલોજી
આ નરદમ વરસે નેહ હો કોઈ ઝીલોજી.

આ ચળકે વાદળ-તલાવડી કોઈ ઝીલોજી
એની તડકે બાંધી પાળ હો કોઈ ઝીલોજી.

આ દિન વહી ચાલ્યો સુહામણો કોઈ ઝીલોજી
આ રાત ચલી રઢિયાળ હો કોઈ ઝીલોજી.

આ દૂધે ધોયા ડુંગરા કોઈ ઝીલોજી
પેલી ઝરણાંની વણજાર હો કોઈ ઝીલોજી.

આ જતિસતીનાં તપ રેલે કોઈ ઝીલોજી
પેલા શિવલોચન-અંબાર હો કોઈ ઝીલોજી.

બાલમુકુન્દ દવે

બોલો બાપુ શું કહેવું છે ?/કૃષ્ણ દવે

ધગધગતા સૂરજની સાખે
બળબળતી રેતીની આંખે
મારે ખળ ખળ ખળ વ્હેવું છે.
બોલો બાપુ શું કહેવું છે ?
શું કહેવું છે ?
ઇચ્છાઓને તોલી શકશો ?
બંધ હોઠથી બોલી શકશો?
દ્વાર હૃદયનાં ખોલી શકશો?
સાચું કહું ? એમાં રહેવું છે.
બોલો બાપુ શું કહેવું છે?
જળની ઐસી તૈસી બંદા બાવળની મસ્તીથી ઊગે,
સ્થળની ઐસી તૈસી બંદા હવા બનીને સઘળે પૂગે,
એકી શ્વાસે બંદાને આખાય વિશ્વને
પળભરમાં ચાહી લેવું છે.
બોલો બાપુ શું કહેવું છે?
મ્હેંદીનું ઘૂંટાવું થોડું,
પંખીનું વીંધાવું થોડું,
ખીલે ક્યાંક જડાવું થોડું;
થોડું થોડું બધું મિલાવી
ઘૂંટી ઘૂંટી એમાંથી જે દર્દ નીકળે
હસતાં રમતાં એ સ્હેવું છે.
બોલો બાપુ શું કહેવું છે?

જળની વાતો સ્મરતાં સ્મરતાં
રણને એવું સ્વપ્નું આવ્યું
જળના દેશે જઈને એણે જળનું એક નગર બંધાવ્યું;
જળનું ઘર ને જળનું આંગણ
જળના ક્યારે જળને વાવ્યું,
જળની વચ્ચોવચ્ચ રહીને
જળના ભીના ભીના હાથે જે કૈં કોરું કરી એકઠું
ભડ ભડ ભડ ચાંપી દેવું છે
બોલો બાપુ શું કહેવું છે?
ધરબી ધરબી નક્કર જીવે
ખોબે સાત સમંદર પીવે
ઝબકારે જીવતરને સીવે
અને પ્રભાતે તરતું મૂકે આખી રાત વલોવી દીવે
એ લોકોની સાથેસાથે
મારું પણ એના જેવું છે
બોલો બાપુ શું કહેવું છે?
હું તળથી ટોચે વ્હેનારો
ખંજરની ધારે રહેનારો
ને ચૂપચાપ બધું સ્હેનારો
મારે ક્યાં કંઈ સાંભળવું છે
ને મારે ક્યાં કંઈ કહેવું છે?
બોલો બાપુ શું કહેવું છે?

અંતે/દેવેન્દ્ર દવે

અંતે તોડ્યું મણ મણ તણું માંડ ખંભાતી તાળું,
વાળ્યું ચોળ્યું ઘર-વખરીને કાઢતો બ્હાર ચોકે :
જૂનો ઝૂલો, તરડઈ પડ્યો પાટ, વાઘેશ્વરીની
શ્રદ્ધા-લીંપી છવિ, દશકથી કાટ ખાતો પટારો;
રાધા જેના મુખ મહીં ધરે બીડલું કહાન સામે
કોરી જેમાં સભર નકશી પાન-પેટી પુરાણી!
'મારું મારું' કરી જતનથી જીવનાં જાળવેલી
હૈયાથી યે અદકી ગણી ને ડાબલી છીંકણીની!
હાથીદાંતે મઢવી જીવથી જાળવ્યો ચૂડલોયે
'સૌભાગંનો!' કરતી નિત તું 'પાઠ' એ પોથી નાની!
વેચી દીધું ઊધડું સઘળું એક 'સોદા' મહીં જ;
ને મેં લીધી કડકડની નોટો કબાડી કનેથી
અર્ધા ભાગે અનુજ કરમાં મૂકતાં -બેઉ કંપ્યા :
બા, શું તારાં ઋજુ હૃદયનાં પાડતાં ભાગલા કે?!

શ્રાવણ/દીપક ત્રિવેદી 'દીપ'

દૂર ક્ષિતિજે કાળોભમ્મર આલ્લે! આલ્લે!
શ્રાવણ વરસે ઝરમર ઝરમર આલ્લે! આલ્લે!


જળના કાંઠા એમ ઊંચકે બંધ આંખને
કાજળમાંથી છલકે સરવર આલ્લે! આલ્લે!

એમ હથેળી ગોરંભાતી મેઘધનુષી
જાણે અંદર મેઘાડંબર આલ્લે! આલ્લે!

પળનો દરિયો પંચ ભૂતામાં ઊછળે એવો
જીવ પછાડે આવે તમ્મર આલ્લે! આલ્લે!

દીપ ઊઘડતો અંદરખાને ઝળહળ ઝળહળ
સઘળું અમ્બર અમ્બર અમ્બર આલ્લે! આલ્લે!

સરળતા અને સાદગી, વિદ્વતા અને વિનમ્રતા, ગાંભીર્ય અને ગરિમાની મૂર્તિસમા ભારતના નવમા રાષ્ટ્રપતિ



ડૉ. શંકરદયાલ શર્મા

ગઈ ૧૩ જુલાઈએ યોજાએલી ચૂંટણીમાં પોતાના મુખ્ય પ્રતિસ્પર્ધી પ્રો. સ્વેલની સામે ૭૪.૭૮ ટકા જેટલા મત મેળવીને ચૂંટાઈ આવી આપણા દેશના નવમા રાષ્ટ્રપતિ બનેલા. ડૉ. શંકરદયાલ શર્મા, ડૉ. રાજેન્દ્રપ્રસાદ તથા ડૉ. રાધાકૃષ્ણ જેવા આપણા પ્રથમ બે રાષ્ટ્રપતિઓની ઋષિતુલ્ય પરંપરાના વ્યક્તિ છે. આપણા વડાપ્રધાન પી.વી. નરસિંહરાવના શબ્દોમાં કહીએ તો 'રાષ્ટ્રપતિ તરીકે આપણને યોગ્ય અને સક્ષમ વ્યક્તિ મળી છે અને દેશનું ભાવિ એમના હાથમાં સલામત છે.' અધ્યાપનથી આરંભાઈને દેશના સર્વોચ્ચ પદે પહોંચવા સુધીની એમની સમગ્ર કારકિર્દીમાં તેઓ ઉત્તરોત્તર વિકાસ અને ચાહના પામતા રહ્યા છે.

ઈ.સ. ૧૯૧૮ની ૧૯ ઓગસ્ટે ભોપાલમાં શંકરદયાલનો જન્મ થએલો. પિતા ખુશીલાલ પરમ શિવભક્ત હતા. પુત્રનું નામ શંકરદયાલ એમની શિવભક્તિનું દ્યોતક છે, એટલું જ નહિ પોતાના અન્ય પુત્રોનાં નામ પણ એમણે શંભુ, શિવ અને સોમેશ રાખેલાં છે. શંકરદયાલ બધાં સંતાનોમાં સૌથી મોટા અને ખુશીલાલની પ્રથમ પત્નીના પુત્ર છે. આ ઉપરાંત શંકરદયાળથી નાની રુકૃમિણી નામની એક પુત્રી પણ છે. આ રુકૃમિણીબહેન ૭૦ વર્ષની વયે થોડા સમય પહેલાં થએલા બ્રેઈન હેમરેજના કારણે હાલમાં પથારીવશ છે. પ્રથમ પત્નીના મૃત્યુ બાદ ખુશીલાલે એ પત્નીના પિતરાઈ બહેન સંપતબાઈ સાથે લગ્ન કરેલાં. એ લગ્ન પૂર્વે રુકૃમિણીબહેનનાં લગ્ન થઈ ચૂક્યાં હતાં અને પિતાના આ પુનર્લગ્ન વખતે શંકરદયાલ લખનૌ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા અને પરીક્ષાને કારણે લગ્નમાં ઉપસ્થિત રહી શક્યા નહોતા. જન્મદાત્રી ન હોવા છતાં સંપતબાઈને શંકરદયાલ માટે ખૂબ જ વાત્સલ્ય છે. પોતાનાં લગ્ન પહેલાંથી એ શંકરદયાલને ઓળખતાં હતાં. તેઓ વૈદ્ય વિશારદ છે અને વર્ષોથી ભોપાલની ગરીબ વસતિની તબીબી સેવા કરે છે. પોતાના દવાખાનાનું નામ પણ એમણે શંકરદયાલના નામ પરથી 'શંકર આયુર્વેદિક ક્લિનિક' રાખેલું છે, જ્યાં તેઓ આજે ૮૦ વર્ષની વયે પણ બપોરના ભોજન તથા સહેજ વામકુક્ષિ કરવાના સમય સિવાય સવારના આઠથી સાંજના આઠ વાગ્યા સુધી દવાખાનું ચલાવે છે. શંકરદયાલને તેઓ 'ભૈયા' કહી સંબોધે છે અને શંકરદયાલ, તબિયત અંગેની પોતાની તકલીફોમાં, માતા સંપતબાઈએ સૂચવેલ દવાઓ લે છે. એમના જીવન ઉપર આ માતાનો ઘણો પ્રભાવ રહ્યો છે અને આ માતાએ જ પોતાના દાગીના ગીરવી મૂકીને પુત્રને અભ્યાસાર્થે વિદેશ જવાની સગવડ કરી આપી હતી અને શંકરદયાલના વિદેશથી પાછા ફર્યા પછી એમની પત્નીના મૃત્યુ બાદ પુનર્લગ્ન કરવા માટે મનાવ્યા હતા. શંકરદયાલને ત્યારે એક પુત્ર-સતીશ હતો. શંકરદયાલનાં બીજાં લગ્ન જયપુરવાસી પં. લક્ષ્મીનારાયણનાં પુત્રી વિમલા સાથે થએલાં છે. સ્ત્રી કેળવણીનું જ્યારે કોઈ મહત્ત્વ નહોતું અંકાતું એ જમાનામાં અને રૂઢિપરંપરાઓમાં ચુસ્ત એવા રાજસ્થાનમાં પં. લક્ષ્મીનારાયણે પોતાની પુત્રીઓને છેક એમ.એ. સુધી ભણવાની ધગશ અને હિંમત બતાવી હતી.

વિદેશમાં એટલે કેમ્બ્રિજમાં શંકરદયાલ કેવી રીતે રહેલા એ દર અઠવાડિયે માતાપિતાને એમણે નિયમિત લખેલા પત્રો પરથી જાણી શકાય છે. નમકીન સેવ, બોર, મગફળી, શિંગોડાંના શોખીન તેઓ ત્યાં ક્યારેક તો બાફેલા બટાટાથી યે ચલાવી લેતા. નાનપણથી જ નદીમાં તરવાના શોખ ઉપરાંત શતરંજ, ચોપાટ ને કેરમ રમવામાં પણ એમને એટલો જ રસ રહ્યો છે. વિદ્યાર્થી-અવસ્થાથી જ એમણે આઝાદીની લડતોમાં ભાગ લેવા માંડ્યો હતો અને 'ક્વિટ ઇન્ડિયા'ની ચળવળ વખતે જેલ પણ ભોગવી હતી.

અંગ્રેજીમાં એમ.એ થઈને એલએલ.બીની ઉપાધિ મેળવી લખનૌ યુનિવર્સિટીમાં લૉ ફેકલ્ટિમાં બે વર્ષ સુધી એમણે લેકચરર તરીકે કામ કરેલું. આ પછી કેમ્બ્રિજ જઈ એમણે કાયદાનો અભ્યાસ કરી 'ઇન્ટરપ્રિટેશન ઑફ લેજિસ્લેટિવ પાવર્સ અન્ડર ફેડરલ કૉન્સ્ટિટ્યૂશન' વિશે મહાનિબંધ લખી ડૉક્ટરેટ મેળવી અને 'બાર'માં પણ જોડાયા અને ૧૯૪૬-'૪૭માં કેમ્બ્રિજમાં અધ્યાપનકાર્ય પણ કર્યું.

ઈ.સ. ૧૯૪૮માં ભારત આવ્યા પછી ભોપાલ રાજ્યના વિલીનીકરણની લડતમાં એમણે ભાગ લીધો ને પરિણામે ભોપાલના નવાબે એમને જેલમાં પૂરેલા, અને સરદાર પટેલના પ્રયત્નોથી અંતે એ રાજ્યનું વિલીનીકરણ નિશ્ચિત થયા પછી તેઓ છૂટ્યા હતા.

ઈ.સ. ૧૯૫૧માં ભોપાલ રાજ્ય કૉંગ્રેસ સમિતિના પ્રમુખપદે તેઓ સર્વાનુમતે વરાયા પછી ૧૯૫૨માં પહેલી ચૂંટણીમાં ઉમેદવારી કરી તેઓ રાજ્યની ધારાસભામાં ચૂંટાઈ આવેલા. અલબત્ત, રાજકારણમાં એમનો અનુભવ ત્યારે પૂરતો ન હતો અને એટલે તેઓ લોકસભાની ચૂંટણી લડવા



ઇચ્છતા ન હતા, પરંતુ એ 'બગડેલા પ્રદેશને સુધારવા માટે' પં. નેહરુ એમને ભોપાળના મુખ્યપ્રધાન બનાવવા ઇચ્છતા હોઈ તેમને ધારાસભાની ચૂંટણી લડવા પ્રેરેલા. એ વખતે રાજકારણમાં પોતાની મર્યાદાઓનો એમને પૂરો ખ્યાલ હતો અને એ વાત નેહરુને કહીને એ સ્થાને કોઈ વધુ અનુભવીને લેવા એમણે એમને કહેલું પણ ખરું. પરંતુ 'પાણીમાં પડ્યા વિના તરતાં કેમ આવડે ?' એમ કહી નેહરુજીએ એમને ધારાસભામાં જવા તૈયાર કરેલા. આમ, શંકરદયાલ ભોપાલ રાજ્યના મુખ્યપ્રધાન બન્યા. રાજયના એ છેલ્લા મુખ્ય પ્રધાન હતા. તે પછી મધ્યપ્રદેશની રચના થઈ ત્યાં સુધી, એટલે કે ૧૯૫૬ની ૧ નવેમ્બર સુધી તેઓ એ પદ પર રહેલા.

આમ તો ડૉ. શર્મા ૧૯૩૦ના અરસામાં અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા ત્યારથી પં.નેહરુના પરિચયમાં હતા. નેહરુ કુટુંબના નિવાસસ્થાન 'આનંદભવન'માં ત્યારે પં.મોતીલાલ નેહરુ, તેજબહાદુર સપ્રુ વગેરે જેવા એ સમયના કૉંગ્રેસના નેતાઓ અવારનવાર રાજકારણ અને સમાજકારણ વગેરે વિષયો પર વ્યાખ્યાનો આપતાં તેમાં ડૉ. શર્મા પણ નિયમિત હાજરી આપતા.

મધ્યપ્રદેશ રાજ્યની રચના પછી રવિશંકર શુક્લના મુખ્ય પ્રધાનપદમાં ડૉ. શર્માએ શિક્ષણ, કાયદો, ઉદ્યોગ, બાંધકામ, વેપાર વગેરેનાં વિવિધ ખાતાંઓમાં પ્રધાનપદે રહીને વિશાળ અનુભવ મેળવ્યો હતો.

ઇ.સ. ૧૯૬૭માં મધ્યપ્રદેશ કૉંગ્રેસના તેઓ પ્રમુખ ચૂંટાયા અને બીજા જ વર્ષે એમને અખિલ ભારત કૉંગ્રેસ સમિતિના મહામંત્રીપદની જવાબદારી સોંપાઈ હતી. ચાર વર્ષ સુધી એ ભાર સંભાળ્યા પછી ૧૯૭૨માં એમને કૉંગ્રેસ(ઇ)ના પ્રમુખ બનાવવામાં આવ્યા. દરમિયાન ૧૯૬૯માં કૉંગ્રેસના ભાગલા થયા ત્યારે નિજલિંગપ્પાની કૉંગ્રેસ સાથે રહેવાને બદલે એમણે ઇન્દિરાજી સાથે રહેવાનું પસંદ કર્યું હતું અને આગળ જતાં કટોકટીના સમયમાં પણ તેઓ ઇન્દિરાજી સાથે રહ્યા હતા.

ઇ. ૧૯૭૪માં ઇન્દિરાજીએ એમને કેન્દ્રમાં સંચારખાતાનું પ્રધાનપદ આપેલું. ૧૯૭૭માં કૉંગ્રેસે સત્તા ખોઈ તે પછી છઠ્ઠી લોકસભા માટે તેઓ ચૂંટણી લડવાથી દૂર રહેલા. પરંતુ ઇન્દિરાજીની નજર એમના ઉપર હતી જ એટલે સાતમી લોકભાની ચૂંટણી લડીને તેઓ ૧૯૮૦ થી '૮૪ સુધી લોકસભાના સભ્ય રહેલા.

આ અરસામાં આંધ્રપ્રદેશના ત્યારના રાજયપાલે રાજ્યમાં મુસીબત ઊભી કરતાં એમને તાત્કાલિક પાછા બોલાવી લઈ ઇન્દિરાજીએ ડૉ. શર્માને આન્ધ્રમાં રાજયપાલ તરીકે મોકલ્યા હતા.

આ પછી પંજાબના રાજયપાલ અર્જુનસિંહને કેન્દ્રના પ્રધાનમંડળમાં લેવાનું થતા એના સ્થાને ડૉ. શર્માને મૂકવામાં આવ્યા અને પછી થોડા જ સમયમાં એમને મહારાષ્ટ્રના રાજયપાલ તરીકે મોકલવામાં આવ્યા. તેઓ મહારાષ્ટ્રમાં હતા ત્યારે ૧૯૮૫માં દિલ્હીમાં આતંકવાદીઓએ એમનાં પુત્રી ગીતાંજલિ તથા જમાઈ લલિત માકનની હત્યા કરી હતી. આ એક કારમો આઘાત હતો. પરંતુ ભારતીય તત્ત્વજ્ઞાન અને ધર્મમાં આસ્થાવાન ડૉ. શર્માએ એ ઘા સહી લીધો એટલું જ નહિ, પરિવારજનોને પણ એમણે પોતાનાં ધૈર્ય અને આશ્વાસનથી બળ આપેલું.

ઇ.સ. ૧૯૮૭ના ઓગસ્ટમાં ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં તેઓ વિના વિરોધ ચૂંટાઈ આવ્યા ત્યાં સુધી તેઓ મહારાષ્ટ્રના રાજ્યપાલ રહેલા.


આમ, જાહેરજીવનમાં સુદીર્ઘ અને ઊજળી કારકિર્દી ધરાવતા ડૉ. શર્મા ગાંધીજીની ચળવળોના કાળથી આજ સુધી ટકી રહેનારા બહુ ઓછામાંના એક છે. પોતાની રાજકીય કારકિર્દીની ધીરી અને ચોક્કસ પ્રગતિ સાધતા જઈ દરેક સ્થાનને એ શોભવતા રહ્યા છે. વિદ્વાન અને રાજપુરુષ એમ બંનેનો એમનામાં સુંદર સંયોગ થએલો છે. સાંસ્કૃતિક બાબતો અને ફિલસૂફીમાં એમને ઊંડો રસ છે. પશ્ચિમી સંસ્કૃતિમાં લાંબો સમય રહી આવ્યા છતાં ભારતીય સંસ્કૃતિના દૃઢ સંસ્કારોથી વિભૂષિત તેઓ ધીરગંભીર, સ્વસ્થ, તટસ્થ અને યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા ધરાવે છે. આજના વડાપ્રધાન જેટલી તો નહિ, છતાં દેશની બોલાતી અર્ધો ડઝન જેટલી ભાષાના એ જાણકાર હોઈ એમના વક્તવ્યમાં અવારનવાર કુરાન, બાઈબલ અને થીરુવલ્લુવરના તમીળ ગીતા જેવા થીરુકુરાણ જેવ ગ્રંથોનાં અવતરણો ટાંકતાં રહે છે. તાજેતરમાં ગુજરાતમાં આવેલા ત્યારે નરસિંહ અને દયારામ જેવા ગુજરાતી કવિઓનાં કથનને પણ તેઓએ બહુ સ્વાભાવિકતાથી ટાંક્યાં હતાં. અંગ્રેજી, હિંદી, ઉર્દૂ અને સંસ્કૃતના તથા ફારસી-અરબીના પણ તેઓ જાણકાર છે. મુસ્લિમ પર્સનલ લૉનો તો તેમણે ખાસ અભ્યાસ કરેલો છે.

રાજ્યસભામાં અવારનવાર ઉછાળા મારતા રહેતા યુવાન સંસદસભ્યોના તોફાન-તરખાટ વખતે આંખોમાં પાણી ઉભરાઈ આવે એટલી સરળતા અને નિષ્ઠાવાળા ડૉ. શર્મા પ્રધાનો અને મોખરાની હરોળના સંસદસભ્યોનો ઉધડો પણ લઈ શકે છે. એક પ્રસંગે કૉંગ્રેસના સર્વોચ્ચ નેતા રાજીવ ગાંધીને પણ એમણે પોતાને સ્થાને અન્ય વ્યક્તિને શોધી લેવા જણાવી દીધું હતું. આનું કારણ, સ્થાનનું નહિ, પણ એમને માટે ગૃહના ગૌરવનું વધારે મહત્ત્વ હતું. ભારતને શાંતિ, એખલાસ, સમૃદ્ધિ અને સામાજિક ન્યાયની ભૂમિ તરીકે તેમજ માનવજાતના વધારે સારા ભાવિના નિર્માણમાં યોગ્ય યોગદાન આપનાર દેશ તરીકે જોવાની એમની આકાંક્ષા છે.

એમની વૃત્તિ ધાર્મિક અને આસ્થાવાન હોઈ તેઓ નિયમિત પૂજાપાઠ કરવા ઉપરાંત અવારનવાર તિરૂપતિ બાલાજીનાં દર્શને પણ જાય છે અને ત્યાંના ક્રિયાવિધિ પણ કરાવે છે. પિતાની પેઠે ભગવાન શંકરના એ પરમ ભક્ત છે. પોતાના જન્મ દિવસે શિવજીનો મહાભિષેક પણ તેઓ કરાવતાં અને ત્યારે સવારથી સાંજ સુધી પૂજાપાઠ કરતા.

રાજકારણ સાથે સંકળાયેલા હોવા છતાં તેના કાવાદાવા અને ખટપટોથી તેઓ અલિપ્ત જ રહ્યા છે. આવા સંતસ્વભાવી વિદ્વાન, કાયદાના અભ્યાસી અને ભારતીય મૂલ્યોના પુરસ્કર્તા પીઢ અનુભવી તટસ્થ રાષ્ટ્રપ્રમુખના હાથમાં દેશનું ભાવિ અનેક નવી શ્રદ્ધા પ્રેરે તેવું હોઈ આપણે એમને અભિનંદીએ અને આવકારીએ. □

વિજ્ઞાનના વિવિધ વિષયોને સરળ અને રસળતી શૈલીમાં લોકભોગ્ય બનાવનાર બહુઆયામી અને બહુશ્રુત લેખક



વિજયગુપ્ત મૌર્ય

· ડૉ. સુશ્રુત પટેલ ·

શુક્રવાર ૧૦મી જુલાઈ, ૧૯૯૨. સવારના ૯.૩૦નો સુમાર. જ્યાં (૧૩૬/૧૩૭, આઝાદ સોસાયટી, રત્ના એપાર્ટમેન્ટ્સ, આંબાવાડી, અમદાવાદ-૧૫) છેલ્લે હજી તો એકાદ મહિના પહેલાં જ જવાનું બન્યું હતું એ જ ફ્લેટનો એક ઓરડો. પણ એમાં હવે પલંગ ન હતો; ટેબલ ન હતું. એકેય સામયિક ન હતું. એકેય પુસ્તક ન હતું. 'જે દિવસે હું કશું પણ નવું નથી જાણી શકતો એને મારા જીવનનો વ્યર્થ ગયેલો દિવસ માનું છું' - એવું કહેનાર વિદ્યાનુરાગી, પોતાની હયાતીમાં જ પત્રકારત્વની 'લિજેંડ' બની જનાર વિજ્ઞાનના વાચસ્પતિનો દેહ ભોંય પર સાવચેતીથી સુવડાવેલો હતો. થોડા દિવસ પહેલાંનો હૉસ્પિટલનો એક પ્રસંગ મને અનાયસ યાદ આવી ગયો. એમના ડાબા પગના થાપાનું હાડકું ભાંગ્યું હતું અને ઑપરેશન બાદ એ થોડા અસ્વસ્થ હતા. ખડેપગે શુશ્રૂષામાં વ્યસ્ત પુત્રવધૂ દક્ષાબહેનને ઊંચે જીવે કાંઈ પૂછપરછ કરી રહ્યાં હતાં. એ સમયે નગેન્દ્રભાઈએ કહ્યું હતું : 'બાપુજીને રાજકારણની કોઈ નવી વાત કરો પછી જુઓ. એ હમણાં જ આંખો ખોલશે !' કાશ! ૧૦મી જુલાઈએ આવું થઈ શક્યું હોત !

વિજયશંકર મુરારજી વાસુ એ એમનું મૂળ નામ. એટલે જ પત્રકારોમાં 'વાસુભાઈ' નામ પરિચિત. પણ એ નામની સાથે 'વિજયગુપ્ત મૌર્ય' તખલ્લુસ જોડો એટલે એક ચમત્કાર સર્જાશે. સમુદ્રી કથાઓ, યુદ્ધકથાઓ, પ્રવાસકથાઓ, પ્રાણીકથાઓ, શિકારકથાઓ, સમુદ્રની અજાયબીઓ, સર્કસનાં સાહસો, ભૂગોળકથાઓ, ભૂસ્તરકથાઓ, ખગોળકથાઓ, અદ્યતન શાસ્ત્રો, અવકાશ-વિજ્ઞાનની કથાઓ, અણુવિજ્ઞાનની કથાઓ અને એમ થોકબંધ જ્ઞાનકથાઓની એક લાંબી વણઝાર ચાલશે. છેલ્લી અનેક પેઢીઓને રસાળ શૈલીથી ચકનાચૂર કરનાર કલમજીવી 'જીવંત એનસાયક્લોપીડિયા' એટલે વાસુભાઈ.

હજુ થોડા મહિના પહેલાં જ અવસાન પામેલા આઈઝેક આસિમોવના પ્રત્યાઘાત જાણવા માટે એમને પૂછ્યું, ત્યારે એમણે કહેલું કે લોકભોગ્ય વિજ્ઞાન એટલે શું તે આસિમોવે શીખવ્યું. વિજયભાઈ માટે પણ આ કેટલું બધું સાચું છે!

જીવનના છ દાયકા કરતાં પણ વધુ સમયથી એમણે સતત લેખન કર્યું છે. 'કુમાર', 'પ્રસ્થાન', 'નવચેતન', 'સમર્પણ', 'નવનીત-સમર્પણ', 'ચિત્રલેખા', 'બીજ', 'વિજ્ઞાન-દર્શન', 'સ્કોપ', 'જન્મભૂમિ-પ્રવાસી', 'મુંબઈ સમાચાર', 'જનશક્તિ', 'ફૂલછાબ' વગેરે જેવાં સામયિકો-દૈનિકોમાં એમણે વિજયગુપ્ત મૌર્ય ઉપરાંત, ઈન્દ્રધનુ, કૌટિલ્ય, પંડિત કૌશિક શર્મા, ચાણક્ય, બૃહસ્પતિ, મુક્તાનંદ, વિજયતુંગ, ગોસ્વામી વિજયરાયજી, હિમાચલ વગેરે જેવાં અંદાજે ૧૭થી પણ વધુ ઉપનામોથી પોતાની પ્રતિભાવંત કલમ વડે ગુજરાતી વાચકોને વિવિધ વિષયોના જ્ઞાનની દિશાઓ ઉઘાડી આપવાનો જે પ્રચંડ પુરુષાર્થ કર્યો છે તે દાદ માગી લે તેવો છે.

એમની સાહિત્યિકયાત્રા 'કુમાર'થી ચાલુ થઈ હતી. એ વખતે એમની વય હશે ૧૭-૧૮ વર્ષની. શાળામાં અભ્યાસ ચાલુ હતો. એ લેખ બ્રિટન અને જર્મની વચ્ચે થયેલા એક નૌકાયુદ્ધ સંબંધી હતો. એ કાળે સામયિકો ભાગ્યે જ કંઈ પુરસ્કાર આપતા. પણ 'કુમાર' એમાં અપવાદ હતું. એ પછી એક બીજો લેખ અને ત્યાર પછી અનેક લેખો 'કુમાર' માટે એમણે લખ્યા હતા. વિજયભાઈ કહેતા કે એ કાળે 'કુમાર'નો પુરસ્કાર કદાચ ઓછો હશે, પરંતુ 'કુમાર'ની પ્રતિષ્ઠા એવી કે લેખકો એના પુરસ્કાર સામે ભાગ્યે જ જોતા.

એ પછી એમણે રામનારાયણ પાઠકના તંત્રીપણા નીચે પ્રસિદ્ધ થતા 'પ્રસ્થાન' માસિકમાં પણ લખવાનો આરંભ કર્યો. પાઠકસાહેબ નિવૃત્ત થતા એમને સ્થાને શ્રી રણછોડજી મિસ્ત્રી આવ્યા. (શ્રી મિસ્ત્રી આવેલા લેખોને પલંગમાં ગાદલાની નીચે જાળવીને મૂકતા એ મને આજે પણ દેખાય છે.) એમણે વિવિધ વિષયો પર પુસ્તકો પ્રસિદ્ધ કરવાની એક યોજના કરી. અલબત્ત, લેખકોને પુરસ્કાર આપી ન શકવાની બાબત જાહેરાતમાં સ્પષ્ટ હતી. એ કાળ ૧૯૩૫ થી ૧૯૩૯ની વચ્ચેનો હતો. વિજયભાઈએ આને અનુલક્ષીને 'પ્રિન્સ બિસ્માર્ક'ના ભાતીગળ જીવન પર એક નાનું પુસ્તક લખી આપ્યું. આ એમનું પ્રસિદ્ધ થયેલું સર્વપ્રથમ પુસ્તક.



'ગુજરાત પ્રકૃતિ મંડળ' અને તેના મુખપત્ર 'પ્રકૃતિ'ના આદ્યસ્થાપક એવા શ્રી હરિનારાયણ આચાર્યના વિજયગુપ્ત મૌર્ય પરમ ચાહક. 'પ્રકૃતિ'માં એ કાળે ગુજરાતનાં બગલાં પર એક લેખશ્રેણી વિજયભાઈએ પોતાના મૂળ નામે લખી હતી. એ કાળે તેઓ વિજયશંકર મુ. વાસુ અને ક્યારેક પાછળ એડવોકેટ એવું પણ લખતા. 'પ્રકૃતિ'માં એમણે કાઠિયાવાડના રણપ્રદેશ તથા ત્યાંનાં વનસ્પતિ અને પ્રાણીજીવન અંગેનો એક લેખ, દેડકાનું સ્વજાતિ ભક્ષણ વગેરે જેવા વિષયો પર ઠીકઠીક લેખો લખ્યા હતા. 'નવચેતન'માં એના પ્રત્યેક દિવાળી અંકમાં પણ એકાદ સમુદ્રકથા એમની આવતી હોવાનું સ્મરણ છે. 'અખંડ-આનંદ'માં તો વર્ષો સુધી 'જ્ઞાન-ગોષ્ઠી' વિભાગમાં એમણે જાતભાતના સવાલોના જવાબો પોતાની આગવી પદ્ધતિથી આપ્યા છે. ક્યારેક તો એવું પણ બન્યું હતું કે વિજયભાઈ કોઈ કારણસર આ વિભાગ માટે લખાણ મોકલી શક્યા ન હોય ત્યારે એ ન આવે ત્યાં સુધી અંક છાપવા માટે રોકી રાખ્યો હોય ! આ લોકપ્રિય વિભાગમાંથી ચૂંટેલા પ્રશ્નોના ઉત્તરો ટૂંક સમયમાં પુસ્તકાકારે આવી રહ્યા છે. 'કુમાર', 'પ્રકૃતિ' તથા અન્ય સામયિકોમાં પ્રકટ થયેલા એમના લેખો પણ ગ્રંથસ્થ થાય એ જોવું જોઈએ.

વિજયભાઈનો જન્મ ૧૯૦૯ના માર્ચની ૨૬મીએ પોરબંદરમાં થયેલો. મૂળે પુષ્કર્ણા બ્રાહ્મણ. પિતા મુરારજીભાઈ અને માતાનું નામ મોતીબાઈ. બંને અત્યંત ધાર્મિક. પિતાને ફરસાણની દુકાન. પણ સંતોષી અને મહેનતુ. એ કાળે રોજની આવક હશે પચ્ચીસેક રૂપિયા. આટલું થાય એટલે બાકીનો અર્ધો દિવસ દેવદર્શન, કથાશ્રવણ અને ભજનમાં વ્યતીત કરે.

વિજયભાઈનું પ્રાથમિક શિક્ષણ પોરબંદરની મિડલ સ્કૂલમાં, માધ્યમિક શિક્ષણ ત્યાંની જ ભાવસિંહજી હાઈ સ્કૂલમાં. બાળપણથી જ ગાઢ જંગલો, કોતરો, ગુફાઓ અને ડુંગરા જોવાનો નાદ લાગેલો. આ રખડપટ્ટી પિતરાઈ ભાઈ લાલજી કાળિદાસ વાસુની પાકી ભાગીદારીમાં. બંને જણા પ્રકૃતિમાં સ્વચ્છંદે વિહરતા, આંખોમાં કુતૂહલ ભરીને. ક્યારેક અવિચારી સાહસ પણ કરી બેસતા. એકાદ વાર તો મોતના મુખમાં જતા માંડ બચેલા! રખડુવેડાને કારણે અંગ્રેજી ત્રીજા અને છઠ્ઠા ધોરણમાં બબ્બે વર્ષો કાઢ્યાં. પણ પછી ભારે પસ્તાવો થયો અને ભણવાનો નિર્ધાર કર્યો અને પાળી બતાવ્યો. રખડપટ્ટી બંધ કરી અને પુસ્તકાલયનો આશરો લીધો. રાજ્યના સમૃદ્ધ પુસ્તકાલયમાં પક્ષીઓ અંગે ઠીકઠીક સાહિત્ય હતું. થયું એમ હતું કે એ કાળે પોરબંદરમાં બ્રિટિશ વહીવટ બે વખત આવી ગયો હતો. એ કાળના બ્રિટિશ અમલદારોએ આથી આવાં સાહિત્યનાં કેટલાંક પુસ્તકો આ ગ્રંથાલયમાં વસાવી આપ્યાં હતાં.

વિજયભાઈને પંખીઓ પ્રત્યે કુતૂહલ છેક બાળપણથી જ. એમાંય પોરબંદર રાજ્યનો પ્રદેશ પણ મદદે આવ્યો. અહીં શરદઋતુમાં યુરોપ અને ઉત્તર એશિયામાંથી યાયાવર પક્ષીઓ સિંધ અને કચ્છમાં થઈને સૌરાષ્ટ્ર ઉપરથી પસાર થતાં અને અહીં વિસામો લેવા ઊતરી આવતાં તો કેટલાંક ત્યાં જ રહી જતાં. આજે પણ આમ બને છે. વિજયભાઈ ઊડતાં પંખીઓને વિસ્મયથી જોઈ રહેતા. વળી, પોરબંદરમાં ગોપીનાથજીની હવેલીમાં તથા સુદામાના મંદિરની પાસેના સુલતાન બાગમાં તથા મામાના ઘરના નાના બગીચામાં ઊડાઊડ કરતાં પંખીઓને વિજયભાઈ મુગ્ધ ભાવે જોયા કરે. ઓળખાણ કશી પડે નહીં. એના પ્રયત્નો ચાલ્યા કરે. એ વખતે તે હાઈ સ્કૂલમાં હતા. સ્ટેટ લાયબ્રેરીના મથુરદાસ થાનકી નામના ગ્રંથપાલે એમની મૂંઝવણ પારખી જઈને, પુસ્તકાલયમાંથી પંખીઓ અંગેનું અંગ્રેજી સાહિત્ય કાઢી આપ્યું. રંગીન ચિત્રોથી સજ્જ આ દળદાર ગ્રંથોએ વિજયભાઈ માટે જ્ઞાનની નવી ક્ષિતિજો ખુલ્લી કરી આપી. વળી, બ્રિટિશ અમલદારો પૈકી કોઈક મુંબઈસ્થિત 'બૉમ્બે નેચરલ હિસ્ટરિ સોસાયટી'ના સભ્ય હશે એટલે એના જર્નલના બે અંક પણ આ લાયબ્રેરીમાં હતા. આ જર્નલથી વિજયભાઈ એટલા બધા પ્રભાવિત થયા કે એમણે નક્કી કર્યું કે જ્યારે એ કમાતા થશે ત્યારે પહેલું કામ આ સંસ્થાના સભ્ય થવાનું કરશે. એ સમયે સોસાયટીના સભ્યોમાં મુખ્યત્વે અંગ્રેજો હતા. બહુ વર્ષો પછી, નિયમ મુજબ એક અંગ્રેજી સભ્યે વિજયભાઈનું નામ સૂચવ્યું અને તેના આજીવન સભ્ય બની વિજયભાઈએ પોતાની મુરાદ પૂરી કરી હતી.

આ પુસ્તકાલયમાં આવતાં અનેક અંગ્રેજી પુસ્તકો અને અંગ્રેજી અખબારો વાંચવાનો શોખ ત્યારથી જ વિજયભાઈને આજીવન રહ્યો. પ્રથમ વિશ્વયુદ્ધના ઈતિહાસને લગતા ૧૬ ભાગ અંગ્રેજીમાં હતા તે પણ તેમણે વાંચી નાખ્યા. આમ, ભવિષ્યના પ્રખર જ્ઞાન-વિજ્ઞાનના લેખકની જ્ઞાન-જ્યોતની ચિનગારી આ સ્થળે પ્રકટી. શાળાના હેડમાસ્તર માર્કસ કરીને એક પારસી સદ્‌ગૃહસ્થ હતા. એ તો એમનાથી એટલા બધા ખુશ હતા કે વિજયભાઈને તેમણે 'લિવિંગ ડિક્શનરી'નું બિરુદ આપેલું !

૧૯૨૯માં મેટ્રિક પાસ થયા પછી શું કરવું તેની મથામણ બાદ પિતાના ન્યાયાધીશ દરજ્જાના એક મિત્રની સલાહથી હાઈ કોર્ટ પ્લીડર બનવાનો નિર્ણય લીધો. આ માટે મુંબઈ ગયા, જ્યાં તેમના માસીના દીકરા કેશવલાલ વૈદ્યને ત્યાં રહીને અભ્યાસ કર્યો, અને મુંબઈ યુનિવર્સિટીમાંથી એડવોકેટ થયા. આ અરસામાં એમનાં બહેન-બનેવીએ એમનાં લગ્ન કર્યાં - વસંતલીલાબહેન સાથે. વધેલી જવાબદારી, આર્થિક ફિકર, સત્યાગ્રહની લડતમાં જોડાતા મોટાભાઈનો જેલવાસ વગેરેને કારણે વતનમાં એકલા પડી ગએલાં માતાપિતાની ચિંતાથી વિજયભાઈ પોરબંદર પાછા ફર્યા, અને ત્યાં જ ૧૯૩૩માં વકીલાત શરૂ કરી. પણ ઓછાબોલા, ન્યાયની તરફેણ કરનારા અને કેસ મેળવવા દલાલી આપવા પ્રત્યે અણગમો ધરવતા વિજયભાઈ

વકીલાતની જાણકારી હોવા છતાંય બહુ સફળ ન થયા. એવામાં ત્રિભોવનદાસ રાજા પોરબંદરના દીવાન થયા. એમના પુત્ર શાંતિકુમાર રાજા બૅરિસ્ટર થઈને આવ્યા હતા. એમની અને વિજયભાઈની દોસ્તી બંધાઈ એટલે દીવાન-સાહેબની ભલામણથી મહારાજાએ વિજયભાઈની દીવાની તથા ફોજદારી ન્યાયાધીશ (મુન્સફ) તરીકે નિમણૂક કરી. આમ, ૧૯૩૭થી ચાર વર્ષ તેઓ આ પદ પર રહ્યા અને એ દરમિયાન પોરબંદર રાજ્યના નવીબંદર, રાણાવાવ અને બગવદરમાં તેમ જ થોડો સમય પોરબંદરમાં કામ કર્યું. પણ અહીં પણ રાજ્યની ખટપટોથી કંટાળી આખરે ૧૯૪૦માં એમણે રાજીનામું આપ્યું. પણ આ સમય દરમિયાન એક ફાયદો એ થયો કે આ ત્રણેય પ્રદેશોની પ્રાકૃતિક તાસીર ભિન્ન હોવાથી એ ત્રણેયનો પ્રાકૃતિક અભ્યાસ થઈ શક્યો. નવીબંદર જતાં વેરાન રસ્તામાં યાયાવર પંખીઓ તથા સુરખાબ જેવાં પંખીઓના અભ્યાસની અનેરી તક સાંપડી. એ વખતે તો એમણે ઘરમાં પણ કેટલાંક પક્ષીઓ પાળેલાં. આ કાળ દરમિયાન એ જાતભાતનાં જળાશયો, ખેતરો, ડુંગરા, જંગલો, રણપ્રદેશ વગેરેમાં ખૂબ ઘૂમી વળ્યા. પાછળથી પ્રકૃતિ અંગેના થોકબંધ પુસ્તકો લખવામાં આ અનુભવ એમને કામ આવ્યો.

મુન્સફ તરીકે રાજીનામું આપ્યા બાદ ફરી પાછા પોરબંદરમાં વકીલાત શરૂ કરી. પણ સ્વરાજ્યપ્રાપ્તિનાં આંદોલનોમાં મોટાભાઈ જોડાયા હોવાથી, અને પોતે પણ કાંઈક સક્રિય હોવાથી રાજકીય કારણોસર પોરબંદર છોડવું પડ્યું; કહો કે છોડીને ભાગવું પડ્યું ! એ પછી રાજકોટમાં નવેક માસ એક મિત્ર સાથે પેટ્રોલિયમના ધંધામાં પણ કામ કર્યું. આખરે, નાનાભાઈ ભાઈશંકર અને બનેવીના નિમંત્રણથી મુંબઈ જઈને વસ્યા. પહેલાં થોડો સમય મૂળજી જેઠા માર્કેટમાં લાલજી દયાળની પેઢીમાં કલાર્ક તરીકે જોડાયા. પેઢીના શેઠનું નામ ગોરધનદાસ. એમની ઉદારતા વિજયભાઈ ઘણીવાર સંભારતા. આ પેઢીમાં એમને માટે ખાસ ફર્નિચરરૂપે ખુરશી-ટેબલ વસાવવામાં આવ્યાં અને ધોતિયું, ડગલો ખાદીની ટોપી પહેરીને વિજયભાઈએ જવાબદારી ઉપાડી. મુખ્યત્વે આયાત-નિકાસના કાગળો તૈયાર કરવા ઉપરાંત પત્રવ્યવહારની જવાબદારી પણ એમણે નિભાવી. કામ ન હોય ત્યારે લેખન-પ્રવૃત્તિ પણ ચાલુ જ હતી. અહીં લગભગ બે વર્ષ સુખેથી કામ કર્યું, પણ પછી લાગ્યું કે જે કામમાં ઝાઝો રસ ન હોય તેમાં આગળ વધી શકાશે નહિ. એવામાં આપણા જાણીતા સાહિત્યકાર શ્રી ગુલાબદાસ બ્રોકરના વધુ પરિચયમાં આવવાનું બન્યું. મૂળે તો બ્રોકર પોરબંદરના અને વિજયભાઈના મોટાભાઈના પણ મિત્ર. વિજયભાઈના મનની સ્થિતિ જાણી એ તેમને 'જન્મભૂમિ'માં લઈ ગયા, જ્યાં તેના તંત્રી શ્રી મોહનલાલ મહેતા (સોપાન) સાથે મુલાકાત કરાવી આપી. 'કુમાર', 'પ્રસ્થાન' વગેરેમાં સારું લખતા હોવાનું બ્રોકરે કહ્યા ઉપરાંત વિજયભાઈને પક્ષીઓ અંગે સારી જાણકારી હોવાની વાત પણ કરી. એ સાંભળી 'સોપાન'ની આંખોમાં ચમકારો થયો અને પક્ષીઓ વિષે લખવાનું આમંત્રણ આપ્યું. વિજયભાઈએ બે દિવસ બાદ એક લેખ મોકલ્યો, છપાયો અને એને સારો આવકાર પણ સાંપડ્યો. પછી તો પક્ષી અંગેના બીજા લેખો પણ લખાયા. 'જન્મભૂમિ'ના સવારના દૈનિક 'નૂતન ગુજરાત'માં પણ એમના લેખો છપાતા. પછી આંતરરાષ્ટ્રિય રાજકારણ ઉપર લખવા માંડ્યું અને ક્યારેક તો તંત્રીલેખો પણ લખવા માંડ્યા. આખરે, ૧૯૪૪ થી 'પ્રવાસી' સાથે જોડાયા અને એના છેલ્લા પાનાનું સંપાદન એમને સોંપાયું, ત્યારથી એમણે લેખનક્ષેત્રે પાછું વળીને કયારેય જોયું નથી. 'પ્રવાસી' સાથે એ લગભગ ૨૫ વર્ષથી વધુ સમય સુધી જોડાયેલા રહ્યા.

પક્ષીઓની જેમ સમુદ્રવિજ્ઞાનનો પણ વિજયભાઈએ ઠીકઠીક અભ્યાસ કર્યો હતો. વળી, હિંદી મહાસાગરમાં ભારતીય નૌકાદળની કવાયતોમાં પત્રકારની હેસિયતથી સામેલ થવાની એકથી વધુ તક પણ એમને મળી હતી. પહેલી સફર ૧૧ દિવસની અરબી સમુદ્રમાં હતી,બીજી એક મહિનાની હિંદી મહાસાગરમાં હતી, જેમાં ભારતીય નૌકદળનાં જહાજો આફ્રિકાની સફરે ગયાં હતાં. એ ઉપરાંત અન્ય સફરો - લગભગ ચારેક જેટલી, એકેક દિવસની હતી. આ સઘળી સફરો દરમિયાન દરિયાઈ પંખીઓ, સમુદ્રવિજ્ઞાન તથા સંરક્ષણ સંબંધી વિજયભાઈના લગાવ અને જ્ઞાનને કારણે નૌકાદળના અફસરોમાં તેઓ સારા એવા માનીતા થઈ ગયા હતા.

શ્રી હરિનારાયણ આચાર્ય (વનેચર), અમદાવાદના પ્રાણીબાગના સર્જક રૂબીન ડૅવિડ અને ભાવનગરના શ્રી પ્રદ્યુમ્નભાઈ દેસાઈ ઉપરાંત ખ્યાતનામ પક્ષીવિશારદ સાલિમ અલી સાથે વિજયભાઈને અંગત સંબંધો હતા. એવી જ રીતે, ડૉ. છોટુભાઈ સુથાર અને 'જન્મભૂમિ'ના તંત્રી શ્રી મનુભાઈ મહેતા સાથે પણ તેમને સારો એવો ઘરોબો હતો. ખગોળમાં શ્રી છોટુભાઈ ને શ્રી મનુભાઈનું માર્ગદર્શન મળ્યાનું પણ વિજયભાઈએ કહ્યું છે: 'હું કોઈ વિષયનો નિષ્ણાત છું એમ માનતો નથી. હું આજીવન વિદ્યાર્થી રહ્યો છું. આજે પણ વિદ્યાર્થી છું' - એવું નમ્રભાવે કહેનાર વિજયભાઈ, સ્વ. મનુભાઈ અને ડૉ. છોટુભાઈ જેવી સ્મરણીય જ્ઞાન-ત્રિમૂર્તિને ૧૯૮૫માં મેં મારું એક પુસ્તક અર્પણ કરેલું, તેનું પણ સ્મરણ થાય છે.

થોડું એમની કૃતિઓ અંગે. મૌલિક પુસ્તકો, પુસ્તિકાઓ, ભાષાંતરો વગેરે બધું મળીને અંદાજે પોણોસોથી પણ વધુ પુસ્તકોનો ફાલ એમની કલમે ઊતર્યો છે. બાળસાહિત્યમાં એમનો ફાળો અમૂલ્ય છે. બાળકોને નિબંધાત્મક વર્ણન કરતાં કથાત્મક વર્ણન વધુ ગમે છે એવું તે કહેતા. નિર્દોષ આનંદ અને રોમાંચ સાથે જ્ઞાન આપે તેવું સાહિત્ય નહિ મળે તો બાળકો હલકા વાચન તરફ વળશે એવું તે દૃઢપણે માનતા. આથી જ્ઞાન સાથે ગમ્મત આપે તથા પ્રેરક અને માર્ગદર્શક બની રહે તેવાં અનેક પુસ્તકો એમણે આપ્યાં છે. જેમ કે "જંગલની કેડી" (૧૯૫૩), "મોતનો સામનો" (૧૯૫૪), "શિકાર અને શિકારી" (૧૯૫૪), "શિકારીની તરાપ" (૧૯૫૮), "અઘોરીનો દીપડો અને બીજી વાતો" (૧૯૬૧), "કપિનાં પરાક્રમો" (૧૯૬૨), "શેરખાન", "હાથીના ટોળામાં" (૧૯૬૩), જેવી પ્રાણીકથાઓ તથા "એક હતી મેના", "જંગલીઓના પ્રદેશમાં" (૧૯૮૯), "સમુદ્રની સાહસકથા" (૧૯૯૧) વગેરે જેવાં પ્રવાસની વાતોનાં પુસ્તકો આનાં ઉદાહરણ છે.

"જિંદગી જિંદગી" (૧૯૭૭) જેવી જુગુપ્સાભરી સત્ય ઘટનાઓથી ભરેલી રોમાંચક કથા વાંચતા વિજયભાઈની સાહિત્યકાર તરીકેની પ્રતિભા ઊપસી આવે છે. "ઝગમગતું ઝવેરાત" (૧૯૮૮), "સરકસ ડૉકટરનાં રોમાંચક સાહસો"

(૧૯૮૩) તેમજ "ગોકુળથી અણુબોમ્બ" (૧૯૮૬) જેવી કૃતિઓ પણ એમણે આપી છે. આ છેલ્લું પુસ્તક પુરાણાં તથા આધુનિક શસ્ત્રો વિશે સચિત્ર માહિતી આપી છે.

રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય રાજકારણમાં તેમના રસની સાબિતી એમની "નવનીત-સમર્પણ" કે "ચિત્રલેખા"માં ચાલતી કટારો ઉપરાંત "કાશ્મીરનું અગ્નિસ્નાન" અને "કચ્છથી કાશ્મીર સુધી લડી જાણ્યું જવાનોએ" જેવાં પુસ્તકો આપી રહે છે. આ બંને પુસ્તકોમાં તેમણે પાકિસ્તાનનાં બે આક્રમણોની કથા કહી છે. રાજકીય લખાણોમાં ઈતિહાસનું અને ભૂગોળનું અપાર જ્ઞાન અને એમાં સોનામાં સુગંધ ભળે તેમ વિજ્ઞાનની પાયાની જાણકારી વિજયભાઈનો રાજકારણના સમીક્ષક તરીકે જુદો ચીલો દર્શાવી આપે છે. "ચિત્રલેખા" પત્રે શ્રી વિજયભાઈને ખાસ "શ્રી વજુકોટક ચંદ્રક" આપીને અમદાવાદ ખાતે એક વિશિષ્ઠ સમારંભ પણ પ્રયોજ્યો હતો, તે તો મુખ્યત્વે એમની રાજકીય સમીક્ષાઓને અનુસંધાને, પણ એક વરિષ્ઠ પત્રકાર તરીકેનું આ એમનું બહુમાન યોગ્ય જ હતું.

"આ છે રશિયા" નામના પુસ્તક માટે ૧૯૭૦માં એમને સોવિયત લેન્ડ નેહરુ પારિતોષિક પણ મળ્યું હતું. "પૃથ્વીદર્શન" (૧૯૬૮) નામનો એમનો જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીનો બીજો ભાગ એક ઉત્તમ સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગી થઈ પડે તેવો બન્યો છે. આવું એક બીજું પુસ્તક "હવામાનનું જ્ઞાન શા માટે ?" (૧૯૭૩) છે. આપણા એક અચ્છા હવામાન-શાસ્ત્રી સ્વ. ડૉ. બી.એન. દેસાઈ સાથે મળીને એમણે આ પુસ્ક લખ્યું છે, જેમાં હવામાનને લગતાં સારા એવા નવા ગુજરાતી પર્યાયો પ્રયોજ્યા છે. આવું જ "સમુદ્રની અજાયબ જીવસૃષ્ટિ" (૧૯૯૯)માં બન્યું છે. કેટલાંક જળચરો માટે ગુજરાતી પર્યાય ઉપલબ્ધ નથી. આવાં કેટલાંકનાં નામો તો નાનપણમાં માછીઓ અને ખારવાઓ પાસેથી તેમણે સાંભળ્યાં હતાં તેનો આમાં ઉપયોગ કરીને ગુજરાતી ભાષાને વધુ સમૃદ્ધ કરી છે.

અહીં એમનાં ત્રણેક પુસ્તકોનો ઉલ્લેખ કરવો જોઈએ. એક છે "ગાલાપાગોસ" (૧૯૮૮). એમાં એકપણ ચિત્રનો અભાવ ખટકે છે, તેમ છતાંય ઉત્ક્રાંતિની કથા એમાં બહુ ખૂબીથી વાર્તાસ્વરૂપે વણી લેવામાં આવી છે. આ પુસ્તકને ૧૯૮૮-૮૯નાં વર્ષનું ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ઉત્તમ વિજ્ઞાન-સાહિત્ય સર્જવા બદલ શ્રી બી.એન. માંકડનું પ્રથમ પારિતોષિક એનાયત થયું હતું.

બીજું પુસ્તક "કીમિયાગર કબીર" (૧૯૫૭) છે. એ લખવાની ચીમકી આપનાર શ્રી ભોગીલાલ ગાંધી છે. યાન લારી નામના લેખકે "કારિક અને વાલ્યાનાં અજબ સાહસ કર્મો" લખ્યાં હતાં. રશિયન લેખકનું આ પુસ્તક ભોગીભાઈએ વિજયભાઈને લાવીને આપ્યું અને એનું ગુજરાતી કરી આપવાનું કહ્યું, પણ વિજયભાઈએ આ પુસ્તક પરથી એનું ભારતીયકરણ કરીને, પોતાના અનુભવો-નિરીક્ષણો ઉમેરી એક સ્વતંત્ર કૃતિ રચી આપી. આ પુસ્તકમાં કીટ સૃષ્ટિની વાતો કથારૂપમાં આપીને વિજયભાઈએ કમાલ કરી છે. મુંબઈ દિલ્હીના "સાપ્તાહિક હિંદુસ્તાન"માં તથા "લોકમાન્ય"માં એમ [illegible] હિંદી અને મરાઠીમાં એ હપ્તાવાર છપાઈ હતી. પાછળથી મલયાલમમાં પણ આ કૃતિ ઊતરી હતી. અનુવાદિત આ પુસ્તકની હિંદી, મરાઠી અને મલયાલમ આવૃત્તિઓ વિજયભાઈના લેખનની લોકપ્રિયતાની સાબિતી આપી રહે છે.

ત્રીજું ઉત્તમ પુસ્તક એમનું "પ્રકૃતિનાં લાડકવાયાં પંખીઓ" છે. છેક ૧૯૫૦માં પ્રથમ પ્રસિદ્ધ થયેલા આ પુસ્તકની એકાધિક આવૃત્તિઓ થઈ છે એ એની લોકપ્રિયતા સૂચવે છે. એમાં ભલે રંગીન ચિત્રો નથી, પરંતુ એના લખાણની શૈલી અને એમાંની માહિતી અને કેટલાંક પંખીઓના પ્રયોજેલાં ગુજરાતી નવાં નામો એને આ પ્રકારનાં આપણાં અલ્પ પ્રકૃતિ-સાહિત્યમાં ઊંચું સ્થાન બક્ષે છે. આમ પણ, પંખીઓના સંદર્ભે શ્રી વિજયભાઈ મને સાલિમઅલી, શ્રી ધર્મકુમારસિંહજી, શ્રી હરિનારાયણભાઈ વગેરેના કુળની શાખા રૂપે જણાયા છે. આ જ કુળમાં ક્યાંક ડૉ. છોટુભાઈ સુથાર, તો લોકસાહિત્ય-પંખીઓના સંબંધે શ્રી જયમલ પરમાર-નિરંજન વર્મા બિરાજે છે. શ્રી પ્રદ્યુમ્નરાય દેસાઈ, શ્રી લાલસિંહજી રાઓલ વગેરેને પણ આ જ ગોત્રમાં મૂકી શકાય. વિજયભાઈની સિદ્ધિ અંગે નોંધવું જોઈએ કે ગુજરાતી સાહિત્યમાં આટલાં બધાં પક્ષીઓનો પરિચય આપનાર અને જેની એકથી વધુ આવૃત્તિઓ બહાર પડી હોય તેવું આ એક જ પુસ્તક છે.

પુસ્તકો ઉપરાંત તેમણે "ધરની જીવાત", "અવકાશની યાત્રા", "દરિયાની દોલત", "હવા", "ઉપગ્રહો શા માટે છોડાય છે ?", "ઇન્ડોનેશિયા", "ધરતીકંપ", "અન્ય ગ્રહોની યાત્રા", "ચંદ્ર પર ઉતરાણ", "પ્રવાસી પંખીઓ", "પક્ષીઓની નાતજાત" વગેરે નામની ૩૨ પાનાંની પરિચય પુસ્તિકાઓ પણ લખી છે.

અમેરિકાની માહિતી કચેરીએ પણ એમની પાસે વિવિધ વિષયો પરનાં પુસ્તકોનાં ભાષાંતરો કરાવેલાં. તેવી જ રીતે, અન્ય પ્રકાશકોએ પણ આ કામ સોંપેલું. સાલિમ અલી અને લાઈક ફતેહઅલીના "Common Birds"નો ગુજરાતીમાં "આપણાં સામાન્ય પક્ષીઓ" તથા જિમ કોરબેટના "Jim Corbett's India"નો "જિમ કૉરબેટની રોમાંચક શિકારકથાઓ" (૧૯૮૩) જેવા અનુવાદો ઉલ્લેખનીય છે. જૂલે વર્ન સરખા લેખકની "બ્રિટિશ એટ નૉર્થપોલ" જેવી કાલ્પનિક કથાનો "ધ્રુવની સફરે" (૧૯૫૫) નામે પણ એમણે અનુવાદ કર્યો છે, જેમાં વિજયભાઈનાં કેટલાંક પુસ્તકોની જેમ, જાણીતા ચિત્રકાર સ્વ. રવિશંકર પંડિતનાં ચિત્રો પણ જોવા મળે છે.

છેલ્લાં થોડાં વર્ષોથી, લગભગ સાડા પાંચ વર્ષથી, તેઓ અમદાવાદમાં સ્થાયી થયા હતા. છેલ્લાં થોડાં વર્ષોથી પાર્કિન્સન્સ નામના રોગથી એમનું હરવુંફરવું સ્થગિત થઈ ગયું હતું. કાચ- magnifying glass-ની મદદથી વાંચતા હતા અને એ પણ અટકી ગયું ત્યારે વર્તમાનપત્રો, સામયિકો અને પુસ્તકો વંચાવીને સાંભળતા અને એ જ રીતે બોલીને લેખો લખાવતા હતા. એમના બે પુત્રો ભારદ્વાજભાઈ (મોટા) અને નગેન્દ્રભાઈ (નાના) એમને જ ચીલે ચાલી રહ્યા છે. આવા બહુશ્રુત વિદ્વાન, લોકપ્રિય લેખક, મુશ્કેલીઓ વચ્ચે પણ પોતાનો ઇચ્છિત માર્ગ કંડારી લેનાર વિજયભાઈના જવાથી ગુજરાતી સાહિત્યમાં એમના જેવા લેખકની લાંબો સમય ખોટ વર્તાશે. □

મૂર્ખ કંઈ ફુલટાઈમ મૂર્ખ નથી હોતો

વિનોદ ભટ્ટ

મુલ્લા નસરુદ્દીનને તેના એક મિત્રે કોયડો પૂછ્યો : 'મારી મુઠ્ઠીમાં કેટલાં બટન છે તે તું કહી દે તો તને બારેબાર બટન આપી દઉં.' આ સાંભળી નસરુદ્દીને માથું ખંજવાળતાં કહ્યું : 'બહુ અઘરો સવાલ છે મિત્ર, એકાદ ક્લ્યૂ આપ...' મિત્રે ક્લ્યૂ આપી : 'તેનો આકાર ગોળ છે...' 'નથી ખ્યાલ આવતો...' મુલ્લાએ જણાવ્યું, 'બીજી નિશાની આપ...' 'એમાં ચાર કાણાં હોય છે...' નસરુદ્દીને ચપટી વગાડતાં કહ્યું : 'બોલ, સ્કૂટરનું સ્પેર વ્હીલ છે ને !...' આ પ્રકારની રમૂજ વાંચતાં કે સાંભળતાં આપણે ખડખડાટ હસી પડીશું. હૉબ્સના મંતવ્ય પ્રમાણે અન્ય વ્યક્તિઓને હીન-જડ-ડફોળ કે મૂઢ જોઈને પોતાનામાં રહેલી ચડિયાતી શક્તિઓ વિશે ગૌરવની લાગણી અનુભવતાં માણસમાં હાસ્ય પ્રકટે છે. તેની સાથેની તુલનામાં પોતે વધુ હોંશિયાર, ચતુર, કાબેલ ને અક્કલવાળો છે એવા ગુરુભાવથી હસે છે.

બિનસાંપ્રદાયિક રાષ્ટ્રના નાગરિક હોવાને નાતે આપણે કોઈ કોમની વાત નહીં કરીએ, પણ અડવો અને મુલ્લા નસરુદ્દીન મૂર્ખ કોમના પ્રતિનિધિ લેખે વગોવાયા છે. શેખચલ્લી પણ, કિન્તુ આ બધા આપણામાં જ કોઈક ખૂણે લપાઈને બેઠા છે. વત્તેઓછે અંશે આપણે મૂર્ખ હોઈએ છીએ, પણ બીજામાં રહેલ આ ગુણ આપણે સહી શક્તા નથી. પૃથ્વી પરના પ્રથમ પુરુષ આદમથી શરૂ કરીને નજર નાખીશું તો જણાશે કે મૂર્ખાઓ હંમેશાં બહુમતીમાં રહ્યા છે. એટલે જ કેહવાય છે કે મૂર્ખ લોકો મોટા જૂથમાં હોય ત્યારે તેમની કિંમત ઓછી ન આંકવી, ખાસ કરીને લોકશાહીમાં કેટલીકવાર એ લોકો સરકાર રચી શકે એટલી બહુમતી ધરાવતા થઈ જતા હોય છે. ડેમોક્રસીમાં બહુમતીની ઇજજત કરવામાં આવે છે... આપણે આદિપુરુષ બાવા આદમની વાત કરતા હતા. કોઈએક નબળી પળે તેને મૂર્ખાઈ સૂઝી. કવિને કવિતા કરવાની પ્રેરણા થાય એ રીતે આદમને મૂર્ખાઈ કરવાની પ્રેરણા જાગી. ઈશ્વરને તેણે વિનંતી કરી કે તેને એકલાને ગમતું નથી, સમય જાણે અટકી ગયો હોય એમ લાગે છે. ઈશ્વરે તેને સમજાવવા કોશિશ કરી કે અત્યારે તું સમય અટકી ગયાની ફરિયાદ કરે છે, પણ પછી સમય ખરાબ થઈ ગયાની કાયમી ફરિયાદ કરતો થઈ જઈશ. અત્યારે દેવોને પણ ઈર્ષ્યા થાય એટલો તું સુખી છે, શા માટે આત્મહત્યાના માર્ગે જઈ રહ્યો છે ! - પણ આદમ માન્યો નહીં એટલે તેની એક પાંસળી તોડી ઈશ્વરે ઈવનું સર્જન કર્યું. એ જીદનો બદલો તેને સારી પેઠે ચૂકવવો પડ્યો. હવે તેને રોજ શિકારે જવું પડતું, એકને બદલે બે પેટ વળગ્યાં હતાં... એક દિવસ શિકારની શોધમાં તે ઘણે આઘે નીકળી ગયો ને મોડી રાત્રે ઘેર પાછો ફર્યો. ઈવ ટાંપીને બેઠી હતી. આદમ પર તૂટી પડી : 'કઈ સગલી સાથે આટલી રાત સુધી ભટક્તો હતો, સાચું બોલ ?' આદમે તેને ઘણું સમજાવ્યું કે આ પૃથ્વી પર તું એકમાત્ર સ્ત્રી છે. મારી એક પાંસળી તોડીને ભગવાને તને બનાવી છે માટે શંકા મૂકીને સૂઈ જા. પણ માને તોને ! - થાકીને આદમ સૂઈ ગયો. ભરઊંઘમાં ગલીપચી થવાને કારણે તેની આંખ ખૂલી ગઈ. તેણે જોયું તો ઈવ તેની બાજુમાં બેસીને તેની પાંસળીઓ ગણતી હતી. એકથી વધારે તો ઓછી નથી થઈને ! આદમ ખડખડાટ હસી પડ્યો, પોતાની મૂર્ખતા પર !

દરેક માણસ રોજ ઓછામાં ઓછી પાંચેક મિનિટ તો મૂર્ખ હોય જ છે. સ્ત્રી દરરોજ અરીસામાં પોતાનું રૂપ શોધે છે ને પુરુષ મૂર્ખાઈ. કદાચ એટલે જ કહેવાયું હશે કે પોતાને મૂર્ખ જોવા ન ઇચ્છનારે અરીસો ફોડી નાખવો જોઈએ. હાલતાં ને ચાલતાં માણસ મૂર્ખાઈ કરતો હોય છે, પણ તેણે જ કરી છે તે મૂર્ખાઈ છે એનું ભાન તે વખતે તેને હોતું નથી. જેને ખબર પડી જતી હોય કે તે જે કરી રહ્યો છે તે મૂર્ખાઈ ગણાશે તો તે સાચો મૂર્ખ નથી. સાચો, નિર્ભેળ, આઈ.એસ.આઈ. માર્કાનો મૂર્ખ પોતાની મૂર્ખતા અંગે તદ્દન અજાણ હોય છે.

મૂઢ માણસ મોટી વયે મહાન થયો હોય એવા અગણિત કિસ્સાઓ આપણી આંખ સામે પડેલા છે. એમાં સૌથી વધુ આંખવગો કિસ્સો તે કવિ કાલિદાસ. તેણે આત્મકથા તો નથી લખી, પણ તેની જીવનકથામાં કહેવાયું છે કે તે નાનો હતો ત્યારે ઝાડની જે ડાળ પર તે બેઠો હતો એ જ ડાળ કુહાડીથી કાપતો હતો. (જો કે એ વખતે ગુરુત્વાકર્ષણનો નિયમ શોધાયો નહોતો.) કાલિદાસ જે નાની ઉંમરે કરતો તે આપણામાંના ઘણા મોટી ઉંમરે કરે છે. 'વૉર એન્ડ પીસ' ના સર્જક તૉલ્સ્તોય પોતે પંખીની જેમ ઊડી શકે છે એવું સતત માન્યા કરતા ને 'આજે તો થઈ જાય' એવા નિર્ણય સાથે તેમણે ઊડી જોવા ૮૦ ફુટ ઊંચેથી પડતું મૂક્યું, પણ બાગમાંનાં ફૂલોના ઢગલા પર પડ્યા એટલે તે બચી ગયા. કહેવાય છે કે આ બનાવ પછી તેમણે 'આવું કેમ સૂઝ્યું ?' નામનું પુસ્તક પણ લખ્યું હતું. મહાન માણસોએ જીવનમાં મૂર્ખાઈભર્યું કોઈ કામ કર્યું છે કે નહીં એ જાણવામાં લોકોને રસ પડે છે, અને મૂર્ખ લોકો મહાન માણસોના એ મૂર્ખાઈભર્યા કાર્યમાંથી બોધપાઠ લેવાને બદલે આશ્વાસન લે છે - મુખ્ય વાત એટલી જ છે કે કંઈક લે છે તો ખરા જ...

મૂર્ખની વ્યાખ્યા આપતાં એક ડાહ્યા માણસે કહ્યું છે કે મૂર્ખ એટલે એવો માણસ કે જે મૂરખાઓ આગળ શાણો દેખાવા ઇચ્છે છે ને શાણાઓ આગળ મૂર્ખ વરતાય છે. દરેક માણસ એકસાથે મૂર્ખ અને ડાહ્યો બન્ને હોય છે - અલબત્ત, જુદા જુદા માણસો આગળ. કોઈ પણ માણસ તેની મા માનતી હોય એટલો ડાહ્યો નથી હોતો ને સાસુ માનતી હોય એટલો મૂર્ખ નથી હોતો - પોતાની દીકરીને પરણનાર ખાસ બુદ્ધિવાળો ન હોય એવું સાસુનું માનવું સ્વાભાવિક પણ છે.

મોટે ભાગે હું કોઈને મૂર્ખ કહીને તેને આત્મપરિચય કરવા પ્રેરતો નથી; કેમ કે તેમ કરવામાં તેને કે મને, કોઈને ફાયદો નથી. મારી સાથે સ્કૂલ - કૉલેજમાં ભણતા બે-ત્રણ મિત્રો આજે મિનિસ્ટર બની ચૂક્યા છે. એ લોકોને જોઈને મારી ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા વધી ગઈ છે. ઈશ્વર ન હોત તો આ લોકોનું શું થાત ? આમને નોકરી કોણ આપત. - એવું એમને જોઈને કોઈને પણ લાગ્યા વગર ના રહે. મિનિસ્ટરની વાત નીકળી એટલે એક પ્રસંગ યાદ આવી ગયો. કોઈ એક પ્રધાન પેટ્રોલપંપનું ઉદ્‌ઘાટન કરવા ગયા. ઉદ્‌ઘાટન કર્યા પછી પ્રધાનશ્રીએ પેટ્રોલપંપના માલિકની બુદ્ધિને બિરદાવતાં પ્રશ્ન કર્યો કે તમે તે બંધુ, ઘણા બુદ્ધિશાળી લાગો છો; પણ મને પ્રશ્ન એ થાય છે કે તમને કેવી રીતે ખબર પડે છે કે આ જગ્યાએ જ પેટ્રોલ નીકળશે એટલે તમે ત્યાં પંપ ફિટ કરી દો છો ?'

કોઈ માણસ તમારા પર ખિજાઈ જશે ત્યારે ક્યારેક તે ગુસ્સાથી બોલી નાખશે કે હું મૂર્ખ છું, પણ તું માને છે એટલો બધો નથી, સમજ્યો ! આમ કહેવા પાછળ તેની સમાધાનવૃત્તિ કામ કરી રહી હોય છે કે અડધું હું જતું કરું છું, અડધું તું જતું કર -

અને એ પણ એટલું જ સાચું છે કે ડાહ્યા માણસ ફુલટાઈમ ડાહ્યા નથી હોતા તેમ ફૂલ્સ ફુલટાઈમ ફૂલ્સ નથી હોતા. ડાહ્યો માણસ પણ કોઈકવાર મૂર્ખાઈ કારી બેસે છે, એ જ રીતે મૂર્ખ માણસ પણ ક્યારેક ડહાપણ ડહોળી નાખે છે. ડહાપણ એ ડાહ્યા માણસનો ઈજારો નથી; કારણ એટલું જ કે જે માણસ કદી મૂર્ખાઈ નથી કરતો તે શાણી વાત પણ નહીં જ કરી શકે... એટલે કોઈકોઈક વાર મૂર્ખ દેખાવામાંય શાણપણ હોય છે. ઉ.ત. સોક્રેટીસ. તેમહાન ફિલસૂફ ને કોઠાડાહ્યો. ઘણીવાર તે જાણીબૂઝીને ગમાર - મૂર્ખની જેમ પ્રશ્નો કર્યા કરતો, વર્તતો.

આ પરથી તારણ કાઢી શકાય કે મૂર્ખાઈ આચરવા માટે પણ અક્કલ જરૂરી છે. કોમેડિ નાટકોમાં સૌથી મુશ્કેલ પાત્ર હોય તો તે મૂર્ખનું છે. એ ભજવવા માટે વધુમાં વધુ બુદ્ધિ જોઈએ છે. એનું જીવતુંજાગતું દૃષ્ટાંત ચાર્લી ચૅપ્લિન છે. એક ગમાર-રખડુ અક્કલના અધૂરા માણસનું પાત્ર તેણે દિલ અને દિમાગ દઈને ભજવ્યું છે. આપણાં સંસ્કૃત નાટકોના વિદૂષકનું પણ એવું જ હોય છે ને ! સપાટી પરથી લાગે છે કે તે એક સ્થૂળ, બુદ્ધિની પાછળ બંદૂક લઈને ફરનારો, ખાઉધરો ભામટો છે, પણ મૂર્ખનું તેનુ મ્હોરું જ છે, જરૂર પડે ત્યારે બુદ્ધિના ચમકારા તે આપ્યા કરે છે ને વળી પાછો એક સરેરાશ મૂર્ખની પંગતમાં બેસી જાય છે. જો કે તમામ કલાકારો સ્ટેજ પર મૂર્ખની ઍક્ટિંગ નથી કરતા, કેટલાક સ્વાભાવિક રીતે જ વર્તતા હોય છે.

કેટલીક વાર એવું ય લાગે છે કે મૂર્ખાઓ છે તો વિશ્વ બેલેન્સ થઈ રહ્યું છે, ટકી રહ્યું છે. માર્ક ટ્વેઈને કહ્યું છે કે મૂર્ખાઓનો આપણે એ વાતે આભાર માનવો જોઈએ કે તે ના હોત તો આપણે બધા સફળ ન થઈ શક્યા હોત. એટલે તો પ્રાર્થના કરવામાં આવી છે કે હે ઈશ્વર, તું મૂર્ખાઓને લઈ ના લેતો, તેમની સંખ્યામાં ઘટાડો ના કરતો, તેઓ નહીં હોય તો શાણા માણસો પોતાનો ગુજારો કેવી રીતે ચલાવી શકશે ! જે લોકો ડાહ્યા માણસ તરીકે પંકાયા છે એમના ડહાપણ માટે મૂર્ખાઓ જવાબદાર છે, તેમણે જ પેલાઓને ડહાપણનું ગૌરવ બક્ષ્યું છે.

મૂર્ખાઈ કેટલીક વાર માણસને પાગલ થતો રોકે છે. માણસે વચ્ચેવચ્ચે મૂર્ખતા કરી લેવી જોઈએ, જેથી પાગલપનના એટેકથી બચી શકાય. પાગલો જેમ મૂર્ખ નથી હોતા, એ રીતે મૂર્ખાઓ પાગલ નથી હોતા - પાગલપણું એ માનસિક સ્ટેટ છે, મૂર્ખતા એ 'વેવ' છે. જગતનો સૌથી ડાહ્યો માણસ પણ કોઈક પળે તો મૂર્ખની જેમ વર્તે છે, પણ એ પછીની તરતની જ ક્ષણે તે ડાહ્યો હોય છે, જયારે પાગલની એક ક્ષણ પછીની ક્ષણેય જો તે શાણા માણસ જેવું વર્તન કરે તો પણ તે શાણપણ, પાગલપણાના હેંગઓવરમાંથી આવ્યું છે એમ માનવું ઘટે.

કેટલાક કિસ્સામાં એવુંય બને છે કે તમે કોઈ કામ ખૂબ જ વિચારી, બુદ્ધિ સંપૂર્ણપણે કામે લગાડીને કરો કે અવિચારીપણે મૂર્ખતાને કામે લગાડીને કરો, પરિણામ લગભગ સરખું આવે છે, એટલે કાર્યને બદલે પરિણામથી નક્કી કરવામાં આવે છે કે તમે ડાહ્યા છો કે મૂર્ખ. એટલા માટે તો આપણે ત્યાં કહેવત છે કે જે ફાવ્યો તે ડાહ્યો. અમુક ઘટનાઓમાં તો નસીબ પણ મૂર્ખને શાણામાં ખપાવે છે. તો કેટલીક વાર એક માણસની મૂર્ખાઈ એ અન્ય માટે સદ્ભાગ્ય સાબિત થાય છે. દા.ત. મહાત્મા ગાંધી. મહાન માણસ કરે એવી એક ફોલિ તેમનાથી થઈ ગઈ. સરદાર વલ્લભભાઈ પટેલને બદલે જવાહરલાલ નેહરુને વડાપ્રધાન બનાવવાનું વલણ તેમણે દર્શાવ્યું. નેહરુને વડાપ્રધાનપદે સ્થાપ્યા, ગાંધીજીની ભૂલ કે ભોળપણ જે ગણો તે નેહરુ પરિવાર માટે સદ્ભાગ્ય પુરવાર થયું.

જો કે ફિલસૂફ સોફોક્લિસ મૂર્ખાઈ બનાવવા બદલ મૂર્ખને દોષ નથી દેતો. પોતાના સખ્ત ટીકાકારોને તે કહે છે કે તમે એમ માનતા હો કે મારાં કાર્યો મૂર્ખાઈભર્યાં છે તો માનજો કે મૂર્ખાઈ એ મૂર્ખની આંખમાં જ હશે. કમળો હોય તે પીળું ભાળે જેવું જ કંઈક તે મૂર્ખની બાબતમાં કહે છે.

બુદ્ધિની જેમ મૂર્ખતા પણ કદાચ ઈશ્વરના આશીર્વાદથી જ મળતી હશે, કેમ કે દેશ અને વેશ બદલવાથી માણસ અક્કલવાળો થઈ જતો નથી. વટવામાં જે ગર્દભ હોય છે તે વિયેનામાં પણ ગર્દભ જ રહે છે. વળી પાછા આપણે જેના નામસ્મરણથી લેખની માંડણી કરી હતી એ મુલ્લા નસરુદ્દીનના શરણે જઈશું. આ મુલ્લા એકવાર ઈલેક્ટ્રૉનિક્સની દુકાને ગયા. સેલ્સમેનને પૂછ્યું : 'આ ટી.વી.નો શો ભાવ છે ?' સેલ્સમેન બે-ત્રણ સેકંડ સુધી મુલ્લા સામે તાકી રહ્યો. પછી બોલ્યો : 'અમે નસરુદ્દીનોને ટી.વી. નથી વેચતા' આમ તો તે એમ કહેવા માગતો હતો કે અમે મૂર્ખ-બેવકૂફોને ટી.વી. નથી વેચતા, પણ દુકાનમાં વિનયસમાહ ચાલતું હોવાથી તેણે સંયમ દાખવ્યો. મુલ્લા હવે જીદ પર આવી ગયા. બીજે દિવસે તે એક ફકીરનો વેશ ધરીને એ જ દુકાને ગયા. પ્રશ્ન કર્યો : 'આ ટી.વી.નું શું છે ?' સેલ્સમેને તેની સામે જોઈ નારાજગીથી કહ્યું : 'માફ કરજો, અમે નસરુદ્દીનોને ટી.વી. નથી આપતા...' ત્રીજા દિવસે મુલ્લા સ્યૂટ-બૂટ પહેરીને એક અમીરના લિબાસમાં એ દુકાને પહોંચ્યા. 'આ ટી.વી. કેટલામાં' - તે બોલ્યા ને તેમને વચ્ચેથી અટકાવતાં સેલ્સમેને કંટાળો દર્શાવતાં જણાવ્યું : 'તમને હું અગાઉ બે વાર કહી ચૂક્યો છું કે નસરુદ્દીનોને અમે ટી.વી. વેચવા ઇચ્છતા નથી...' મુલ્લાએ ગુસ્સાથી પૂછ્યું : 'પણ કેમ ?' 'કેમ કે આ ટી.વી. નથી, ફ્રીજ છે..' સેલ્સમેને ચોખવટ કરી.

આ મુલ્લા નસરુદ્દીન અને આપણામાં ફરક હોય તો એટલો જ છે કે મુલ્લા પોતાની બુદ્ધિના વટાણા વેરતા ફરે છે, પુરાવા આપ્યા કરે છે ને આપણે પુરાવાના અભાવે છૂટી જઈએ છીએ. તો પણ એ વાત એટલી જ સાચી છે કે કોઈ પણ માણસને તેના સાથ-સહકાર વગર, તેની મદદ વિના મૂર્ખ બનાવી શકાતો નથી.

આગળના ફકરામાં જેના આશીર્વાદનો મહિમા કર્યો છે એ ઈશ્વર ખૂબ જ ચોક્કસ છે. પોતાના કામમાં તે કદી છબરડા વાળતો નથી. જ્યારે તે મૂર્ખનું સર્જન કરે છે ત્યારે એની પાછળ તેનો કોઈક તો હેતુ હોય જ છે. હશે જ. જગતનો સૌથી વધુ મૂર્ખ માણસ હજી સુધી તેણે પેદા નથી કર્યો એની પાછળ પણ તેનું કોઈ ગણિત કામ કરતું હોવું જોઈએ. બાકી જે ઈશ્વરે ગર્દભનું સર્જન કર્યું છે તેણે શિયાળ અને કાગડાને પણ સર્જ્યાં છે. ગર્દભને તેણે એવું નહીં શીખવ્યું હોય કે તારે અક્કલવાળાં કામ નહીં કરવાનાં કે શિયાળ અને કાગડાને પણ બેવકૂફ નહીં બનવાની તાલીમ તેણે તો નહીં જ આપી હોય - પણ એક માણસ છે કે જેને મૂર્ખ તરીકે વર્તવાનું હોય છે ત્યારે કોણ જાણે ક્યાંથી તેનામાં અણધારી તાકાત આવી જાય છે, મૂર્ખ થવાનું શૂરાતન ચડી જાય છે, ભૂત સવાર થઈ જાય છે - એ ક્ષણે તે સંપૂર્ણ - નિર્ભેળ મૂર્ખ બની જાય છે.

આ પૃથ્વી પર વસનાર મૂર્ખ લોકોની ગણતરી કરવામાં આવે તો એ લોકોની સંખ્યા આપણી કલ્પના કરતાં અનેક ગણી મોટી છે, તેમ છતાં કદાચ પોતાની અનિચ્છાને લીધે જ એ લોકો જગત પર શાસન નથી કરતા.

મને પેલી પીટ્ટીશ કહેવત બહુ ગમે છે : 'મૂર્ખાઈ રાજીનામું આપે ત્યારે શાણપણ શા કામનું ?' જો મારામાં પડેલી મૂર્ખાઈ મારાથી નારાજ થઈ રાજીનામું આપે તો એ રાજીનામું હું હરગીઝ ના સ્વીકારું... □

કૂંપળ ફૂટી

આનંદરાવ લિંગાયત

બા ની તબિયત દિવસે દિવસે વધારે ને વધારે બગડતી જતી હતી. હૉસ્પિટલના ત્રીજા માળે પ્રાઈવેટ રૂમમાં એમને રાખ્યાં હતાં. બાની દવાદારૂમાં કે સારવારમાં મેં ક્યાંય કશી કચાશ રહેવા દીધી નહોતી. ડૉકટરોની ટીમમાં એક તો મારો દોસ્ત અરુણ હતો. ડ્યૂટિ ઉપર ન હોય તો પણ ખાસ એ બા પાસે આવીને વાતો કરતો અને ખબર કાઢી જતો. અમારા કુટુંબનું એક જણ તો હંમેશાં બા પાસે રહેતું જ.

આજે ડૉકટરોએ આશા છોડી દીધી હતી. બાના છેલ્લા શ્વાસ ચલતા હતા. ઘડીઓ ગણાતી હતી. અરુણે બાની ગંભીર હાલત વિષે અને ઑફિસમાં ફોન કર્યો અને તરત હૉસ્પિટલમાં પહોંચી જવા કહ્યું. એમની અંતિમ ઘડીઓ ગણે છે એમ અરુણે મને જણાવી દીધું. હું દોડતો હૉસ્પિટલે પહોંચી ગયો અને ત્યાંથી જ ફોન કરીને મેં મારી પત્ની. મારી બહેન તથા બનેવી અને મારા બે ભાઈઓને હૉસ્પિટલમાં બોલાવી લીધાં. અમે બધાં બાની પથારીની આસપાસ ઘેરાઈ વળ્યાં. હું એમને ઓશિકે બેસી એમના માથા ઉપર હાથ ફેરવી રહ્યો હતો. બા વચમાંવચમાં આંખ ખોલીને અમને સૌને જોઈ લેતાં. અમને બધાંને જોયાનો પરમ સંતોષ થયો હોય એવું આછું સ્મિત એમના મોઢા ઉપર આવી જતું અને કાંઈક કહેવું હોય એમ મોં ખોલતાં, પણ અવાજ નીકળી શક્યો નહોતો.

છેલ્લાં ત્રણેક વર્ષથી બા વધારે લથડી ગયાં હતાં. બાની ઉંમર પણ હવે અડસઠ વર્ષની થઈ ગઈ હતી. હૃદયની નબળાઈને લીધે થોડાં વધારે નંખાઈ ગયાં હતાં. ડૉકટરોએ ખુલ્લી હવામાં રોજ બે-ત્રણ બ્લૉક એટલે કે પા કિલોમીટર જેટલું, ધીમે ધીમે ચાલવાની ભલામણ કરેલી, એટલે હું અને બા રોજ સવારે નિયમિત રીતે થોડું ચાલી આવતાં.

બા મારી પાસે અહીં અમેરિકામાં છેલ્લાં ચૌદ વર્ષથી રહેતાં હતાં. મારી પત્ની પણ ફુલટાઈમ જૉબ કરતી હોવાથી અમારાં બાળકોની સાચવણી માટે બા આશીર્વાદ રૂપ થઈ પડેલાં. બેબી-સિટિંગનો ખર્ચ બચ્યો એવું હું નથી કહેવા માગતો, પણ અમારાં બાળકોને જન્મથી જ દાદીમાનો ખોળો ખૂંદવા મળ્યો, દાદીમાંનું વ્હાલ મળ્યું, લાડપ્યાર મળ્યાં ને તે પણ અહીં અમેરિકામાં ! કેટલાં બાળકોનાં નસીબમાં આ પ્રકારનું સુખ લખ્યું હોય છે ? ઘરમાં રોજની પૂજા, આરતી, પ્રસાદ, નાનામોટા વારતહેવારોની ઉજવણી, નાની પૌરાણિક વાર્તાઓ... આ બધી ધાર્મિક બાબતો અમારાં બાળકો બા પાસેથી જ શીખતાં રહેતાં. વળી, છોકરાં નિશાળે જતાં થયાં ત્યારથી તો ઘરમાં અંગ્રેજી જ વધારે બોલતાં થઈ ગયેલાં. પણ બાને લીધે એમનું ગુજરાતી બોલવાનું ટકી રહેલું. નવાઈની વાત તો એ છે કે છોકરાઓને લીધે બા પણ થોડું ઘણું, ભાગ્યું તૂટ્યું, અંગ્રેજી બોલતાં અને સમજતાં થઈ ગયેલાં. છતાં છોકરાંઓને એ ગુજરાતી ભૂલવા દેતાં નહીં. આમ તો બા પરાણે બે ચોપડી ભણ્યાં હશે; પરંતુ અમારાં બાળકો માટે તો એ સંસ્કારની જીવંત જ્યોત હતાં.

બાપુજીના ગુજરીના ગયા પછી તરત હું એમને અહીં અમેરિકા મારી પાસે લઈ આવેલો. નાનો હતો અને અમારા નાના ગામડાની પ્રાથમિક શાળામાં ભણતો હતો ત્યારે બાની અંગત જિંદગી વિષે કાંઈ ખાસ જાણતો નહોતો. એ સમજવાની મારી ઉંમર પણ નહોતી. પરંતુ આજે બાની એ જિંદગી વિષે વિચારું છું તો હૃદયમાં જાણે એક ચિરાડ પડી જાય છે.

મારા પિતાજી સરકારી નોકર હતા. એમનો હોદ્દો શો હતો એ મને અત્યારે કાંઈ યાદ નથી. ગામડાના રૂઢિચુસ્ત અને પુરુષ-વર્ચસવાળા કુટુંબમાં એ ઉછરેલા. સ્ત્રી એટલે પગનું ખાસડું... એક મરી જાય તો પરણીને બીજી લઈ અવાય એવું ગૌરવથી માનવાવાળું એમનું કુટુંબ. પિતાજી થોડું ભણેલા અને એમાં પાછી સરકારી નોકરી મળી ગયેલી એટલે એ હવામાં અધ્ધર ચાલતા. મિજાજ બહુ ગરમ અને ભયંકર ગુસ્સાવાળા. હું એમનો દીકરો હતો છતાં એમની સાથે બોલતા કે વાત કરતા ખૂબ ગભરાતો. બાની પણ એ જ દશા હતી. એ પણ એમનાથી હંમેશાં ડરતાં, ધ્રૂજતાં અને ફફડતાં રહેતાં હતાં. પત્ની એટલે જીવનસાથી, લાગણી, પ્રેમ કે સુખદુઃખની વાતો કરવા માટેનું પાત્ર એવું પિતાજીએ કદી માન્યું હોય એવું મને નથી લાગતું. એમને મન તો પત્ની એટલે 'બૈરું'... ઘરમાં વૈતરું કરવા સામાજિક વિધિસર ઢસરડી લાવવામાં આવેલું પાત્ર હતું. પોતે ઘરમાં પગ મૂકે એટલે ખડે પગે પોતાના હુકમ ઝીલવા માટેની એક નોકરાણી... એ જ એમને મન બાની કિંમત હતી.

બાનો ઉછેર પણ કદાચ નાનપણથી એ જ રીતનો થયો હશે... છોકરીની જાતને નિશાળમાં જઈને ભણવાની જરૂર શી?... પતિને તાબે રહી પતિ કહે એમ કર્યા કરવાનું એ જ સ્ત્રીનો ધર્મ છે. આ પ્રકારના સંસ્કારો બાને આપવામાં આવ્યા હશે. જે હોય તે, પણ બાએ તો બાપુજીનાં કડક તાપ, ત્રાસ અને અપમાન ડગલે ને પગલે મૂંગે મોઢે જીવનભર સહ્યાં હતાં. ગામડાના અમારા એ નાનકડા ઘર સિવાય બાએ બહારની દુનિયા જોઈ નહોતી. મને નથી યાદ કે બાપુજી કોઈ દિવસ બાને સાથે લઈને કોઈ સગાંવહાલાંને ત્યાં કે કોઈ સામાજિક મેળાવડામાં કે શહેરમાં ગયા હોય.

ઊલટાનું બાનું અપમાન અને તિરસ્કાર થયાના અસંખ્ય પ્રસંગો મારી આંખ આગળ તરી આવે છે. એક વખત રાતના આઠ-નવ વાગ્યા હશે. આખો દિવસ કપડાં, વાસણ, કચરા-પોતાં, રસોઈ અને ભેંસની સરભરા કરીને, થાકીને બાપુજીની વાટ જોતી બા જરા આડી પડી હતી. હજુ જમી પણ નહોતી. બાપુજી પહેલાં એ કદી જમતી નહીં. ગમે તેટલું મોડું થયું હોય તો પણ એ એમની વાટ જોઈને બેસી રહેતી. બાપુજી પ્રત્યેનો એનો આ પ્રેમ હતો કે એક રિવાજ અને બીક હતી એ મને ત્યારે સમજાયું નહોતું.

થોડી વારમાં બાપુજી આવ્યા. એમની સાથે એમના ત્રણ-ચાર મિત્રો હતા. બધાને જોઈને બા એકદમ ઊભી થઈ ગઈ. બાજુમાં પડેલો ખાટલો ઢાળી એના ઉપર એણે શેતરંજી પાથરી અને માથે ઓઢીને ઘરમાં ચાલી ગઈ. બધા ખાટલા ઉપર બેઠા. અંદર બેઠીબેઠી એ બાપુજીના હુકમની રાહ જોવા લાગી કે આ બધા માટે માત્ર ચા-પાણી જ કરવાનાં હશે કે રસોઈ પણ કરવાની હશે? પાંચ જણાની રસોઈ માટે ફરી ચૂલો સળગાવવો પડશે તો એટલી તાકાત થાકેલા શરીરમાં ક્યાંથી લાવશે એની ચિંતા એને થવા લાગી. અને થયું પણ એવું જ.

'સાંભળે છે?' બાપુજીએ હુકમ કર્યો, 'આ મહેમાનો માટે થોડી રોટલી અને દાળ ભાત બનાવી નાખ. શાક માટે થેલીમાં હું રીંગણાં લેતો આવ્યો છું.'

ચૂપચાપ આવીને બા ખાટલા પાસે પડેલી રીંગણાંની થેલી લઈ ગઈ. બા હુકમ ઝીલવા જ ટેવાયેલી હતી. એને કદી સામે દલીલ કરતાં આવડતી નહોતી અને બાપુજી સામે દલીલ થઈ શકે નહીં. એ તરત જ ગુસ્સે થઈ જતા.

બાપુજી માટે બનાવી રાખેલી ખીચડી બાજુમાં મૂકી એણે ફરી ચૂલો સળગાવ્યો. માઈક્રો વેવ ઓવન કે ઇલેક્ટ્રોનિક ગૅસનો ચૂલો બા પાસે ક્યાં હતો ? લાકડાનો ધુમાડિયો ચૂલો જ એની ઉત્તમ સગવડ હતી. એકલા હાથે એણે એટલા દાળ-ચોખા વીણ્યા, શાક સમાર્યું, રોટલીનો લોટ બાંધ્યો અને એ ચૂલાના ધુમાડાથી આંખમાં આવતું પાણી લૂછતાં લૂછતાં પાંચ જણાની

રસોઈ કરી બધાને જમાડ્યા. ઢગલો વાસણો માંજ્યાં પછી થાકીને લોથ થઈ સૂતી. હું ત્યાં જ સામે બેઠો બેઠો, ફાનસના અજવાળે મારું હોમ-વર્ક કરી રહ્યો હતો. પણ મને એ વખતે એમ ના સૂઝ્યું કે હું બાને થોડી મદદ કરું. છોકરો હોવાને કારણે બા મને કદાચ 'બૈરાં'ના એ કામમાં મદદ કરવા પણ ન દેત. વળી, એવું કામ કરતો જોઈને બાપુજી પણ મારી ઉપર અને બા ઉપર ઊકળી ઊઠત.

એક વખત એક જૂનું તપેલું માંજતાં બાની હથેળી કપાઈ ગઈ. ઊંડો ઘા હોવાને કારણે લોહી જતું હતું. બાજુવાળાં જમનાબેન આવ્યાં. એમણે એક જૂના ઓશિકામાંથી થોડું રૂ કાઢીને બાળ્યું અને ઘા ઉપર દાબી એક જૂના ચીંથરાનો પાટો બાંધી દીધો. લોહી બંધ થયું અને બા પાછી કામે લાગી ગઈ.

સાંજે બાપુજી આવ્યા. એમણે બાના હાથનો પાટો જોયો.

'જરા સરખી રીતે...ચિત પરોવીને કામ કરતી જા. ઊભો ડોયો રાખીને કામ ના થાય સમજી ?' બાપુજી બા ઉપર ઘૂરક્યા. પહેરણ અને ટોપી ખીંટીએ લટકાવી, બાએ મૂકેલા પાટલા ઉપર એ જમવા બેસી ગયા. 'કેમ કરતાં વાગ્યું ? ઘા કેટલો ઊંડો છે ? હવે દુ:ખાવો કેમ છે? શું ચોપડ્યું છે?...' એવા કોઈ પ્રકારના મમતા કે સહાનુભૂતિભર્યા શબ્દો બાપુજીના મોઢામાંથી નીકળ્યા નહોતા.

અહીં અમેરિકા મારી પાસે આવ્યાં પછી ધુમાડિયો એ ચૂલો અને શરીર તોડી નાખે એવા એ કામથી બાને રાહત મળી. અહીંનું સારું હવામાન, સારો ખોરાક અને પૂરતા આરામથી બાના શરીર ઉપર જાણે નવું તેજ આવવા માંડ્યું હતું. હવે બાને કોઈ પ્રકારનો ત્રાસ ન થાય એ રીતે એને આનંદમાં રાખવાનું પ્રયત્ન કરતો. મારું નસીબ સારું છે કે મારી પત્ની પણ બાને એની 'સાસુ' ન ગણતાં એની 'મા' જેવો સંબંધ રાખે છે. એ બંને વચ્ચેના ગાઢ સંબંધથી તો કેટલીક વાર હું એકલો પડી જાઉં છું. એ બંનેનું સંગઠન જબરું છે.

બધું હોવા છતાં ઊંડેઊંડે એક જાતનું પરાવલંબન અથવા ઓશિયાળપણું બા અનુભવતાં હોય એવું મને લાગતું. એ વિષે એ કદી કશું બોલતાં નહીં કે ફરિયાદ કરતાં નહીં. પણ હું સમજી શકતો હતો. મારી કે પત્નીની અનુકૂળતા હોય ત્યારે જ એમને ઘરની બહાર નીકળવા મળતું. અમારી અનુકૂળતા પ્રમાણે જ એમને અમારી સાથે આવવું પડતું અથવા ઘેર રહેવું પડતું. આડોશીપાડોશી સાથે કોઈ પણ પ્રકારની બોલચાલ વિના, આખો દિવસ ઘરમાં, જેલ જેવી એકલતામાં અને એકાંતમાં એમને પુરાઈ રહેવું પડતું. એમના મનની ઇચ્છા પ્રમાણે, સ્વતંત્ર રીતે, કાંઈ પણ કરવાની તક જીવનમાં ક્યારેય કદી પણ એમને મળી નહોતી.

છેલ્લાં ત્રણેક વર્ષથી આર્થરાઈટીસ અને હૃદયની નબળાઈએ બાને વધારે ઢીલાં કરી દીધાં હતાં. ઘરમાં રસોઈ જેવું કામ પણ એમનાથી થઈ શક્યું નહોતું એટલે ખૂબ લાચારી અનુભવ્યાં કરતાં.

ડૉક્ટરોએ રોજ સવારે થોડુંથોડું ચાલવાનું કહેલું. એટલે હું એમને સવારે નિયમિત ફરવા લઈ જતો. અર્ધો કે પા કિલોમીટર ચાલીને અમે પાછાં આવી જતાં.

અમારી સ્ટ્રીટ ઉપર રહેતો એન્ડી એમને રોજ સામે મળતો. એ જોગિંગ કરતો.

'Good morning...Dave...good morning..., Chhampa...' કહીને એ ક્યાંય આગળ નીકળી જતો. દેવેન્દ્રમાંથી મને ડેવ અને બાને ચંપામાંથી છંપા એ કહેતો. એની ઉંમર સિત્તેર આસપાસ હશે. પણ એની તંદુરસ્તી અને સ્ફૂર્તિ જુવાનને પણ શરમાવે એવી હતી. એ રિટાયર્ડ સરકારી અમલદાર હતો. અમારી બાજુના શ્રીમંત લત્તામાં આરામનું નિવૃત્ત જીવન જીવતો હતો. પૈસેટકે એને કશી કમી હોય એવું લાગતું નહોતું. એનો મોટા ભાગનો સમય માનવતાનું કામ કરતી જુદી જુદી સંસ્થાઓમાં સેવા આપવામાં જતો.

બાનો અને મારો સવારનો આ ચાલવાનો કાર્યક્રમ એકાદ મહિનો બરાબર ઘડિયાળના કાંટે ચાલ્યો. ત્યાં... મારે બે અઠવાડિયાં માટે શિકાગો જવાનું થયું. બાનો ચાલવાનો ક્રમ તૂટી જશે એની મને બહુ નારાજગી હતી. પણ ગયા વગર છૂટકો નહોતો. એટલે હું શિકાગો જવા નીકળી ગયો.

બાનું મનોબળ પાકું હતું. ચાલવા જવાનો નિયમ એમને તોડવો નહોતો એટલે એ મારા સિવાય જ એકલાં સવારે ચાલવા નીકળી પડેલાં. થોડું ચાલ્યાં હશે ત્યાં થાક લાગ્યો એટલે એક ઝાડના થડને અઢેલીને થાક ખાવા ઊભાં રહ્યાં.

'Good morning Chhampa' એન્ડી સામે દોડતો સડસડાટ પસાર થયો. એને જાણે કાંઈક ખ્યાલ આવ્યો અને એ તરત પાછો આવ્યો. 'Chhampa.....where is Dave? Are you alone?' 'Yes... Chicago...' બાએ ભાંગ્યોતૂટ્યો જવાબ આપ્યો.

'O.K...Come with me...' એન્ડીએ બહુ નાજુકાઈથી બાનો હાથ પકડ્યો... જાણે પ્રેમથી હિંમત આપતો હોય કે ગભરાઈશ નહીં...હું છું...બાનો હાથ પકડી આગળ વધવા હિંમત અને પ્રોત્સાહન આપવા લાગ્યો. કોઈ પરપુરુષનો સ્પર્શ આજ સુધી બાને થયો નહોતો. એન્ડીએ આમ હાથ પકડ્યો એટલે એન્ડીના આ સ્પર્શથી બા કેટલાં મૂંઝાયાં હશે અને કેટલો સંકોચ પામ્યાં હશે એ હું કલ્પી શકું છું.

'એન્ડી, back...' અમે જ્યાંથી રોજ પાછાં ફરતાં એ જગા આવી એટલે બાએ ઇશારો કરી એન્ડીને પાછા ફરવા કહેલું.

'No...No...Chhampa.. You can do it...Let's walk a little more...You can do it...Come on...' ધીમે ધીમે અતિ પ્રેમથી બાનો હાથ પકડી એન્ડી બાને આગળ વધવા હિંમત આપવા લાગ્યો. વાત્સલ્યભર્યા આગ્રહથી એ બાને થોડું વધારે આગળ ચલાવી હેલ્થ-ફૂડની એક નાનકડી દુકાનમાં લઈ ગયો. બાને એક ખુરશી ઉપર કાળજીથી બેસાડી પોતે કાઉન્ટર ઉપર ગયો.

'Here...Chhampa...This is good for you...Drink it...' ટેબલ પર તાજાં ગાજરના રસના બે ગ્લાસ મૂક્યા અને ખુરશી ખેંચી પોતે સામે ગોઠવાયો.

તાજાં ગાજરનો એ રસ બાએ આરામથી પીધો. એમને ભાવ્યો પણ ખરો. રસ પીધાં પછી એન્ડીએ બાને હળવેથી ખુરશીમાંથી ઊભાં કર્યાં, કાચનું બારણું ધકેલીને બા સલામત રીતે બહાર નીકળી ગયાં ત્યાં સુધી પકડી રાખ્યું.

'O.K...Chhampa...I will see you tomorrow..'એન્ડી બાને ઘરના બારણા સુધી હાથ પકડીને મૂકી ગયેલો. એન્ડી સાથેનો આ અનુભવ બાના જૂનવાણી મગજને ખૂબ મૂંઝવતો હશે. જિંદગી આથમવાની તૈયારીમાં છે ત્યાં આ પરપુરુષની ગંધ બરાબર નહીં... આ રીતનો પરપુરુષનો સ્પર્શ પણ બરાબર નહીં...આવાં અસંખ્ય વિચારોએ બાનું મગજ કોરી ખાધું હશે એની મને ખાતરી છે. છતાં બાએ એનો વિરોધ પણ કર્યો નહોતો.

જીવનભર એક પુરુષ તરફથી પડેલાં દુ:ખોના ઘા ઉપર મમતાનો મલમ ચોપડાતો હોય એવો કાંઈક અનુભવ એમને કદાચ થતો હશે.

ત્રણેક અઠવાડિયાના શિકાગોના રોકાણ પછી હું ઘેર આવ્યો. આટલો વખત બા એન્ડીની મદદથી ચાલવા જતાં હતાં એની મને ખબર નહોતી. બહુ દિવસે મારી પોતાની પથારી મળી હોવાથી હું ઘસઘસાટ ઊંઘી ગયો. સવારે બારણું ખૂલવાના અવાજથી સફાળો જાગ્યો અને બાને ફરવા લઈ જવાનું એકદમ યાદ આવ્યું. તરત પથારી છોડી હું બહાર આવ્યો. સ્વેટર અને શાલ ઓઢી બા તૈયાર હતાં.

'બા, મને થોડો વહેલો કેમ ના ઉઠાડ્યો?' મેં કહ્યું.

'બેટા, તું સૂઈ રહે. હું એન્ડી સાથે જાઉં છું. એ બહાર મારી રાહ જોતા હશે.ઽ બાએ બારણું ખોલ્યું. એન્ડી બહાર ઊભો હતો. મેં પણ એન્ડીને દૂરથી હાથ હલાવ્યો.

એન્ડી સાથે! મને બહુ નવાઈ લાગી. પણ હું કાંઈ બોલ્યો નહીં. ચૂપચાપ બારણું બંધ કરી પાછો આવી પથારીમાં લપાઈ ગયો. ઊંઘ હવે ક્યાંથી આવે?

એ જ દિવસે સાંજે એન્ડી પાછો આવ્યો. એણે સ્યૂટ પહેરેલો હતો.

'Hi...Dave...where is Chhampa? If you don't mind I am taking Chhampa to play Bigno at our church'

હું એને શું જવાબ આપું? મને તો આ કાંઈ સમજાતું નહોતું. મેં એને અંદર આવકાર આપી બેસાડ્યો અને બાને પૂછવા એમની રૂમમાં ગયો. પથારીમાં બેઠાંબેઠાં બા માળા કરતાં હતાં. હું કાંઈ પૂછું તે પહેલાં બાએ હકારાત્મક ડોકું હલાવ્યું. બંને આંખોએ માળાનો સ્પર્શ કરી એને બાજુના ટેબલ ઉપર મૂકી લાકડીના ટેકે ધીમેધીમે ઊભાં થઈ, એન્ડીને આવકારવા બહાર લિવિંગ રૂમમાં આવ્યાં. મને બાનું વર્તન સમજાતું નહોતું. મારે માટે આ બધું એક મોટા પ્રશ્નાર્થ જેવું થઈ પડ્યું હતું.

'Chhampa, Ready...?' એન્ડીએ ઊભા થઈને બાને માન આપ્યું. બાને કદાચ પહેલી વાર કોઈ પુરુષ તરફથી આટલું માન મળ્યું હશે. બાએ આછું સ્મિત કર્યું અને હકારાત્મક ડોકું હલાવ્યું.

મારી પત્નીએ પરાણે નવો સાડલો અને બ્લાઉઝ પહેરાવ્યાં અને નવી શાલ ઓઢાડી.

બિન્ગો રમવા હું બાને પૈસા આપવા લાગ્યો.

'No...No...Dave... I will take care of that' એન્ડીએ મને પૈસા ન આપવા દીધા.

બિન્ગો એ નિવૃત્ત થયેલા વયોવૃદ્ધ માણસો માટે પૈસા મૂકીને રમવાની એક રમત છે. હારજીતમાં ભેગી થયેલી રકમ, મોટે ભાગે, ચર્ચમાં દાન માટે વપરાય છે.

મેં બારણું ખોલ્યું. એન્ડીએ સાચવીને બાને બહાર કાઢ્યાં. એન્ડીના ટેકે ધીમેધીમે બા એન્ડીની ગાડી પાસે પહોંચ્યાં. ક્યાં બાની કાચબા જેવી ધીમી ગતિ અને ક્યાં એન્ડીની સ્ફૂર્તિ! એન્ડીને જરૂર અકળામણ થતી હોવી જોઈએ. છતાં બા પ્રત્યેની એની ધીરજ ગજબની હતી.

એન્ડીએ બારણું ખોલ્યું. એન્ડીએ સાચવીને બાને બહાર કાઢ્યાં. બરાબર કાળજીથી બાના બંને પગ અંદર ગોઠવીને ગાડી સ્ટાર્ટ કરી. ગાડી દૂર અદૃશ્ય થઈ ગયા પછી હું અને મારી પત્ની સામસામે જોઈ રહ્યાં અને થોડું હસી પણ પડ્યાં.

બિન્ગોની રમત પૂરી થયા પછી એન્ડી બાને પોતાને ઘેર લઈ ગયેલો. રસોડામાં ખુરશી ઉપર બાને બેસાડીને એણે બા માટે સ્વાદિષ્ટ શાકાહારી સેન્ડવિચ બનાવી. પીવા માટે ગરમ દૂધમાં ઓવલટીન નાખી મોટો ગ્લાસ ભરી આપ્યો. દૂધ અને સેન્ડવિચથી બા ધરાઈ ગયાં. પછી એન્ડી બાને ઘેર મૂકી ગયેલો. જિંદગી આખી જેણે બીજાઓ માટે રાંધ્યાં જ કર્યું હતું એને જ્યારે એન્ડીએ... એક પુરુષે... આમ તૈયાર ભાણું પીરસ્યું હશે ત્યારે એના મનમાં કેવા ભાવ જાગ્યા હશે એ હું કલ્પી શકું છું.

પછી તો એન્ડી ઘણી વખત પોતાની ગોલ્ફની રમત, બૉલિંગની રમત અને પોતાની એવી બીજી પ્રવૃત્તિઓ જોવા બાને સાથે લઈ જતો. બાને એ બધામાં શું સમજ પડતી હશે એ તો મને ખબર નથી; પણ એન્ડીના સહવાસથી એ ખુશ રહેતાં એટલું હું જોઈ શક્યો હતો. એન્ડી તરફથી મળતાં માન, લાગણી અને નિ:સ્વાર્થ મિત્રતાથી બાનું મન જાણે તૃપ્ત થયું હતું.

બા કેટલાં નસીબદાર કે એમની આ અંતિમ પળો વખતે અમે બધાં ભાંડરડાં એમની પથારીની આસપાસ હાજર હતાં. હું એમને ઓશિકે બેસી માથા ઉપર હાથ ફેરવી રહ્યો હતો. જાણે કે છેલ્લીવાર બધાંને ધરાઈને જોઈ લેવા તરસતાં હોય એમ વચમાં વચમાં આંખો ખોલી ચારે તરફ બા નજર નાખી લેતાં. કાંઈક કહેવા માગતાં હોય એમ વારંવાર હોઠ પણ ફફડાવતાં; પરંતુ અવાજ નીકળી શકતો નહોતો.

છેવટે હતી એટલી શક્તિ ભેગી કરી બાએ કાંઈક બોલવા ભગીરથ પ્રયત્ન કર્યો. આંખો ખોલી અમારા તરફ મીટ માંડી રહ્યાં. એમનુ મોઢું ખૂલ્યું. હોઠ ધીમેધીમે હાલવા લાગ્યા. બા હવે શું કહેવા માગે છે એ સાંભળવા અમારા સૌની ઇન્તેજારી વધી ગઈ. કાન સરવા રાખી, બા શું બોલે છે તે સાંભળવા અમે આતુર થઈ ગયાં.

તૂટક તૂટક શબ્દો બાના મોઢામાંથી નીકળ્યા, 'એ...ન્ડી... એ...ન્ડી... ન...થી... આવ્યો?' આટલું બોલી એન્ડીને શોધતી બાની આંખો બંધ થઈ ગઈ અને ડોક ઢળી પડી.

તપીને લાલ થયેલા સળિયાથી કોઈએ ડામ દીધો હોય એવું વેદનાનું શૂળ મારા હૈયામાં ભોંકાયું. એન્ડીને ફોન કરવાનો મને ખ્યાલ જ નહોતો આવ્યો. એન્ડીને મળવાની બાની અંતિમ ઇચ્છા પૂરી ન કરી શકવાનો દોષ મને જીવનભર ડંખ્યા કરશે.

થોડી વાર પછી એના રોજના સમયે હાથમાં ફૂલ લઈને આવી ચઢ્યો. પણ કમનસીબે આજે એ મોડો પડ્યો હતો. એન્ડીને જોઈને હું મારો ડૂમો ખાળી ન શક્યો. અણીના સમયે એને ફોન ન કરી શકવા બદલ મારી ભૂલની માફી માગતો હોઉં એમ હું એને વળગીને, નાના બાળકની જેમ, છૂટે મોઢે રડી પડ્યો. એન્ડીએ પણ એટલા જ વાત્સલ્યથી મને છાતી સરસો લગાવ્યો. મને આશ્વાસન આપી એ બાના ખાટલા પાસે ગયો. કમનસીબે બા તો ચાલ્યાં ગયાં હતાં.

એન્ડીએ બાના મોઢા ઉપર ચાદર ઓઢાડી દીધી અને હાથમાંનાં ફૂલ બાના મૃતદેહ ઉપર હળવેથી મૂકી, ભીની આંખ લૂછતાં, ગળગળા અવાજે બોલ્યો. 'Chhampa...This time you walked faster... and... left me behind.....' □

પ | સ્તી | નાં | ડૉ. પ્ર. ચુ. વૈદ્ય | પા | નાં

૧. પસ્તીના શેઠીઆ

મારે ઘેર બે વાર ચોર આવ્યા હતા. એક વાર ૧૯૬૫માં અને બીજી વાર ૧૯૮૧માં. બન્ને વખતે ચોરને ઘરમાં ચોપડાં અને કાગળિયાં સિવાય કાંઈ ખાસ હાથ લાગ્યું નહિ. પાંખ આવી અને ઊડી ગયેલાં મારાં યુવાન સંતાનોને દર અઠવાડિયે હું પત્ર લખું છું. તેવા તા. ૧૦-૫-૮૧ અઠવાડિક પત્રમાં નીચેની વાત લખી છે.

જુદા જુદા વ્યવસાયમાં પડેલાઓ પોતાના વ્યવસાયનું રસમય વર્ણન કરે તે વાંચવાની સામાન્ય રીતે મજા આવે છે. ચોરી કરનારને પણ આવા અનુભવો થતા હશે. તેનું રસમય વર્ણન ચોર પોતે ન કરી શકે, પણ આપણે તો કરી જ શકીએ. આવું એક વર્ણન નીચે બાપબેટાના વાર્તાલાપમાં મળશે.

બાપ : કેમ બેટા, આજ રાતની ખેપ કેવી ગઈ?

બેટો : અરે બાપા, આજે તો ફોગટ ફેરો થયો.

બાપ : કોઈ બેકાર કે ભિખારીને ઘેર પહોંચી ગયો હતો કે શું?

બેટો : ના રે. મજાનો બે માળનો બંગલો. નીચે ગેરેજમાં મોટર અને બબ્બે સ્કૂટરો મૂકેલાં. મોટો બગીચો અને બગીચામાં તો કેટકેટલા નળ ! આવા મોટા ઘરમાં અગાશીમાં ચઢવાનો રસ્તો મળી ગયો એટલે હું તો ઠેક મારીને ચઢી ગયો; પણ પેસતાં વેંત જ અપશુકન થયાં!

બાપ : શું થયું : પોલીસ દેખાણો?

બેટો : ના, પોલીસ બોલીસ તો કોઈ નહોતું. પણ અગાશીમાં જઈને પહેલા ઓરડામાં નજર નાખું તો ડોસો-ડોસી સૂતેલાં.

બાપ : તે એમાં અપશુકન શેનાં ?

બેટો : નાનેરાં સૂતાં હોય તો ઊંઘી રહે, પણ આ ગલઢેરાં તો જલદી જાગી જાય, એટલે અપશુકન જ ગણાય ને!

બાપ : હા, ઈ વાત સાચી. પછી?

બેટો : પછી હું તો ઉતાવળો થિયો. ઓરડામાં એક કબાટ હતો. તેમાં ત્રણચાર નાની બેગુ પડી હતી. તે ઉપાડીને હું બારો નીકળ્યો.

બાપ : તે ઈ બેગુમાંથી કાંઈક તો મળ્યું ને?

બેટો : શું મળે, ધૂળ ને ઢેફાં ! અપશુકન થિયાં તે અમસ્તાં? એક બેગમાંથી નાનાં છોકરાંને રમવાની મોટરો અને ઢીંગલી અને તે ય તૂટેલી! બીજી બેગમાં નકરાં કાગળિયાં! આ બે તો અગાશીમાં જ મૂકીને હું તો બીજી બે બેગ લઈને નીચે ઊતરી ગયો; અને પછી તે બેગો ઉઘાડી તો એમાં યે નકરાં કાગળિયાં... હાંઉ, ધોયેલા મૂળા જેવો પાછો આવ્યો.

બાપ : તે તું કયા ઘરમાં ગયો' તો? ઓલી સોસાયટીની ઑફિસની સામે છે ઇ ઘરમાં? અરે ભલા માણસ, આજથી પંદર-સોળ વરસ પહેલાં હું ત્યાં ગ્યો તો, આખી રાત ઘરમાં રિયોતો અને તો યે નકરા કાગળ સિવાય ખાસ કાંઈ મળ્યું નહોતું. આ બધા તો કાગળના શેઠીઆ, નકલી શેઠીઆ.

બેટો તે હેં બાપા, આ બધા નકરા કાગળ ભેગા કરીને બંગલા બાંધતા હશે અને મોટરમાં ફરતા હશે ?

બાપ : ઈ તો રામ જાણે, પણ આ બંગલા ને મોટરુંવાળા બધા એવા ન હોય. એટલે આજે નહિ તો કાલે સારાં શુકન જોઈને નીકળીશ તો પસ્તીના શેઠીઆને બદલે સોનાના શેઠીઆનું ઘર મળી જશે. આ પસ્તીવાળા અભાગીઆ શેઠીઆ તો કોક જ હોય!

તો હવે આ પસ્તીના શેઠીઆએ ભેગાં થયેલાં પસ્તીના પાનાં વીણી વીણીને ફેંકી દેવાનું નક્કી કર્યું છે.

૨. બાબૂ અને બેબૂ

'આપણે ત્યાં તો સામાન્ય રિવાજ છે કે બહાર જઈએ ત્યારે ઘરની ચાવી પડોશમાં આપતા જઈએ, જેથી ઘરનું કોઈ વહેલુંમોડું આવે તો તેને ચાવી મળી રહે. જ્યારે અહીં દિલ્હીમાં? કામના દિવસે તો હું ૧૦ થી ૫ ઑફિસે હોઉં અને વીજળીનું મીટર ઘરમાં છે એટલે પેલો મીટર વાંચવા આવે ત્યારે હંમેશાં તાળું જ હોય. તેથી મેં વિચાર્યું કે મીટર વાંચવા જે અઠવાડિએ આવવાનો હોય તે અઠવાડિયું ચાવી પડોશીને આપી રાખવી, જેથી ઘર ઉઘાડીને મીટર વાંચી શકાય. પણ ત્યારે ખબર પડી કે અહીં કોઈ કોઈની ચાવી રાખે નહિ. માનવી માનવી વચ્ચે મૂળભૂત શ્રદ્ધા અને વિશ્વાસનો જ અભાવ. જો કે આ પરિસ્થિતિ આમજનતામાં નહિ પ્રવર્તતી હોય. મારો વસવાટ તો બાબુ લોકો સરકારી અમલદારો, અંગ્રેજ સલ્તનતના વારસદાર સાહેબ લોકોના વિસ્તારમાં છે. દિલ્હીના સરકારી ઑફિસરો તો ભારતીયો ઉપર રાજ કરવા તૈયાર કરાયેલા મેકોલેના ભારતીય વંશજો છે.

આજે (૨૩-૭-૭૮) અહીંના હિન્દી છાપામાં એક વાત વાંચી. ઉર્દૂમાં બા પ્રત્યય ખાસ અર્થમાં વપરાય છે. બા-અદબ, અદબ સાથે; બા-મુલાયજા, નમ્રતા સાથે (બાદશાહને કોઈ વિનંતી કરવી હોય તો બા-અદબ, બા-મુલાયજાથી શરૂઆત થાય). તો પેલું છાપું કહે છે કે આ સરકારી અમલદારો તો બા-બૂ છે એટલે આ બાબૂ લોકોમાં હું ભળી શક્યો નથી. જો કે અમારી કૉલોનીમાં બૂ વગરના (નિર્મળ) લોકો પણ વસે છે. કૉલોનીમાં ૯૮ વસવાટો

છે અને દરકે વસવાટના બે સર્વન્ટ ક્વોર્ટર છે. એટલે ૯૮ બા-બૂ કુટુંબો અને ૯૮×૨ = ૧૯૬ બે-બૂ (બૂ વગરનાં) કુટુંબો વસે છે. બા-બૂ છોકરાં કોલોનીના રસ્તા ઉપર રમતાં જોવા ન મળે. રસ્તામાં તો બે-બૂ છોકરાં રમતાં, પતંગ ચગાયતાં જોવા મળે. છેલ્લાં ૧૦ માસના વસવાટમાં આજુબાજુનાં બાબૂ બાળક સામે જોઈને હસવાનો પણ મને પ્રસંગ મળ્યો નથી, જ્યારે રોજ રસ્તે ચાલીને ઑફિસે જતાં મળતાં બેબૂ છોકરાંઓ હસીને બોલતાં અને મને નમસ્તે કહેતાં થઈ ગયાં છે. બાબૂ અને બેબૂ વચ્ચેનો આ મૂળભૂત તફાવત છે.

૩. રામલીલા અને રાજકારણલીલા

આ વર્ષે (૧૯૭૯) વિજયા દશમી અને ગાંધીજયંતી (બીજી ઑક્ટોબર) સાથે સાથે આવ્યાં છે. અને આપણી લોકશાહીમાં બન્નેમાં લોકશાહી અને ભારતીયતાનાં આછાં દર્શન થાય. દશેરાને દિવસે રામ-રાવણ યુદ્ધ થાય, પણ તે પહેલાં ઉત્તર ભારતમાં બધે ૯ દિવસ સુધી રામલીલા ચાલે છે. એવી એક રામલીલામાં (દિલ્હીમાં જ સ્તો) સીતાહરણનો સીન ચાલતો હતો. રાવણનું પાત્ર ભજવનાર વ્યક્તિ સ્કૂટર પાર્ક કરીને રામલીલામાં ભાગ લેવા ગયો. વેશ ભજવાતો હતો ત્યાં તેને ચિઠ્ઠી મળી કે તારું પાર્ક કરેલું સ્કૂટર ચોરાઈ ગયું છે. એટલે રાવણનો સંવાદ બોલતાં બોલતાં તેણે ઉમેર્યું : 'ઠીક હૈ રામ! આજકા દિન તુમ અપની સીતા અપને પાસ રખો. હમ ઉસકા હરણ કલ કર જાયેંગે, આજ તો હમારા સ્કૂટર ચોરી હો ગયા હૈ. ઉસકી તલાશ મૈં હમ જાતે હૈં.' આમ કહી રાવણનો બુરખો ઉતારી તે સ્ટેજ ઉપરથી 'સ્કૂટર-તલાશ'માં નીકળી ગયો. લોકોને તો સીતાહરણ અને સ્કૂટરહરણ બન્નેનો આનંદ મળ્યો. અને તાળીના ગડગડાટ થયા.

આવો જ 'વેશ' ગાંધીજયન્તીને દિવસે (એટલે કે બીજે દિવસે) રાજઘાટ ઉપર ભજવાવાનો છે, અને એ વેશમાં મુખ્યપાત્ર રાજનારાયણ ભજવવાનો છે. આ રાજનારાયણનો થોડો પરિચય આપું. ઇન્દિરા ગાંધી સામે હંમેશાં ચૂંટણી લડવાનો પહેલાં તેનો વ્યવસાય હતો. દર વખત તે બૂરી રીતે હારે. ૧૯૭૧ની ચૂંટણીમાં પણ આમ હાર્યો, પણ આ વખતે તેણે અલ્લાહાબાદ હાઈ કોર્ટમાં ઇન્દિરાની ચૂંટણી વિરુદ્ધ અરજી કરી અને તેમાં તે જીત્યો! તેનો સિતારો ફરી ગયો. હાઈ કોર્ટે ઇન્દિરા ગાંધીને પાંચ વર્ષ માટે ગેરલાયક ઠેરવ્યાં. પછી તો બંધારણ બદલાયું. ઇમર્જન્સી જાહેર થઈ. અને ઇન્દિરા ટકી રહ્યાં. પણ ૧૯૭૭ની ચૂંટણીમાં એ જ રાજનારાયણ ઇન્દિરા ગાંધી સામે પ્રચંડ બહુમતીથી ચૂંટાયો અને રાતોરાત એ મોટો માણસ થઈ ગયો ! ૧૯૭૭ની ચૂંટણીના વિજય પછી જનતાપક્ષ સ્થપાયો. તેના બધા સભ્યો મહાત્મા ગાંધીની સમાધિ પર એકઠા થયા અને સ્વચ્છ રાજ્યવ્યવસ્થા અને લોકશાહીના તેમણે શપથ લીધા.

પણ રાજનારાયણથી સરકારમાં કેવી રીતે રહેવાય. આમ તો જોકર જેવું તેનું કામ- જહોની વૉકર જેવું. મોરારજીભાઈએ તેને પ્રધાનમંડળમાંથી કાઢી મૂક્યો એટલે તેણે મોરારજીને દૂર કરવાની પેરવી શરૂ કરી. મોરારજીને રાજીનામું આપવું પડ્યું અને રાજનારાયણના નવા પક્ષની સરકાર થઈ.

લઘુકથા

બાવળ

ભગીરથ બ્રહ્મભટ્ટ

આમ તો મને મારા વતનનું બીજું કંઈ યાદ નથી, યાદ છે માત્ર ગામના ગોચરનો એક બાવળ. મારા ગામનું અડાબીડ ગોચર. એમાં એક ઘટાટોપ બાવળ. એ મારા બાળપણનો ગોઠિયો. એની બાજુમાં થોડેક છેટે એક તળાવ. આથમણે ખોડિયારની દેરી. બાજુમાં બેચાર પાળિયા. અડાબીડ જંગલમાં આવળ-બાવળ, બોરડી, કંથેર. એમાં એક મહાકાય બાવળ. એના નીચેની ચોખ્ખી જગ્યા. એ બાવળ વરસતા વરસાદમાં મારા જેવા કૈં ગોવાળોની બન્યો છે છત્રી - કડકડતી ઠંડીમાં તે મારા જેવા કૈં રખડુની હૂંફ અને ઉનાળામાં ત્રાસેલા પથિકોની જલધારા. ગામમાંથી રિસાઈને ચાલ્યા જતા યુવાનોએ પહેલો આશરો પણ ત્યાં જ લીધો હોય! એ બાવળની શૂળો તો જાણે ફૂલો... દેખાય જ નહીં.

મારા ગામની અલ્લડ સંતુડી ઘણીવાર ગોચરમાં છાણાં વીણવા આવે. હિંમતબાજ ખરી, અભિમાનીય એટલી. થોડીક ભલી-ભોળી. ઉપરામણ તો ક્યારેય કોઈનું લે જ નહિ. ઘેરથી રિસાઈને એક દિવસ હું એ બાવળ નીચે બેઠેલો. માથે ટોપલો લઈ સંતુ ડોલતી ડોલતી આવે. નજીક આવી. મેં જોયું તો એની ડોક બેસી ગયેલી. એણે કહ્યું, 'મને ઉતરાવોન્અ્' હું ઊભો થઈ તેના ટોપલે હાથ રાખું તે પહેલાં તેણે ધફ કરતો ટોપલો નાખ્યો. છાણાંનો ઢગ મારા પગમાં... હું એના તરફ જોઉં ત્યાં... એક સાપ છાણાંમાંથી નીકળ્યો, સરકીને મારા બે પગ વચ્ચે થઈ... સંતુથી ચીસ પડાઈ ગઈ. ક્ષણનોય વિલંબ કર્યા વિના મને ખેંચ્યો, પછી મને જ વીંટળાઈ વળી - ડરથી હાંફતી. એની હાંફ હેઠે બેઠી પછી સંતુએ મારું ઉપરામણ લીધું ને હું ધન્ય બની ગયેલો.

આજે ઘણાં વર્ષો પછી વતનમાં આવ્યો છું. પેલું તળાવ છે. ગોચર છે. એનું એ ખોડિયાર દેરું છે. જંગલમાં ઝાડી નથી. નથી પેલો બાવળ. મારી આંખો એ બાવળની જગ્યા શોધે છે. હું મંદિર તરફ વળું છું. ત્યાં જઈને આંખો બંધ કરું છું તો મને સંતુ દેખાય છે. એ ય મને પૂછે છે : 'પેલો આપણો બાવળ ક્યાં ગયો?' □

હવે મૂળ વાત પર આવીએ. રાજનારાયણ કહે છે કે ગાંધીસમાધિ પર લીધેલા શપથ મોરારજીએ પાળ્યા નહિ તેથી સમાધિ અપવિત્ર થઈ છે. તેને પવિત્ર કરવા કાલે (૨-૧૦-૧૯૭૯) આખી સમાધિ ગંગાજળથી ધોવાનો કાર્યક્રમ છે! સ્વયંસેવકો ઋષિકેશથી ગંગાજળના ઘડા ભરીને પગપાળા કાલે સમાધિ પર પહોંચશે અને સમાધિને વિધિસર ધોશે.

તેની સામે જનતાપક્ષના યુવાન કાર્યકરોએ સમાધિ ઉપર પિકેટિંગ કરી રાજનારાયણના ગંગા જળવાહકોને સમાધિ સુધી પહોંચવા ન દેવાનો કાર્યક્રમ કર્યો છે.

આમ, અમારી રામલીલા અને રાજકારણલીલા એક સરખી રીતે ચાલે છે એટલે સારું છે. રામલીલા જેવો જ આનંદપ્રદ અંત રાજકારણલીલાનો હજુ સુધી તો આવતો રહ્યો છે. □

કમ્પ્યૂટર

પ્રહ્લાદ છ. પટેલ

ઈજિપ્તવાસીઓએ જાતે જ ગણતરીઓ કરીને પિરામિડો બાંધ્યા. ભૂતકાળમાં તૈયાર કરેલ પચાંગો આજે પણ ગ્રહણોની ચોક્કસ માહિતી આપે છે. રોમના એ લાંબા અને સીધા રસ્તા તથા નહેરો જાતગણતરીથી તૈયાર કર્યાં હતાં. ચીનની જંગી દીવાલ, પિઝાનો ઢળતો ટાવર અને એફિલ ટાવરની ગણતરીઓ માણસે જાતે જ કરેલી. સાહસિકોએ પૃથ્વીની પ્રદક્ષિણા કરી ત્યારે કોઈ પણ યંત્રની મદદ વિના ગણતરીઓ કરતા. રેડિયો અને ટેલિવિઝનની શોધ કમ્પ્યૂટરની સહાય વિના શક્ય બની. તો પછી શા માટે કમ્પ્યૂટર દિનપ્રતિદિન મહત્ત્વનું અને અનિવાર્ય બનતું જાય છે ?

ધસી આવતા ફાઈટરને રડાર શોધી કાઢે છે. ત્યારબાદ તેને એન્ટિએરક્રફ્ટ વડે તોડી પાડવા ઘણો ઓછો સમય હોય છે. આ સમયે માણસ ગણતરી કરવા બેસે તો કોઈ પત્તો પડે જ નહીં અને ફાઈટર તેનું કામ પતાવી ચાલ્યું જાય, અને આપણે આંખો ચોળતા રહી જઈએ. આવી ઝડપી ગણતરી અને કાર્યવાહી કમ્પ્યૂટર જ કરી શકે છે. બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન કમ્પ્યૂટરની અનિવાર્યતા સમજાતા તેના વિકાસમાં ઝડપથી વધારો થયો છે. ટૂંકમાં, જેમ યંત્ર વડે સ્નાયુબળમાં અને વાહનોથી ઝડપમાં વધારો થયો છે તેમ કમ્પ્યૂટરે માણસના મગજ (Brain)નો વિસ્તાર વધાર્યો છે.

પૂર્ણાંક સંખ્યાઓની મદદથી ગણતરી કરતાં કમ્પ્યૂટરને ડિજિટલ કમ્પ્યૂટર કહે છે. જ્યારે થર્મોમીટર કે વોલ્ટમીટરની જેમ રાશિઓ માપીને તેને આધારે કાર્ય કરતાં કમ્પ્યૂટરને એનલોગ (સમાનશીલ) કમ્પ્યૂટર કહે છે. આ બંનેના સમન્વયથી તૈયાર કરેલા કમ્પ્યૂટરને હાઈબ્રીડ કમ્પ્યૂટર કહે છે.

કમ્પ્યૂટર તેનાં ત્રણ ખાસ લક્ષણોને કારણે માણસને ઉપયોગી અને ઉપકારક નીવડ્યું છે. કાર્ય કે ગણતરી કરવાની અત્યંત ઝડપ, ગણતરીમાં સંપૂર્ણ ચોકસાઈ અને પુષ્કળ માહિતીનો સંગ્રહ કરવાની ક્ષમતા.

બે આંકડાની બે સંખ્યાઓનો ગુણાકાર કરતાં માણસને ૩૦ સેકન્ડ જેટલો સમય લાગે છે. પણ આધુનિક કમ્પ્યૂટર ૩૦ સેકન્ડમાં આવા ૩ કરોડ ગુણાકારો શ્રાંતિ વિના કરી શકે છે. ગણિતના પ્રશ્નપત્રની અર્ધી લીટી હોશિયાર વિદ્યાર્થી વાંચે તે પહેલાં કમ્પ્યૂટર આખા પ્રશ્નપત્રનો ઉકેલ આપી દે છે. કમ્પ્યૂટર લગભગ પ્રકાશની ઝડપે કાર્ય કરે છે.

કમ્પ્યૂટર કેટલીક વિચિત્રતાઓ પણ ધરાવે છે. ઇલેક્ટ્રિકસિટી કંપનીમાં જેટલા રૂપિયા (ધારો કે ૪૦૦ રૂપિયા) જમા હોય તેટલા જ રૂપિયાનું બિલ (૪૦૦ રૂપિયાનું બિલ) હોય તો પણ કમ્પ્યૂટર ૦.૦ (શૂન્ય) રૂપિયા ભરવાનું બિલ મોકલી આવે છે. ૦.૦ (શૂન્ય) રૂપિયાના ચેક મોકલ્યા બાદ જ તે શાંત થાય છે, નહીંતર તે બિલ મોકલ્યા જ કરશે. કમ્પ્યૂટર ખોટાં બિલ કે ખોટી માર્કશીટ પણ તૈયાર કરે છે. અહીં કમ્પ્યૂટરની પોતાની કાંઈ ભૂલ હોતી નથી, પરન્તુ તેનો ચાલક ભૂલ કરે તો જ તેમ થાય છે. કોઈપણ વિષયમાં ૩૯ ગુણ હોય અને ચાલક ૯૩ ગુણ કમ્પ્યૂટરમાં દાખલ કરે તો જ તેમ થાય છે. કોઈપણ વિષયમાં ૩૯ ગુણ હોય અને એનો ચાલક ૯૩ ગુણ કમ્પ્યૂટરમાં દાખલ કરે તો તેમાં કમ્પ્યૂટરનો શો દોષ ?

કમ્પ્યૂટર તેની અંદર ઢગલાબંધ માહિતીઓનો સંગ્રહ કરે છે. જ્યારે તેની પાસેથી નિવેશિત માહિતીમાંથી કોઈ પણ માહિતી માગવામાં આવે ત્યારે તરત જ તે રજૂ કરી દે છે. કોઈ પણ યુનિવર્સિટીના બધા જ વિદ્યાર્થીઓને લગતી બધી જ માહિતી કમ્પ્યૂટરમાં સંચિત કરી જરૂર પડે ત્યારે તેની પાસેથી તરત જ તે મેળવી શકાય છે. બ્રિટાનિકા જ્ઞાનકોષના ૩૦,૦૦૦ પૃષ્ઠ ઉપર સમાવિષ્ટ માહિતી કમ્પ્યૂટરમાં સહેલાઈથી સંચિત કરી સેકન્ડના છઠ્ઠા ભાગમાં કોઈ પણ માહિતી પરત મેળવી શકાય છે.

કમ્પ્યૂટરની કેટલીક ઊણપો પણ છે. માણસની જેમ તે જાતે કોઈ નિર્ણય કરી શકતું નથી. તે લાગણીશૂન્ય હોય છે. તેથી તે જડ છે. કમ્પ્યૂટર સંગીતનું સર્જન કરી શકે છે. પણ તેની ગુણવત્તા (quality)નો નિર્ણય કરી શકતું નથી. માહિતીનો સંગ્રહ કરવાની તે અદ્‌ભુત શક્તિ ધરાવે છે, પણ માણસની યાદદાસ્તને તોલે તો તે ન જ આવી શકે. ખાસ અપવાદો બાદ કરતાં તેને આપેલી માહિતી વિષેની ખરાઈ (correctness)ની ચકાસણી કરવા તે અસમર્થ છે.

આખા દેશમાં ઈતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ત્ર તથા વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક માહિતીઓ કમ્પ્યૂટરમાં ધરબી શકાય છે. આથી કમ્પ્યૂટરની કિંમત તેની કાર્યક્ષમતા અને કાર્યના વ્યાપ ઉપર આધારિત છે. પ્રિન્ટર સાથેના સામાન્ય હેતુઓ માટેના કમ્પ્યૂટરની કિંમત આશરે ૫૦ હજાર રૂપિયા થાય છે. ૫૦ લાખ રૂપિયાની કિંમતનાં વિવિધલક્ષી કમ્પ્યૂટરો પણ આજે ઉપલબ્ધ છે. સુપર કમ્પ્યૂટરની કિંમત કરોડોમાં થાય છે. આ સાથેસાથે કમ્પ્યૂટરને વાતાનુકૂલિત (A.C.) ઓરડામાં રાખવું હિતાવહ છે. આવો ઓરડો રજકણોથી સંપૂર્ણપણે મુક્ત હોવો અનિવાર્ય છે. તેને માટે કુશળ અને કેળવાયેલ ચાલક આવશ્યક છે. આ બધાને કમ્પ્યૂટરની કિંમત સાથે સાંકળવાં પડે છે.

કમ્પ્યૂટર રોગોનું નિદાન કરી શકે છે. અને યંત્રમાનવ (Robot) શસ્ત્રક્રિયા કરે તે દિવસ દૂર નથી. આથી દાક્તરનું કામ કમ્પ્યૂટર અને યંત્રમાનવ કરી શકશે. અન્ય ક્ષેત્રે ઘણાં કામો કમ્પ્યૂટર અને યંત્રમાનવના સહયોગથી શક્ય બનશે. આથી કમ્પ્યૂટરનો ઉદ્‌ભવ અને ઉત્કર્ષ વિજ્ઞાનના ઈતિહાસમાં બીજી ઔદ્યોગિક ક્રાંતિ તરીકે ગણી શકાય. તે છતાં યંત્ર એ યંત્ર છે અને માણસ એ માણસ છે. □

ઈ. ૧૮૫૭નો સ્વાતંત્ર્યવિપ્લવ વિફળ નીવડી અંગ્રેજી હકૂમતના પાયા આ દેશમાં દૃઢ બન્યા તેની પાછળ આપણા દેશનાં કેટલાંય રજવાડાંનો દેશદ્રોહ કારણભૂત છે. આવા એક દેશદ્રોહી હતા સર સાલારજંગ, જે એ વખતના હૈદરાબાદ રાજ્યના સર્વસત્તાધીશ હતા અને એમના નામના મ્યૂઝીઅમના કારણે હજુ એ નામ લોકસ્મૃતિમાંથી ભૂંસાયું નથી.

દેશમાં સ્વાતંત્ર્યવિપ્લવની તૈયારી ચાલતી હતી તે વખતે સર સાલારજંગ ઈંગ્લન્ડ હતા. આ વિદેશવાસ દરમિયાન તેમને લૉરા બેલ નામની એક અંગ્રેજ યુવતી સાથે મૈત્રી બંધાઈ. લૉરાના સૌન્દર્યનો સૂર્ય ત્યારે મધ્યાહ્‌ને હોઈ તે યુરોપભરમાં પ્રસિદ્ધ હતી. બંનેની મૈત્રી વખત જતાં દૃઢ બનતી ગઈ, અને સર સાલારજંગ જ્યારે પોતાના દેશમાં પાછા ફર્યા ત્યારે લૉરાને પોતાની મૈત્રીના સંભારણા તરીકે એક કિંમતી વીંટી આપતાં કહ્યું, 'કોઈ પણ મુશ્કેલી વખતે મારી સહાયની જરૂર પડે તો આ વીંટી મોકલી આપજે, હું બધી જ સહાય કરીશ.'

થોડા જ સમય બાદ સ્વાતંત્ર્યવિપ્લવની જ્વાળા દેશમાં ભભૂકી ઊઠી. અંગ્રેજી હકૂમતના આ દેશમાંથી પાયા હલવા માંડતાં લૉરા બેલની સ્વદેશભક્તિ જાગી ઊઠી, અને સર સાલારજંગના વચનની વાત તેણે રાણી વિક્ટોરિયાના પાટવી કુંવર એડવર્ડને કરી. એડવર્ડે પેલી વીંટી સર સાલારજંગ પર મોકલી આપી તેમને તેમના વચનનું પાલન કરવા કહ્યું.

છ હજાર-પારની એક અંગ્રેજ યુવતીની સ્વદેશભક્તિ જાગી ઊઠી, પણ દેશમાં જ રહેલા સર સાલારજંગની સ્વદેશભક્તિ પોતાના દેશભાઈઓના સ્વાતંત્ર્યના પ્રયાસ પ્રતિ ન જાગી. વીંટી પહોંચતાં જ તેમણે હૈદરાબાદ રાજ્યનાં તમામ સાધન, સંપત્તિ અને સેનાબળ અંગ્રેજોને ચરણે ધરી દીધાં, જેણે ભારતમાં અંગ્રેજી હકૂમતને બચાવવામાં મોટો ફાળો આપ્યો. આવા તો કેટલાય દેશદ્રોહી સાલારજંગો રાજામહારાજાઓ પીતરંગી જમાતમાં પાક્યા હશે, જેનો ઈતિહાસ આજ સુધી વણનોંધાયેલો જ રહ્યો છે.

*

પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠા સૈન્યને કારી પરાજય સાંપડ્યો. પેશવા બાલાજી બાજીરાવનો મોટો પુત્ર વિશ્વાસરાવ યુદ્ધમાં હણાયો, સદાશિવરાવ ભાઉ લાપત્તા બન્યો, અને ઈબ્રાહીમ ગાર્દી તથા જંકોજી સિંધિયા જીવતા દુશ્મનને હાથ પડતાં અહમદશાહ અબ્દાલીએ તેમને મોતને ઘાટ ઉતારી દીધા, જ્યારે માધોજી સિંધિયા, મલ્હારરાવ હોલકર, દામાજી ગાયકવાડ વગેરે નાના ફડણીસ સાથે નાસી છૂટી પોતપોતાના મુલ્કમાં પહોંચ્યા.

આ આઘાતથી બાલાજી બાજીરાવનું થોડા સમયમાં મૃત્યુ થતાં તેનો બીજો પુત્ર માધવરાવ પેશવાની ગાદીએ આવ્યો. માધવરાવ ત્યારે માત્ર સોળ વર્ષનો હોઈ બધો કારભાર તેના કાકા રઘુનાથરાવ અથવા રાઘોબાએ હાથમાં લીધો અને પેશવા તથા તેની મા ગોપિકાબાઈને નજરકેદ જેવી સ્થિતિમાં રાખ્યાં. પરંતુ અનુકૂળ તક મળતાં માધવરાવે બધો કારભાર પોતાના હાથમાં લીધો. સૌપહેલાં એણે મરાઠા સૈન્યને વ્યવસ્થિત કરવા ફરમાન કાઢ્યું કે, 'દુશ્મનનો સામનો કરવા તમામ સરદારોએ પોતાના સૈન્ય સાથે હાજર થવું.' પરંતુ પાણીપતના પરાજય પછી એવી ગેરવ્યવસ્થા ઊભી થયેલી કે કોઈ જ સરદાર હાજર ન થયો, તેથી એણે બીજું ફરમાન કાઢ્યું કે અમુક દિવસમાં જે સરદાર પોતાના સૈન્ય સાથે હાજર નહિ થાય એની જાગીર જપ્ત કરવામાં આવશે. આમ છતાં કોઈ હાજર ન થતાં માધવરાવે સૌપ્રથમ પોતાના મામા આનંદરાવ રાસ્તેની જ જાગીર જપ્ત કરવાનો હુકમ કર્યો.

આની જાણ થતાં જ રાસ્તે પોતાની બહેન અને પેશવાની મા ગોપિકાબાઈ પાસે આવ્યો અને તેને કહ્યું, 'આ તારો દીકરો બહુ ડાહ્યો લાગે છે! તે આ રીતે કારભાર ચલાવવાનો છે?'

ગોપિકાબાઈએ આ પરથી પેશવાને ઠપકો આપ્યો અને તેણે કાઢેલો હુકમ રદ કરવાનું જણાવતાં કહ્યું, 'બીજાને છોડી ખુદ પોતાનાં પર તું આવો હુકમ બજાવે છે?'

હુકમ બધા પર બજાવવાનો છે, પણ સૌપહેલાં મામાની જાગીર જપ્ત કરતાં બીજાઓની હિંમત હુકમનો અનાદર કરતાં નહિ ચાલે. મામાને જોઈતી બીજી બધી સગવડ હું આપીશ, પણ હુકમ પાછો નહિ ખેંચાય.'

માધવરાવ કોઈ રીતે ન માનતાં ગોપિકાબાઈને કહ્યું, 'તું તારા તંતને પકડી રાખવાનો નિર્ણય કરી બેઠો છે, તો હું પણ આજથી પૂનાનું પાણી પીવાનું હરામ કરું છું.'

અને આમ કહી ગોપિકાબાઈ પૂનાથી ઉચાળભરી નાશિકભેગી થઈ ગઈ. માધવરાવના મૃત્યુસમયે પણ તેણે પૂનામાં પગ ન મૂક્યો. માધવરાવ પછી તેનો નાનો ભાઈ નારાયણરાવ ગાદીએ આવ્યો અને રાઘોબાએ તેનું ખૂન કરાવ્યું તો પણ તે ન આવી, અને નાશિકમાં ભીખ માગી પોતાનું ગુજરાન ચલાવવા લાગી. છેવટે સવાઈ માધવરાવના વખતમાં તેની પાસેથી ભિક્ષાવૃત્તિ છોડાવવામાં આવી. પણ એ ટેકીલી બાઈએ મરતાં સુધી ફરી પૂનામાં પગ ન મૂક્યો.

*

મુગલ શહેનશાહ શાહજહાં એકવાર પોતાના રાજ્યની મહેસૂલના ચોપડા તપાસતો હતો ત્યાં એક ગામની અગાઉનાં કરતાં ઘણા મોટા પ્રમાણમાં આવેલી વસૂલાત જોઈ તરત તેણે વઝીર સાદુલ્લાહખાનને બોલાવી આનું કારણ પૂછ્યું. વઝીરે જવાબ આપ્યો કે ગામ પાસે થઈને વહેતી નદીનું વહેણ બદલાવાથી ગામને જે વધારાની જમીન મળી તેને કારણે આ વધારો થયેલો.

'જમીન ખાલસા છે કે ઈનામી?' શાહજહાંએ પૂછ્યું.

'ઈનામી.'

આ જવાબ સાંભળતાં જ શાહજહાંના ગુસ્સાનો પાર ન રહ્યો અને તે બોલ્યો, 'નદીનું આઘું ખસવું એ ખુદાનાં બાળકો માટે ખુદાની બક્ષિશ છે. ગામનાં અનાથો ને વિધવાઓની અરજ સાંભળી ખુદાએ તેમને આ બક્ષિશ કરી છે. વધારાનું બધું જ મહેસૂલ પાછું મોકલી દો અને તે વસૂલ કરનાર અમલદારોને બરતરફ કરી દો.'

અશોક હર્ષ

ગુજરાતમાં 'હિંદ છોડો' આંદોલન

ડૉ. જયકુમાર ર. શુક્લ

ઈ.સ. ૧૯૩૯માં યુરોપમાં દ્વિતીય વિશ્વવિગ્રહ શરૂ થયો. ભારતની ચૂંટાયેલી પ્રાંતિક ધારાસભાઓની સંમતિ લીધા વિના, તે વખતના ગવર્નર-જનરલે ભારતને વિશ્વયુદ્ધમાં જોડી દીધું. તેના વિરોધમાં કૉંગ્રેસની પ્રાંતિક સરકારોએ રાજીનામાં આપી દીધાં. યુદ્ધ-વિરોધી નીતિનો અહિંસક રીતે પ્રચાર કરવાનો અધિકાર સ્થાપિત કરવા ઑક્ટોબર ૧૯૪૦માં કૉંગ્રેસે વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો. અનેક નેતાઓ તથા કાર્યકરો જેલમાં ધકેલાયા. ડિસેમ્બર ૧૯૪૧માં સરકારે બધા સત્યાગ્રહીઓને મુક્ત કર્યા. બદલાયેલી પરિસ્થિતિને લક્ષમાં રાખીને કૉંગ્રેસની કારોબારી સમિતિએ વ્યક્તિગત સત્યાગ્રહ બંધ રાખ્યો.

ચર્ચિલે સર સ્ટેફર્ડ ક્રિપ્સને માર્ચ ૧૯૪૨માં ભારત મોકલ્યા અને વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ સાથે તેમણે વાટાઘાટ કરી, પોતાની દરખાસ્તો જાહેર કરી ને પાછા ફર્યા. તેમણે ક્રિપ્સની દરખાસ્તોનો ભારતના બધા જાણીતા પક્ષોએ અસ્વીકાર કર્યો. તેમાં ધારાસભા પ્રત્યે કારોબારીની કોઈ જવાબદારી ન હતી, કોઈ એક પ્રાંત સંઘમાંથી અલગ થઈ શકે વગેરે કારણોને લીધે કૉંગ્રેસે એનો અસ્વીકાર કર્યો.

હવે શું કરવું એ બાબત પર મહાત્મા ગાંધીએ મનોમંથન કરી એપ્રિલ ૧૯૪૨થી પ્રચાર કરવા માંડ્યો કે, '...હિંદુસ્તાન પર ગમે તે વીતક ભલે વીતો, પણ તેની સાચી સલામતી, અને બ્રિટનની પણ, હિંદમાંથી અંગ્રેજો વ્યવસ્થિતપણે ને વેળાસર ચાલ્યા જાય એમાં રહેલી છે.' ગાંધીજીને એમ લાગતું હતું, કે હિંદુસ્તાનમાં અંગ્રેજોની હાજરી એ જાપાનને હિંદુસ્તાન પર ચડાઈ કરવાના નિમંત્રણ સમાન છે. તેઓ ચાલ્યા જાય તો ચડાઈની લાલચ દૂર થાય... હિંદને ભગવાનના હાથમાં સોંપો અને આ શબ્દો વિચિત્ર લાગતા હોય તો કહું છું કે અરાજકતાના હાથમાં સોંપો. છોડીને જવાની મઝા અને જરૂરિયાત તો તાત્કાલિક ચાલ્યા જવામાં છે.'

ગાંધીજીના 'હરિજન'ના લેખો દ્વારા ઉપર્યુક્ત વિચારોએ સમગ્ર દેશમાં હલચલ મચાવી. જુલાઈ ૧૯૪૨માં કૉંગ્રેસની કારોબારી સમિતિની વર્ધા મુકામે મળેલી બેઠકમાં આઠ-આઠ દિવસોની ચર્ચા બાદ સમિતિના સભ્યોએ ગાંધીજીના વિચારો સ્વીકાર્યા. સરકાર કૉંગ્રેસની દરખાસ્ત ન સ્વીકારે તો દેશવ્યાપી ચળવળ શરૂ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો.

મુંબઈમાં મળેલી મહાસમિતિની બેઠકમાં ૮ ઑગસ્ટ ૧૯૪૨ની રાત્રે 'હિંદ છોડો' (Quit India) નામથી જાણીતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. તેમાં જણાવ્યું, '...દેશમાંથી બ્રિટિશ હકૂમતનો અંત આવે એ એક અત્યંત અગત્યનો અને એટલી જ તાકીદનો મુદ્દો છે... સ્વતંત્રતાના બીજાને સુપરત ન કરી શકાય તેવા પોતાના હક્કની સિદ્ધિને માટે, મોટામાં મોટા પાયા પર અહિંસાથી ચાલતી લડતને મંજૂરી આપવાનું સમિતિ ઠરાવે છે. આ પ્રકારની લડતનું સુકાન ગાંધીજી સંભાળે એ અનિવાર્ય છે. તેથી લડતની આગેવાની લઈને તેને અંગે જે પગલાં લેવાનાં હોય તેમાં પ્રજાને દોરવાને સમિતિ તેમને વિનંતી કરે છે...'

ત્યારે મહાસમિતિની બેઠકમાં ગાંધીજીએ આપેલું ભાષણ ધ્યાન ખેંચે છે: '...સૌ માને કે આ ઘડીથી આપણે સૌ આઝાદ બન્યા છીએ. આઝાદીથી અધૂરું એવું કશું જ હવે નહિ ખપે... દરેક ભાઈ અને બહેન આઠે પહોરે એક જ સ્તવન કરે કે સવાર-સાંજ ખાઉં છું તે આઝાદીને માટે, જીવું છું તે આઝાદીને માટે અને મરીશ પણ હિંદની આઝાદીને માટે... આજે છુપાઈને કશું કરવું નથી. આ ખુલ્લો બળવો છે. આ લડતમાં ખુલ્લી છાતીએ ગોળીઓ ઝીલવાની છે. એમાં ગુપ્ત પ્રવૃત્તિ પાપ છે... સ્વરાજ્ય ન આપવા ઇચ્છતા હાથોમાંથી હિંદુસ્તાન પોતાની આઝાદી અહિંસા વડે ઝૂંટવી લેશે... મેં મહાસભાને હોડમાં મૂકી છે, અને મહાસભા માટે તો એટલું જ રહે છે, 'કરેંગે યા મરેંગે'"



નંદલાલ જોશી



ઉમાકાંત કડિયા



રસિકલાલ જાની

૯મી ઓગસ્ટની વહેલી સવારે ગાંધીજી, કૉંગ્રેસ પ્રમુખ મૌલાના આઝાદ, સરદાર પટેલ, જવાહરલાલ નેહરુ સહિત કૉંગ્રેસના અનેક નેતાઓની દેશમાંથી ધરપકડ કરવામાં આવી. અમદાવાદમાં ગ.વા. માવળંકર, ભોગીલાલ લાલા, અર્જુન લાલા, જયંતી દલાલ, જીવણલાલ દીવાન સહિત ૧૭ કૉંગ્રેસી નેતાઓની, સૂરતમાં ચંપકલાલ ઘિયા, છોટુભાઈ મારફતિયા સહિત ૪૦ કૉંગ્રેસીઓની, વડોદરામાં છોટુભાઈ સુતરિયા, પ્રાણલાલ મુનશી, ચુનીલાલ શાહ સહિત ૨૧ કૉંગ્રેસી નેતાઓની તથા પંચમહાલ, ભરૂચ, ખેડા જિલ્લો અને સૌરાષ્ટ્રમાંથી વામનરાવ મુકાદમ, માણેકલાલ ગાંધી, દિનકરરાય દેસાઈ, બળવંતરાય મહેતા, ઉછરંગરાય ઢેબર વગેરે આગેવાનોની ધરપકડ કરવામાં આવી. ગુજરાતમાં પ્રાંતિક, જિલ્લા અને તાલુકા કૉંગ્રેસ સમિતિઓ ગેરકાયદે જાહેર કરવામાં આવી.

૯મી ઓગસ્ટથી અમદાવાદની બધી મિલો, બજારો, શાળાઓ તથા કોલેજોમાં હડતાલો પડી. અમદાવાદના હજારો વિદ્યાર્થીઓએ ૨૫૦ દિવસ લાંબી અભૂતપૂર્વ હડતાળી પાડી. અમદાવાદનાં બધાં મોટાં બજારો તથા કાપડની ૭૫ મિલોમાં અને સૂરતની કાપડની મિલોમાં ૧૦૫ દિવસની ઐતિહાસિક હડતાળ પાડવામાં આવી, જે દેશમાં અદ્વિતીય ઘટના હતી. ગુજરાતનાં અનેક શહેરો તથા ગામોમાં હડતાળો પડી. હજારો વિદ્યાર્થીઓ શાળા-કોલેજો છોડીને સભા-સરઘસોમાં જોડાયા. ૯મીએ અમદાવાદમાં ખાડિયામાં થયેલા ગોળીબારમાં ઉમાકાન્ત કડિયા મરણ પામ્યો. અમદાવાદમાં લૉ કોલેજથી નીકળેલું ૨,૦૦૦ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનું સરઘસ ગુજરાત કોલેજમાં પ્રવેશતાં ધ્વજધારી ઘવાયા. વિનોદ કિનારીવાલા ખુલ્લી છાતીએ શહીદ બન્યા. રાષ્ટ્રિય વિદ્યાર્થી મંડળે ગુપ્ત પત્રિકાઓ પ્રસિદ્ધ કરી. વિદ્યાર્થીઓ સભા-સરઘસોમાં જોડાતા, તાર-ટૅલિફોનનાં દોરડાં કાપતા, પત્રિકાઓ વહેંચતા, રસ્તામાં અંતરાયો મૂકતા તથા પોલીસો ઉપર પથ્થરમારો કરતા.

વડોદરાથી ૩૪ વિદ્યાર્થીઓ નાવલી તથા આણંદની આસપાસનાં ગામોમાં લડતનો પ્રચાર કરીને પાછા ફરતાં હતા ત્યારે, ૧૮ ઓગસ્ટની સાંજે અડાસ સ્ટેશન પાસે પોલીસે તેમના ઉપર ગોળીબાર કરવાથી, તેમાંના ત્રણ જણ તરત અને બે જણ પાછળથી મરણ પામ્યા અને કેટલાકને ગંભીર ઈજાઓ થઈ. અમદાવાદ, વડોદરા, સૂરત, ભાવનગર, મહેસાણા સહિત અનેક નગરો અને ગામોમાં સરઘસો કાઢવામાં આવ્યાં. તેમાંથી અનેક માણસોની ધરપકડો કરવામાં આવી.

અમદાવાદ, વડોદરા, સૂરત, ભાવનગર, દાહોદ તથા ખેડા જિલ્લાનાં ગામોમાંથી ગુપ્ત પત્રિકાઓ પ્રકટ થતી. તેમાં ચળવળના સમાચાર તથા કાર્યક્રમ આપવામાં આવતો. ગાંધીજી ગુપ્ત પ્રવૃત્તિના વિરોધી હતા. તેમ છતાં કૉંગ્રેસી નેતાઓના જેલમાં જવાથી અમદાવાદમાં બી.કે.મઝમુદાર, કાંતિલાલ ઘિયા, જયંતી ઠાકોર, રમણીકલાલ શાહ, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના નેતા છોટુભાઈ પુરાણીએ ભરૂચ જિલ્લામાં તથા રતુભાઈ અદાણી, જયમલ્લ પરમાર વગેરે કાર્યકરોએ સૌરાષ્ટ્રમાં ગુપ્ત પ્રવૃત્તિનું સંગઠન સાધ્યું. તેઓએ અચ્યુત પટવર્ધનનું માર્ગદર્શન મેળવીને વડોદરામાં ગુપ્ત સભા ભરી ગુજરાતમાં ભાંગફોડની પ્રવૃત્તિની યોજના ઘડી. અમદાવાદમાં બી.કે. મઝમુદાર શ્રીમંતો પાસેથી લડત માટે નાણાં મેળવી આપતા. આ ઉપરાંત ફાળો કરીને કે લૂંટ દ્વારા નાણાં મેળવવામાં આવતાં. એ નાણાંનો ઉપયોગ હથિયારો ખરીદવા, બૉંબ બનાવવા, પત્રિકા પ્રકટ કરવા તથા ગુપ્તવાસ સેવા કાર્યકરોના નિભાવ માટે કર્યો હતો. અમદાવાદમાં 'આઝાદ સરકાર'ની રચના કરી 'જયાનંદ' નામથી જયંતી ઠાકોરને શહેરસૂબા બનાવવામાં આવ્યા. તેમની સૂચનાનો શહેરનાં લોકો અમલ કરતા. વાસુદેવ ભટ્ટ અને રામભાઈ પટેલ સાબરમતી જેલમાંથી નાસી જઈને ભૂગર્ભ પ્રવૃત્તિમાં સક્રિય બન્યા.

અમદાવાદ મ્યુનિસિપાલિટીએ 'હિંદ છોડો'ના ઠરાવને ટેકો આપ્યો, સુધરાઈની કચેરીઓ બંધ રાખી અને સરકારના જુલમને વખોડી કાઢ્યો. સરકારે અમદાવાદ સુધરાઈ બરતરફ કરી, ગાંધીજીએ ૧૯૨૯માં ચઢાવેલો ધ્વજ ઉતારી લેવાથી કર્મચારીઓએ હડતાળ પાડી. આખરે રાષ્ટ્રિય ધ્વજ ચઢાવવાની ક્લેક્ટરે રજા આપી. તે કર્મચારીઓનો જ્વલંત વિજય અને દેશમાં અદ્વિતીય ઘટના હતી. બહુમતી ધરાવતા કૉંગ્રેસના સભ્યોએ રાજીનામાં આપવાથી સરકારે સૂરત, વલસાડ, નડિયાદ અને ખેડાની સુધરાઈઓ તથા પંચમહાલ, સૂરત અને ખેડા જિલ્લા લોકલ બોર્ડ તથા સ્કૂલ બોર્ડને બરતરફ કરી વહીવટ સંભાળી લીધો.


વસંતલાલ


પુષ્પવદન મહેતા


નાનજીભાઈ પટેલ

ભાંગફોડની પ્રવૃત્તિ

ગાંધીજીના અનુયાયીઓ માનવા તૈયાર નહોતા, પરંતુ કિશોરલાલ મશરૂવાળાએ 'હરિજન'ના ૨૩ ઓગસ્ટના અંકમાં જણાવ્યું હતું કે, 'જીવનને જોખમમાં મૂક્યા વિના વાહન વહેવારમાં અહિંસક રીતે અવ્યવસ્થા પેદા કરી શકાય... જીવનની સલામતીની કાળજી લેવામાં આવે તો તાર કાપવા, પાટા ઉખાડવા, નાના પુલોનો નાશ કરવાનો આ લડતમાં વાંધો લઈ શકાય નહિ.' આ સૂચના આપતી લાખો પત્રિકાઓ દેશમાં વહેંચવામાં આવી હતી.

સમગ્ર ગુજરાતમાં અનેક સ્થળે તાર-ટેલિફોનનાં દોરડાં કાપવામાં આવ્યાં. તારનાં દોરડાં કાપતાં પકડાયેલા ગુણવંત પુરોહિત અને જશવંત મહેતા પોલીસની કસ્ટડીમાંથી નાસી જઈને છોટુભાઈ પુરાણીની ક્રાંતિકારી મંડળીમાં જોડાયા. પોલીસના લાઠીમાર અને ગોળીબારનો સામનો કરવા છોકરાઓ પોલીસવાન, પોલીસ પાર્ટી, પોલીસ ચોકીઓ, પોસ્ટ ઑફિસો અને હડતાળ ન પાડતી દુકાનો પર સખત પથ્થરમારો કરતા. પોલીસો પોળોમાં ઘૂસી મહિલાઓ, વૃદ્ધો તથા બાળકોને પણ મારતા. તે ત્રાસ નિવારવા યુવાનોએ પોળોમાં ઘૂસેલા પોલીસો પર એસિડ ભરેલા બલ્લ નાખી, તેમને પોળોમાં પ્રવેશતાં બંધ કર્યા.

અમદાવાદમાં પોલીસ ચોકીઓ, પોસ્ટ ઑફિસો, સરકારી કચેરીઓ, સુધરાઈની શાળાઓ તથા મિલોમાં આગ લગાડવામાં આવી. સૂરત જિલ્લાનાં અનેક ગામોમાં લોકોનાં ટોળાંએ ચોરામાં આગ લગાડી દફતર બાળ્યું. જલાલપુર તાલુકમાં ૧૯ પોસ્ટ ઑફિસો, ગોધરામાં જિલ્લા શાળા મંડળની કચેરી તથા કેટલાંક ગામોના ચોરાને આગ લગાડી દફતર બાળવામાં આવ્યું.

ખેડા જિલ્લામાં વિઠ્ઠલભાઈ પટેલ સહિત યુવાનોએ ટપાલના થેલા લૂંટયા, તાર-ટેલિફોનના દોરડાં કાપ્યાં, રેલવેની ફિશ પ્લેટો કાઢી નાખી તથા પિપલાવ, મરાલા, બોરસદ, રણાસર, નંદોલી વગેરે ગામોના ચોરાને આગ લગાડી. નડિયાદના યુવાનોએ ચંપકલાલ શાહની આગેવાની હેઠળ આવકવેરા કચેરીનું દફતર બાળી નાખ્યું.

અમદાવાદમાં વિવિધ જૂથો દ્વારા બૉંબ બનાવવામાં આવતા. શહેર-સૂબાની સૂચનાથી ગોવિંદભાઈ શિણોલ સૌરાષ્ટ્રનાં ગામોમાંથી દારૂગોળો, રિવોલ્વરો અને કારતૂસો ખરીદી લાવ્યા. સરકારી કાર્યો અટકાવી દેવા તથા અરાજકતા ફેલાવવા પોલીસ ચોકી, પોસ્ટ ઑફિસો અને સરકારી કચેરીઓ પર બૉંબ ફેંકવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર, નવેમ્બર અને ડિસેમ્બર ૧૯૪૨ તથા જાન્યુઆરી ૧૯૪૩માં અમદાવાદમાં બૉંબ ફૂટવાના સૌથી વધારે બનાવો બન્યા હતા. પોલીસ ચોકી ઉપર બૉંબ નાખવા થેલીમાં લઈ જતાં બૉંબ ફૂટવાથી નારણભાઈ પટેલ અને નાનજી પટેલ મરણ પામ્યા. રાયપુર, પીપરડીની પોળમાં રાસાયણિક બૉંબ બનાવવા જતાં ધડાકો થવાથી નંદલાલ જોષી અને નરહરિ રાવળને પ્રાણઘાતક ઈજાઓ થવાથી મરણ પામ્યા. જમાલપુરમાં બૉંબ બનાવવા રસાયણોનું મિશ્રણ કરતાં ધડાકો થવાથી પી.કે. ચૌધરી અને શાંતિલાલ પટેલને ગંભીર ઈજાઓ થઈ.


મનહર રાવળ, રામપ્રસાદ શાહ, બાલમુકુંદ આચાર્ય, ગિજુભાઈ વ્યાસ, વિઠ્ઠલદાસ જોશી, નાનુભાઈ ભટ્ટ વગેરેએ ગુપ્ત મંડળી રચી. તેમણે ઈડર અને શિવરાજપુરથી દારૂગોળો ખરીદી બૉંબ બનાવ્યા. મિલો ખૂલે નહિ તે માટે ૨૨ નવેમ્બર ૧૯૪૨ની સાંજે પાંચ ઈલેકટ્રીક સ્વીચ હાઉસમાં ૧૬ બૉંબ મૂક્યા. તેના એક સાથે રાત્રે સાડા સાત વાગ્યે ધડાકા થવાથી અમદાવાદ શહેરમાં અંધકાર થયો. પરંતુ એક જ કલાકમાં વીજળીનો પુરવઠો ચાલુ થતા યોજના નિષ્ફળ ગઈ. મિલો ૧૦૫ દિવસની હડતાળને અંતે ૨૩ નવેમ્બરથી ખૂલી ગઈ. ત્યારબાદ મામુનાયકની પોળમાં રાસાયણિક બૉંબ બનાવતાં ધડાકો થવાથી ગોવિંદલાલ પટેલ અને બાબુલાલ શંકરલાલને ઈજાઓ થઈ.

સૂરત જિલ્લામાં બૉંબ ફૂટવાના ૩૪ અને આગના ૫૧ બનાવો બન્યા. જલાલપુર તાલુકામાં ૩૦ ગામોના તલાટીઓનું તથા ૪૦ ગામોમાં શાળાઓનું દફતર બાળી નાખવામાં આવ્યું. ચિખલીમાં હાઈ સ્કૂલ, પોલીસ લાઈન તથા વિશ્રામગૃહમાં બૉંબ મૂકવામાં આવ્યા. વડોદરામાં કોલેજ, કલાભવન તથા ટપાલ પેટીઓમાં બૉંબ ફૂટ્યા. મહેસાણા, સિદ્ધપુર અને શિનોરમાં પણ બૉંબના ધડાકા થયા. પંચમહાલ જિલ્લમાં મોરખલાની પોલીસ ચોકીમાં, ઝાલોદની પોલીસ ચોકી નજીક, વેજલપુરના ચોરામાં, અંબાલી પોલીસ ચોકીમાં અને હાલોલમાં મામલતદારની કચેરીમાં બૉંબ ફૂટ્યા હતા.

ભરૂચ જિલ્લામાં છોટુભાઈ પુરાણીએ બૉંબ બનાવવાની રીતો અને ગેરીલા લડતની પદ્ધતિ વર્ણવતી 'ગેરીલા વૉરફેર' નામક પુસ્તિકા પ્રકટ કરી



નરહરિ રાવળ



નારણભાઈ પટેલ



વિનોદ કિનારીવાલા

ગુજરાતનાં નગરોમાં તેનો પ્રચાર કર્યો. તેમના માર્ગદર્શન હેઠળ હેન્ડ બૉંબ, ટાઈમ બૉંબ અને પ્રેશર બૉંબ બનાવવામાં આવ્યા. વિશ્વામિત્રી અને જંબુસર સ્ટેશનો વચ્ચે પાટા ઉપર પ્રેશર બૉંબ મૂકવામાં આવ્યો. આગગાડી પસાર થતાં તે ફૂટવાથી એન્જિનને નુકસાન થયું અને ડ્રાઈવરને ઈજા થઈ. ભરૂચ, નડિયાદ, ઉમરેઠ, ખેડા અને બોરસદમાં પણ બૉંબ ફૂટવાના બનાવો બન્યા હતા. સૌરાષ્ટ્રમાં મનુભાઈ બક્ષી, જયમલ્લ પરમાર, નિરંજન વર્મા, રતુભાઈ અદાણી, ગુણવંત પુરોહિત સહિત ૫૦ ક્રાંતિકારીઓ ભાંગફોડ કરતા હતા. તેમણે રાજકોટ, બોટાદ જોરાવરનગર અને વાંકાનેરમાં બૉંબ બનાવ્યા. વિવિધ સ્થળોએ તેના ધડાકા થયા.

લૂંટના બનાવો

અમદાવાદમાં પ્રીતમનગર અખાડાના વ્યાયામવીરોએ માદલપુર તથા કોચરબના ચોરામાં લૂંટ કરી. પંચમહાલ જિલ્લાના બોડિદરા, વાઘજીપુરા તથા કુવાજર ગામોમાં ભીમસિંહ પરમારે લૂંટ કરી. કાલોલ તાલુકામાં પોલીસ અને ગેરીલાઓ અથડામણમાં આવ્યા. હાલોલ તાલુકાના અંબાલી પોલીસ સ્ટેશન ઉપર ભરૂચના ચંદ્રશંકર ભટ્ટ, અમરેલીના ગુણવંત પુરોહિત તથા મહુવાના જશવંત મહેતા સહિત ક્રાંતિકારીઓએ હુમલો કરી બંદૂકો અને કારતૂસો લૂંટ્યાં. ચંદ્રશંકર ભટ્ટની આગેવાની હેઠળ પંદર યુવાનોએ રિવોલ્વરો, બંદૂકો, તીર-કામઠાં, ભાલા અને લાઠીઓથી સજ્જ થઈ ભરૂચ જિલ્લાના વેડચ પોલીસ સ્ટેશન પર હુમલો કરી બંદૂકો અને કારતૂસોની લૂંટ કરી. છોટુભાઈ પુરાણી, ચંદ્રશંકર ભટ્ટ, મેઘજી પચાણજી (અગાઉ કચ્છનો બહારવટિયો, હૃદય-પરિવર્તનથી સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાયો હતો) સહિત ૧૪ શસ્ત્રસજ્જ યુવાનોએ સરભોણના પોલીસ થાણા પર હુમલો કરી સંત્રી પર ગોળીબાર કરી મારી નાખ્યો. તેમણે થાણામાંથી બંદૂકો, બેયોનેટ અને કારતૂસોની લૂંટ કરી. ખેડા જિલ્લામાં ધર્મજ, વીરસદ, આણંદ, નડિયાદ, ખેડા વગેરે સ્થળેથી યુવાનોએ ટપાલના થેલાની લૂંટ કરી. મનીઓર્ડરના નાણાં મેળવી ગુમવાસ સેવતા કાર્યકરોના નિભાવ માટે ઉપયોગ કર્યો. ચંદ્રશંકર ભટ્ટ અને સાથીઓએ સૌરાષ્ટ્રમાં લીલાપુર અને લખતર વચ્ચે ટ્રેન અટકાવી, સરકારી તિજોરીમાંથી એક લાખ રૂપિયા લૂંટીને નાસી ગયા. તે નાણાંનો ઉપયોગ ચળવળ માટે કરવામાં આવ્યો.

કરાડી (જલાલપુર તા.)માં મળેલી સભા બાદ લોકોને પોલીસ સાથે અથડામણ થતાં પોલીસે કરેલા ગોળીબારથી ઉશ્કેરાયેલાં લોકોએ મટવાડ પોલીસ થાણા પર હુમલો કર્યો. પોલીસના ફરીવારના ગોળીબારથી ત્રણ માણસો મરણ પામ્યા અને આઠ જણા ઘવાયા. તે પછી થયેલી મારામારીમાં લાઠીમારથી એક પોલીસ મરણ પામ્યો અને પાંચ પોલીસ ઘવાયા. ત્યાર બાદ મટવાડમાં લશ્કર ગયું અને ૪૦ માણસોની ધરપકડ કરી, ગામ લૂંટ્યું અને લોકો ઉપર ત્રાસ ગુજાર્યો. પોલીસે કરાડીના ચાર માણસોની ધરપકડ કરવાથી તેમને છોડાવવા ૧૩ યુવાનોએ સોડિયાવડ પાસે પોલીસ પર હુમલો કર્યો. અથડામણમાં કેદી ડાહ્યાભાઈ કેસરી નાસી ગયા. ગોસાંઈભાઈ પટેલે પોલીસની રાઈફલ ખૂંચવી લીધી. સખત મારવા છતાં બાકીના કેદીઓએ માહિતી આપી નહિ.

ઉત્તર ગુજરાતમાં સઈજ ગામમાં પોલીસના ગોળીબારથી ઉશ્કેરાયેલાં લોકોએ ચોરાને આગ લગાડી તથા ચોરામાંથી નાસતા ચાર પોલીસો અને નાયબ ફોજદારને મારી નાખ્યા.

રેલ્વેમાં ભંગાણ

વડોદરા રાજ્યના ચોરંદા ગામે અંબાલાલ ગાંધીના નેતૃત્વ હેઠળ લોકોના ટોળાએ રેલના પાટા ઉખાડી નાખ્યા. ટોળાએ રેલવે સ્ટેશન, લાકડાના સ્લીપર્સ, ગામનો ચોરો તથા ટપાલ પેટીઓ બાળ્યાં. બારડોલી તાલુકાનાં ગામોનાં લોકોએ બારડોલીથી ગંગાધર સુધીના રેલવેના પાટા ઉખેડી નાખ્યા તથા પુલોની ભંગફોડ કરી. અમલનેર અને કહેરનું સ્ટેશન તથા વેડછની કેબિન બાળવામાં આવ્યાં. ઉત્તર ગુજરાતમાં કલોલ પાસે તથા સૌરાષ્ટ્રમાં વઢવાણ પાસે રેલવેની ફિશપ્લેટો કાઢી નાખવાથી માલગાડીના ડબા ઊથલી પડ્યા.

ચળવળની સમીક્ષા

૯મી ઑગસ્ટના રોજ નેતાઓની ધરપકડ થઈ ત્યાં સુધી ગાંધીજીએ ચળવળનો કાર્યક્રમ ઘડ્યો ન હતો. તેમણે પોતે 'કરેંગે યા મરેંગે'ની જાહેરાત કરી હતી. ગાંધીજીના અહિંસાના અર્થઘટન અનુસાર ચડિયાતી તાકાત સામે કરેલી હિંસા એની મેળે જ અહિંસા બની જાય છે. નિ:શસ્ત્ર બળવામાં ક્રાંતિકારીઓ માટે આ સિદ્ધાંત ઘણો અનુકૂળ હતો. સરદાર પટેલે અમદાવાદની એક સભામાં કહ્યું હતું, '...મૃત્યુને ભેટજો પરંતુ પાછા હઠશો નહિ... ચૌરી ચૌરા જેવા હિંસાના બનાવો પણ આ ચળવળને અટકાવી શકશે નહિ...' લોકોને ઉશ્કેરવા માટે આવાં નિવેદનો પૂરતાં હતાં. કિશોરલાલ મશરૂવાળાએ 'હરિજન'ના અંકમાં ભાંગફોડની પ્રવૃત્તિ માન્ય રાખી હતી.

૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળ દેશવ્યાપી હતી. તેનો ઉદ્દેશ બ્રિટિશ સરકારને ચાલ્યા જવાની ફરજ પાડી, શાસનતંત્ર ખોરવી નાખી, સ્વતંત્રતા મેળવવાનો હતો.પરંતુ ચારપાંચ મહિનામાં સરકારે ચળવળને કચડી નાખી. તે ચળવળ નિષ્ફળ ગઈ. તે નિષ્ફળ જવાનાં ત્રણ મુખ્ય કારણો હતાં : (૧) સરકારની ચડિયાતી તાકાત, (૨) લડતમાં સંગઠન તથા આયોજનની ખામીઓ અને (૩) સરકારી નોકરોની વફાદારી. કૉંગ્રેસના નેતાઓને જેલમાં પૂરી દેવાથી, નેતાઓ વગરનો તથા કાર્યક્રમ વિનાનો બળવો થયો. વહીવટને અટકાવી દેવાના અલગ અલગ પ્રયાસોની હારમાળા જેવો એ બળવો હતો. તેમાં સંગઠન, સંકલન, વ્યૂહરચના તથા નેતૃત્વનો અભાવ હતો. કાર્યપદ્ધતિ વિષે નેતાઓનાં દૃષ્ટિબિંદુ અલગ હોવાથી ચળવળની અલ્પકાલીન સફળતા નિષ્ફળતામાં પરિણમી. તેમ છતાં આ ચળવળ વાસ્તવમાં લોકક્રાંતિ બની હતી. તેમાં માતૃભૂમિની મુક્તિ કાજે હજારો લોકોએ શહીદી વહોરી હતી.

'હિંદ છોડો' ચળવળ સ્વતંત્રતા માગનાર દરેક દેશવાસીની ચળવળ બની હતી. તેમાં શ્રીમંતો, મુસલમાનો, સામ્યવાદીઓ, રૉયવાદીઓ અને સરકારી કર્મચારીઓ જોડાયા નહોતા. પરંતુ મધ્યમ વર્ગનાં લોકો, વિદ્યાર્થીઓ, કામદારો તથા ખેડૂતો મોટી સંખ્યામાં આત્મસમર્પણની ભાવનાસહિત જોડાયાં હતાં. ચળવળે આમજનતાના 'ખુલ્લા બળવા'નું સ્વરૂપ પકડ્યું. આ ચળવળ દરમિયાન દેશમાં બ્રિટિશવિરોધી લાગણી વ્યાપક પ્રમાણમાં પ્રસરી. તેણે દુનિયામાં સૌથી મોટા બ્રિટિશ સામ્રાજ્યના પાયા હચમચાવી નાખ્યા. ૧૯૪૭માં આઝાદી મળી તે માટેની ભૂમિકા આ ચળવળે સર્જી. ભારતના પ્રશ્ન પ્રત્યે વિશ્વના દેશોનું ધ્યાન દોરાયું અને તે આંતરરાષ્ટ્રિય પ્રશ્ન બન્યો. □

નાટ્ય અનુભાવન — એક સાદ્યંત માનવીય પ્રક્રિયા

હસમુખ બારાડી

માનવીની પ્રાથમિક અભિવ્યક્તિ (ધ્વનિ, મુદ્રા વગેરે) સાથે જન્મેલી અને એના કાવ્ય, નૃત્ય, સંગીત, ચિત્ર વગેરે સઘળા પ્રકારોને સમાવતી જતી, પછીનાં રેડિયો, ટીવી, ફિલ્મ પ્રત્યાયનનાં અનેક માધ્યમોને સર્જતી 'પ્રસ્તુતિ'ની કલા એ નાટ્યકલા. અનુકૃતિ એના કેન્દ્રમાં છે; રસાનુભવ એનું પરિણામ છે; નટ-પ્રેક્ષકને સથવારે એ સધાય છે. પોતાના ઉપરાંત બીજું કંઈક બનવું અને એને 'રજૂ' કરવું એ માણસની આંતરિક જરૂરત છે, અને એ જ રંગભૂમિનો જાદુ છે. સહૃદય રસિકને એ પ્રક્રિયામાં કલ્પનાથી ઘડાયેલું - ફ્રેમ થયેલું - જીવન જોવા મળે છે. નાટ્ય એમાં નટ-પ્રેક્ષક વચ્ચે કે તેની સાથે ને તેના દ્વારા સર્જાય છે : જીવંત, પૂરા ૩૬૦ અંશની આંતર્ પ્રક્રિયામાં.



રામનગરની 'રામલીલા' - મેઘનાદનું પૂતળું (એફિજી), જેને લક્ષ્મણ લડાઈમાં હરાવે, અને પછી લોકો એને બાળી મૂકે.

આ પ્રક્રિયામાં નટની રમણભૂમિ (એક્ટિંગ એરિયા) નટપ્રેક્ષક સંપર્ક, રંગરૂપરચનાસ્થિતિ, સંગીતનૃત્ય, અવસ્થાનુકૃતિ, રમણભૂમિનો આકાર, સામાજિક માળખું, થીએટર પ્રક્રિયા માટે પ્રવેશ-અધિકારની શરતો, સાહિત્યકલાના પ્રવાહો અને વાદો, નાટ્યપ્રણાલિઓના વિકાસના તબક્કાઓ વગેરે અનેક પાસાંઓ નિર્ણાયક છે. પકડવાની છે નાટ્યક્ષણ, માણવાનો છે રસ, જે બન્ને ભોગીઓને યોગી બનાવે, અને છતાં રસાનુભૂતિની ભૂમિકાએ એ ભૌતિક પણ રહી શકે.

ઈતિહાસ કે સિદ્ધાંતચર્ચામાં ભારેખમ બન્યા વિના આ બધાંની વાત આપણે કરવાની છે. ઉદ્દેશ છે નાટ્ય-અનુભાવન કરવાનો; શક્ય એટલાં પાસાં સમજવાનો. આયોજન એવું છે કે નાટ્ય-પ્રસ્તુતિઓની વાત માંડીએ - જાતે જોયેલી અથવા જે'યાસથી જાણેલી. શક્ય હોય ત્યાં સુધી ગુજરાતી જ લઈશું, પણ એમાં અન્ય પ્રાંતદેશની નાટ્ય-પ્રસ્તુતિઓ પણ આવશે; જરૂરી પણ બનેશે (કિટલુંક અન્યનું પણ સમજીએ તો આપણુંય સમજાય.) બનશે ત્યાં સુધી વિકાસક્રમ જાળવીશું; પણ મોટેભાગે આખો પરિપ્રેક્ષ્ય જાળવવા માટે નાટ્યપ્રક્રિયા ની જેમ જ, એનાં વિવિધ અંગોની સહોપસ્થિતિ રાખીશું. ટૂંકમાં, વાત પ્રવાહી રાખીશું જેથી સુજ્ઞ રસિકોને એમાં પ્રતિભાવ આપવા, એને સંમાર્જવા તક રહે, થીએટરની પ્રક્રિયાની જેમ, એમાંય સમકક્ષ ભાગીદારી રહે.

જો કે એના પ્રથમ દશ્યમાં આટલું પ્રસ્તાવિક કરીએ :

એ સર્જાય છે આરંભે ખાલી દેખાતી નટની રમણભૂમિમાં. મોટાભાગના આપણને પડદે ઢબૂરાયેલા દૂર ઊંચા પ્રકાશિત મંચને અંધારઘેર્યા પ્રેક્ષકગૃહમાંથી જોયાનો આજે વિશેષ અનુભવ છે, તો કેટલાકે શેરીને નાકે ભજવાતાં નાકટો કે મંદિરના ચાચરમાં થતી ભવાઈ વગેરે નિહાળ્યાં હશે. આલિશાન તોતિંગ થીએટર હોલોના આજના મંચા અને પ્રેક્ષાગારો તો ત્રણસોએક વરસ જ જૂનાં છે ! એ જગ્યા (સ્પેસ) પણ સમાજરચના પ્રમાણે બદલાતી રહી છે : ગ્રીકોની રંગભૂમિ ડુંગરાઓના ઢાળે કોતરેલી પ્રેક્ષકબેઠકોની વચ્ચે ખીણની સપાટ ભૂમિમાં હતી; સંસ્કૃત નાટકો ત્રિકોણ, ચતુષ્કોણ, લંબચોરસ બાંધેલા નાટ્યમંડપોમાં ભજવાતાં; શેક્સ્પીઅર ત્રણ બાજુથી ઘેરાયેલી પ્રેક્ષક-ગેલેરીઓની વચ્ચે બે માળની રમણભૂમિમાં નાચતો; ઇબ્સન-ચેહફનાં નાટકોનો વાસ્તવ આભાસ આજના જેવા પડદે વિભાજિત થીએટર હોલોમાં સર્જાતો, જયશંકર 'સુંદરી'નું પણ એ જ અનુકરણે થીએટર હતું; ભવાઈ જેવાં પરંપરિત નાટ્યો પ્રેક્ષકોથી



કેરળનું પારંપરિક (લોક) નાટ્ય ચેરુકુટ્ટુમાં આહાર્ય અભિનય

ઘેરાયેલી રમણભૂમિમાં, એક જ લેવલે નટપ્રેક્ષક હોય એ રીતે, પેશ થાય છે મોટેભાગે ; રામનગર (વારાણસી)માં આખું નગર થીએટર બને છે... રમણભૂમિનો આકાર, પ્રવેશ-અધિકારની શરત, નટપ્રેક્ષક અંતર વગેરે જેટલે અંશે તત્કાલીન સમાજરચનાનું પરિણામ છે, એટલે જ અંશે એ રમણભૂમિમાં અવતરતાં નાટ્ય માટે પણ નિર્ણાયક રહ્યાં છે.

એ સર્જાય છે મુખ્યત્વે નટના માધ્યમ દ્વારા - એનાં અંગ અને અવાજથી; એનાં અંગનાં મુદ્રાસ્થિતિરચનાગતિ અને વાક્‌ના આરોહ-અવરોહમંદબુલંદઘેરાઆછા પ્રયોગથી. એ થયો આંગિક અને વાચિક અભિનય. રંગ અને વેશભૂષાથી તેમજ હાથસામગ્રીથી એનાં સામાજિકસ્થિતિઉમરમિજાજ વગેરે દ્વારા નટ જે પાત્ર કરે એની ઓળખાણ વધે, સન્નિવેશથી સ્થળ (લોકલ) સૂચવાય, પ્રકાશથી સમય અને ભાવ પરખાય, સંગીતથી દશ્યભાવપલટા સમજાય વગેરે. એ આહાર્ય અભિનય છે; અને સાત્ત્વિક અભિનય માટે એ પૂરક- સહાયક ઉપકરણો છે. મૂળમાં તો આંગિક અને વાચિક અભિનય જ કેન્દ્રમાં હતો અને રહેશે. ('છે' એવું આપણા આજના થીએટર માટે કહેતાં અચકાઉં છું.) સાત્ત્વિક એટલે નટ પોતાની આંતર્ચેતના પાત્રસર્જનમાં પ્રયોજે તે. આ ચારેય મળીને અર્થ પ્રેક્ષકો તરફ (અભિ) લઈ જાય (નય). આ અર્થ લેખક આપે, દિગ્દર્શક 'અભિનય'ના આયોજનથી સ્પષ્ટ કરે, અભિનેતા (અન્ય આહાર્ય અભિનય કરનારાઓને સથવારે) પ્રેક્ષકોને પહોંચાડે, પ્રેક્ષકો એનો રસાનુભવ કરે. એની વિગતે વાત ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં કરી છે; આપણને એ ઉલ્લેખવા તક મળશે.

એમાં ચિત્રશિલ્પનૃત્ય એવી બધી કલાઓ પ્રયોજાય; અનેક કસબીઓ ગૂંથાય, તત્કાલીન જીવંત આદાનપ્રદાન થાય, પ્રેક્ષકોની નજર સામે ત્રપરિમાણી, દ્વિમાર્ગી નાટ્યઘટના ઘટે. ક્યારેક એ મૂક હોય (માઈમ), ક્યારેક મહોરાંથી પાત્ર બને તો ક્યારેક નિર્જીવ પૂતળીઓ નાચે (કઠપૂતળી); ક્યારેક ગાઈને સંવાદો બોલે (ઑપેરા); તો ક્યારેક નૃત્યસંગીતે સર્જાય (બેલે); વળી ક્યારેક અંગ-કસરતોના દિલધડક ખેલો પણ ખેલાય (સર્કસ).

એ સર્જાય છે ક્યારેક જાહેરમાં, શેરીગલીને નાકે - લોકોને મન થાય તો જુએ, રસ ન પડે તો ચાલવા માંડે, ઇચ્છે તો નટને મહેનતાણું આપે, ક્યારેક પ્રશંસામુગ્ધ બની આશ્રય આપે; તો ક્યારેક વર્ગાજાગૃત ખરીદશક્તિ આધારિત પ્રવેશ-અધિકાર મેળવી આરામદાયક ખુરશીમાં બિરાજી પ્રેક્ષક નાટ્યાનુભવ લે. ક્યારેક થીએટર એ માત્ર આર્થિક પ્રવૃત્તિ જ હોય, તો ક્યારેક સહભાગી સર્જનની જ એમાં ભૂમિકા હોય. કલાશ્રય, પ્રોત્સાહન, 'નટને રોટલો અને ઓટલો' મળવાની માગણી અને માત્ર આર્થિક પ્રવૃત્તિ... એ બધાં વચ્ચે ઘણો તફાવત છે. થીએટર જેવી લોકકેન્દ્રી, લોકલક્ષી કલા કેવાંકેવાં રૂપ લે છે, 'કૉન્ટ્રૅક્ટેડ' નટપ્રેક્ષક સંબંધ દંભી અને ઔપચારિક કેમ બન્યો, એની શક્ય સમકક્ષ હિસ્સેદારીમાં એવો સંબંધ કેટલો નડે એ વાત કરવાનોય આપણે અહીં મોકો ઝડપીશું.

એણે સર્જી અનેક નાટ્યપ્રણાલિ-પરંપરા-પ્રત્યાયન પદ્ધતિઓ: કોરસ, સ્વગતોક્તિ, આકાશભાષિત, અંકદશ્યવિભાજન, પ્રોસેનિયમ આર્ક, પડદો, વિદૂષક, આવણું, પદગતિ, શેક, પ્રોજેક્શન, ઍબ્સર્ડ, લીલાનાટ્ય, સ્ટાઈલાઈઝેશન... આ બધાંની વાત પણ સોદાહરણ (તંત્રીશ્રી કરવા દેશે એટલી શબ્દ-રેખા-તસ્વીર રૂપેય) આપણે કરીશું.

આ થીએટર શુદ્ધ કલા-અભિવ્યક્તિની સાથોસાથ રાજકીય-સામાજિક-ધાર્મિક વિચારસરણીઓનું વાહન અને ખાદ્યું બન્યું છે, પ્રચારતંત્રોએ એને ખરીદ્યું છે, યદચ્છા પ્રયોજાયું છે. કલાકારોએ જ એને વેચ્યું છે છતાં કલાકસબીઓની સ્વકીય અભિવ્યક્તિ તરીકે પણ ટકી શક્યું છે. 'નાટક કરે છે' એ જેમ દંભી બનાવટનો પર્યાય છે, તેમ અનેક અભિવ્યક્તિ-પ્રત્યાયનનાં રૂપોમાં નાટ્યાત્મકતા જ એની સફળતાનું કારણ રહી છે. એની આગવી ભાષા છે, વ્યાકરણ છે, ડિઝાઈન છે.

ભાસ-કાલિદાસ, એસ્કિલસ-સૉફોક્લીસ, શેક્સ્પીઅર-મોલિયેર, બેકેટ-આયોનેસ્કો, ટાગોર-પ્રસાદ, બાદલ સરકાર-રાકેશ, ચંદ્રવદન-ઉમાશંકર જેવા કવિ નાટ્યકારો; સ્તાનિસ્લાવ્સ્કી-મેયરહોલ્ડ, આર્તુ-બ્રૂક, લ્યુબિમોવ-ગ્રાતોવ્સ્કી, અલ્કાઝી-કારંથ જેવા દિગ્દર્શકો; તો ઈરવિંગ-ઑલિવિયર, અમૃત નાયક-સુંદરી, બાપાલાલ-પ્રવીણ-મલ્લિકા, લાગૂ-મનોહર સિંહ જેવા નટો અને ક્રેગ-આપિયા, તાપસ સેન-ગોવર્ધન પંચાલ વગેરે આહાર્યના રંગકર્મીઓ એના સર્જકો રહ્યા છે. નૃત્ય, સંગીત અને સાહિત્યના સર્જકો એમાં આકર્ષાયા છે; તો કલાપ્રકારો અને માધ્યમો પર એનો બળૂકો પ્રભાવ રહ્યો છે. એ બધાંય આપણી વાતમાં ક્યારેક ડોકિયાં કરશે, તો ક્યારેક ડાયરો જમાવશે. એ તો જેવી વિગત એવી ગત !

ટૂંકમાં, વાત કરવાની છે થીએટરની, એ સાદ્યંત માનવીય ક્રિયાપ્રક્રિયાની, કારણ અને પરિણામની, સર્જકપરિબળોની તથા સાથોસાથ નાટ્યેતર રસહિતોની. જે બન્યું એની બનત્તી બનાવીને, નથી બન્યું એની ટકોર કરીને - પેટછૂટી, પેટભરી-નિર્ભેળ, નિર્મલ... □



બંગાળના પારંપરિક (લોક) નાટ્ય 'યાત્રા'માં નટપ્રેક્ષક વચ્ચેના સંબંધ અને સ્પેસનો ઉપયોગ

ભૂમધ્યને બે કાંઠે : ૧૩

પ્રીતિ સેનગુપ્તા

સિસિલીનો ટાપુ. ઇટાલીનો ભાગ ? કે કોઈ જુદો જ દેશ ? પાલેર્મો ને ત્રાપાનિ આફ્રિકાને કિનારે આવેલા ટ્યૂનિશિયાથી કેટલા પાસે, ને પાટનગર રોમ તો એમને માટે જાણે પરદેશ ! ઇટાલી અને ટ્યૂનિશિયાની વચમાં રહેલા આ ટાપુ પરથી આ લાંબી સફરની શરૂઆત કરી હતી તે સારું થયું. બંને સંસ્કૃતિના અતીતનાં ચિહ્નો આ મધ્ય-સ્થાનમાં જોવા મળ્યાં; જાણે કોઈ સંગમનાં દ્વિવિધ જળનું આચમન લીધું.

માફિયા વિષે કેટલું સાંભળ્યું હતું ! મારિઓ પુઝોની લોકપ્રિય નવલકથા અને પછી ફિલ્મ 'ગૉડફાધર' આ સિસિલીની ભૂમિમાંથી જ નિપજીને ? મને તો એકકે માફિયા દેખાયો નહીં, પણ ના તો મારી એવી નજર, કે ના તો સ્થળ સાથે મારી એવી ઓળખાણ. સારું ફરી સિસિલીમાં, ઘણી જગ્યાઓ જોઈ. જોવાની અદમ્ય ઇચ્છા શાતા પામી. હવે એને છોડીને જવાનો સમય આવ્યો હતો. વિદાય, સિચિલિયા, 'આદિયો.'

ઇટાલીના મુખ્ય ભૂમિભાગમાં દક્ષિણેથી ત્રીજું રાજ્ય તે કામ્પાનિઆ. એના કિનારા પરનાં કેટલાંક ગામો અને નાના ટાપુઓ સમુદ્ર-સાન્નિધ્યને લીધે મળેલી સુંદરતા માટે લોકવિશ્રુત અને લોકપ્રિય છે. ઘરોનાં રંગ ને રચના, માછીમારોની હોડીઓની નજદીકી, તેમજ કુદરતી બક્ષીસનો ભાગ પણ આ પ્રિયપાત્રતામાં ઓછો નથી. નામો એવાં કર્ણમધુર છે : સાલેર્નો, વિએત્રી, પોસિતાનો, સોરેન્તો, આમાલ્ફિ, કાપ્રિ અને નાપોલિ. આમાં છેલ્લાં બે નામો બોલતાં ભાર પહેલા અક્ષર પર આવે. શરૂઆતમાં આ અઘરું પડે, કારણ કે અંગ્રેજીમાં બોલતાં બીજા અક્ષર પર ભાર મૂકવાની ટેવ પડેલી. દરેક ભાષાનો લય હોય છે, તે જાણીએ નહીં ત્યાં સુધી વિશેષ નામ પણ ખોટાં જ બોલાય. ઈટાલિયન ભાષામાં વિશેષ નામના ઉચ્ચાર માટેનો નિયમ પૂરેપૂરો સમજાતો નથી. સાધારણ રીતે તો છેલ્લેથી આગલા અક્ષર પર ભાર મૂકવાનો નિયમ છે - જેમકે, આગ્રિજેન્તો, બોલોન્યા, પાલેર્મો, પોસિતાનો વગેરે. પણ પહેલા જ અક્ષર પર ભાર મૂકીને બોલાવાનાં હોય તેવાં યે કેટલાંક નામો છે - જેમકે, ત્રાપાનિ, નાપોલિ, કાપ્રિ, બેર્ગામો ઇત્યાદિ. તો આ અપવાદનું શું કારણ ? ઈટાલિયનોને પણ પૂછ્યું હતું, પણ સમજાવી ના શક્યા. ભાષા શીખીને બોલવા પણ માંડ્યું, પણ આ અપવાદ વિષે જાણ ના મળી. ખેર, 'અપવાદ હોય તો જ નિયમ બને,' એમ માનીને ચાલું છું. ને ઇટાલિયનના મીઠા લ્હેકાનો આનંદ માણું છું.

પાલેર્મોથી નાપોલિ જવા રાતની ટ્રેન લીધેલી. રાત ખરી વીતી ! ત્રણ વાર તો ટિકિટ તપાસવા આવ્યા. એક ઘરડો માણસ કમ્પાર્ટમેન્ટનું બારણું ખોલીને ડોકિયું કરતો રહ્યો. કોઈ વળી એક વાર ટોર્ચ લાઈટ નાખી ગયું. લશ્કરના ગણવેશ પહેરેલ બે કર્કશ અને સ્થૂળકાયી પુરુષો આવ્યા, એક પણ શબ્દની આપલે કર્યા વગર બે કલાક બેઠા, બહુ ઊંઘાયું નહીં. અંદર જગ્યા મળી ગઈ હતી, એમ કહોને. પ્રથમ વર્ગના કોરિડોરમાં ચારેક જણ આખી રાત બેઠા રહ્યાં હતાં, ને બીજા વર્ગનો કોરિડોર તો આવા કમનસીબ લોકોથી ભરેયેલો હતો. સવાર થતાં જ, ઊંઘરેટી સુસ્ત નજરથી બહાર જોવા માંડેલું. એક બાજુ દરિયો, ને બીજી બાજુ પેલાં સરસ નામવાળાં સરસ ગામો.

નાપોલિનું સ્ટેશન નવું ને મોટું છે. હજી તો સાડા સાત પણ નહોતા થયા, ને બહાર ગારિબાલ્દી પ્લાઝામાં અવરજવર ચાલુ થઈ ગઈ હતી. ખૂબ મોટી જગ્યા, સતત ચાલતાં વાહનો, દિવસ માટે ઊભી રાખેલી મોટરો, અસંખ્ય ફેરિયા અને આવતા-જતા લોકોથી હિલ્લોળાતી હતી. ફરતે બધી બાજુ કાફે ને હોટેલો હતાં. આ બધી હોટેલો નાની ને સસ્તી કહેવાય તેવી હોય છે, પણ ચોખ્ખી હોય છે, એ નિરાંત છે. સિસિલી કરતાં અંગ્રેજી અહીં વધારે બોલાય છે. ને આ તો વળી નાપોલિ: અંગ્રેજીમાં જાણીતું છે નેપલ્સ તરીકે. દુનિયાભરમાં એ જાણીતું છે એના સાગર-કિનારા માટે, એના બારા માટે-છેક પાલેર્મો સુધી વહાણ જાય છે, બે દિવસે પહોંચાડે. વળી, એનાં સંગ્રહાલયોની કળા-સંપત્તિ માટે, વિસુવિયસ જવાળા મુખી અને પોમ્પાઈ ને એર્કોલાનોનાં ખંડેરો માટે. ઉપરાંત, શ્રીમંત યુરોપિયન સહેલાણીઓને માટે ફેશનેબલ, વિલાસ-વિહાર માટેનું આકર્ષક ક્રિડાકેન્દ્ર છે. દરિયાકિનારા પરના એના રાજમાર્ગ પર કેટલીયે ફેન્સી રેસ્ત્રોરાં છે અને પ્રાઈવેટ બોટ-કલબોનો પાર નથી. ખૂબ દૂર આવી પહોંચ્યા પછી પાછા જવા મેં બસ લીધેલી. એમાં એટલી ભીડ હતી કે ઊભા રહેવું પણ સેહલું નહોતું. આ હતી સામાન્ય જનતાની જિંદગી.

નેપલ્સમાં ખૂબ ચાલી. નકશો બરાબર નહોતો. એમાં નામ-ઠેકાણાં સરખાં નહોતાં. પણ અનેક ચોક, ફુવારા, દેવળો જોતી ગઈ. કેટલાંક બંધ નીકળતાં હતાં. કેટલાંક દેવળ ખુલ્લાં હતાં. અંદર જઈએ એટલે વિશાળ કક્ષ દેખાય, દીવાલ પર સરસ ચિત્રો (fresco) કરેલાં હોય. આસપાસનાં રહેવાસીઓ વારંવાર જ્યાં જતાં હોય તેવું એક ચર્ચ હતું. એમાં બે વૃદ્ધા નિરાંતે વાતે વળગી હતી, એક સ્ત્રી બેસીને પ્રાર્થના કરી રહી હતી, એક પુરુષ થોડો સમય શાંતિમાં ગાળવા બેઠો હોય તેમ લાગતું હતું. ઘરની બહારનાં ઘર જેવા આ ધર્મસ્થાનો ખરેખર તો સામાજિક સંસ્થા બનીને રહેતાં હોય છે.

ઉમ્બેર્તો રોડ પર મોંઘી દુકાનો હતી. ફુટપાથ પર આફ્રિકનો નાની-મોટી વસ્તુઓ વેચતા હોય. મોટરો અને મોપેડોને જાણે એમ કે હોર્ન મારવાથી જ રસ્તો મળી જશે. શાકભાજી ને આમિષની અગણિત માર્કેટોવાળી નાની, ભીની, કાદવવાળી, સાંકડી ગલીઓમાં પણ વાહનો ને એમનાં હોર્નનો ત્રાસ. નેપલ્સમાં હોર્ન મારવાની બહુ ટેવ છે. એવાં હોર્ન પછી મિલાનમાં સાંભળેલાં. મોટા રસ્તાઓ પર તો ટ્રાફિક અતૂટ હતો, અને વળી સાવ ધીમો, આગળ વધવા મથતો: ત્યારે થાય કે પગે ચાલીએ છીએ તે સારું છે. કારાચ્ચોલો રોડ એક-તરફી છે, પણ ઘણો પહોળો. એમ થાય કે વળોટવો અઘરો છે. પણ પછી લાગે કે નથી, કારણ કે ચાલનાર માટે ગાડીઓ ઊભી જરૂર રહે છે - છેક પાસે આવીને, કારણ કે છેક છેલ્લા ઇંચ સુધી ચલાવતાં રહેવાની આદત. ગજબ છે આ ઈટાલિયનો. ખરો અધીરો સ્વભાવ છે.

(અનુસંધાન પાન ૩૪૭ ઉપર)

અંગ્રેજી નવલકથા

ડૉ. મધુસૂદન પારેખ

અંગ્રેજી સાહિત્યમાં અઢારમી સદીના બીજા ચતુષ્ટકમાં નવલકથાનો ઉદ્ભવ એ એક મહત્ત્વની ઘટના છે. કોઈ પણ સાહિત્યમાં વાર્તા તો પહાડો જેટલું જૂનું સ્વરૂપ છે. અંગ્રેજીમાં પણ પદ્યમાં વાર્તાઓ લખાતી જ રહી છે. આદિ કવિ ગણાતા ચૉસરની 'કૅન્ટરબરી ટેલ્સ', દીર્ઘ કૃતિ 'ટ્રોઈલસ એન્ડ ક્રીસીડ' (Troilus and Creseda) જાણીતી છે જ. એ કથામાં આધુનિક વાચકને પણ સ્પર્શી શકે એવાં નવલકથાનાં અનેક લક્ષણો છે.

સર ફિલિપ સિડની (Philip Sidney)ની આર્કેડિઆ (Arcadia) નવલકથાના ઉદ્ભવની વાત કરતાં સ્મરણમાં લાવવી જ પડે. કૃતિ એક મઝાનો સંકુલ રોમાન્સ છે. પ્રેમ અને પરાક્રમની વિલક્ષણ ઘટનાઓનું તેમાં નિરૂપણ છે. અઢારમી સદી સુધી તેની લોકપ્રિયતા અકબંધ રહી હતી. રિચાર્ડસને (Richardson) એની નવલકથાની નાયિકાનું નામ પામેલા, સંભવ છે કે સિડનીની કૃતિના એક મહત્ત્વના પાત્ર પરથી યોજ્યું હોય. ઈલિઝાબેથના યુગમાં ગદ્યકથાઓ, રઝળપાટની વાર્તાઓ તેમ જ નીચલા થરના માનવીઓના જીવન વિશે ઠીકઠીક કૃતિઓ રચાઈ હતી. સત્તરમી સદીમાં ચરિત્રચિત્રણની એક નવી પ્રથા શરૂ થઈ. એમાં વ્યક્તિના ચિત્તની લીલાઓ, વિશિષ્ટતાઓ, વિચિત્રતાઓનું નિરૂપણ કરવા તરફ લેખકનું લક્ષ રહેતું હતું. એડિસન (Addison) અને સ્ટીલ (Steele)ને એમાં સારી ફાવટ હતી. એમનાં સર રોજર દ કવર્લી (Sir Roger de Coverley), સર એન્ડ્રુ ફ્રીપોર્ટ (Sir Andrew Freeport), વિલ હનિકોમ્બ (Will Honeycomb) વગેરે 'સ્પેક્ટેટર' (Spectator) સામયિકમાં આલેખાયેલાં કલ્પિત ચરિત્રો આગામી નવલકથાનો અણસાર આપી રહે છે.

બનિયન (Bunyan)ની 'ધ પિલગ્રિમ્સ પ્રોગ્રેસ' (The Pilgrim's Progress) તો પ્રવાસકથન કરતાં કરતાં રૂપકાત્મક શૈલીમાં જીવનનું સુંદર દર્શન પ્રકટ કરનારી, નવલકથા સ્વરૂપની લગોલગ બેસી શકે તેવી કૃતિ છે. પોતાના આધ્યાત્મિક અનુભવ સાથે વાસ્તવનો સ-રસ યોગ તેણે તેમાં સાધ્યો છે. અઢારમી સદીમાં તો નવલકથાના ઉદયનો પ્રકાશ આછેરો પ્રસરવા માંડે છે. ડેન્યલ ડીફો (Daniel Defoe)ની ખ્યાતનામ કૃતિ 'રૉબિન્સન ક્રુઝો' (Robinson Crusoe)ને કોઈક નવલકથા ગણાવે તો નવાઈ નહિ. પોતાના પ્યૂરિટનધર્મી મધ્યમવર્ગની રુચિ સમજીને એ કલમ ચલાવે છે; કલ્પિત ઘટનાઓને પણ એવી ઝીણવટથી તે આલેખે છે કે વાચક નરી વાસ્તવિકતાનો સ્પર્શ પામી શકે; અને એવી જ અદ્ભુત બીજી એક પ્રવાસકથા તે જોનાથન સ્વિફ્ટ (Jonathan Swift)ની 'ગલીવર્સ ટ્રાવેલ્સ' (Gulliver's Travels): ઉપર્યુક્ત બે કથાઓએ વિશેષપણે અંગ્રેજી નવલકથાના ઉદ્ભવ માટે ભૂમિકા પૂરી પાડી છે. અંગ્રેજ વાચકવર્ગના કુતૂહલને પ્રેરે-પોષે, તેમના દિલ-દિમાગને અપીલ કરે તેવી મબલખ સામગ્રી એ કૃતિઓમાં છે.

અંગ્રેજી નવલકથાના ઉદ્ભવ માટે ભૂમિકા રચાઈ ચૂકી હોવા છતાં અઢારમી સદીનો પહેલો ચતુષ્ક નવલકથા વિનાનો કોરો જાય છે.

એ દરમિયાન નાટકની મોહિની ઓસરવા માંડે છે. ઈલિઝાબેથ યુગનાં શેક્સ્પીઅરનાં રોમેન્ટિક નાટકોનો યુગ આથમી ગયો છે. ચાર્લ્સ બીજાના રેસ્ટોરેશન યુગની મનોરંજક કૉમેડિની અશિષ્ટ લાગે તેવી ઘટનાઓથી પણ અંગ્રેજી પ્રજા ધરાઈ ચૂકી છે. એને નથી જોઈતો શેક્સ્પીઅર કે નથી ખપતો કૉન્ગ્રીવ (Congreve). રસિક જનસમાજને હવે એમની લાગણીઓને ઝણઝણાવે, એમની બૌદ્ધિકતાને ઉત્તેજે એવા સાહિત્યની જરૂર છે. થીએટરના માધ્યમને બદલે તેમને પુસ્તકનું માધ્યમ આકર્ષવા લાગે છે. સ્ટીલ અને એડિસને રસિક, રોચક અને પ્રેરક વાચન એમનાં સ્પેક્ટેટર અને બીજાં સામયિકો દ્વારા વાચકોને પૂરું પાડીને નવો શિષ્ટ સંસ્કારી વાચકવર્ગ તૈયાર કર્યો હતો. એ વાચકવર્ગની વાર્તાભૂખ સંતોષે, તેમના ગૃહસ્થી જીવનની સમસ્યાઓ પર પ્રકાશ પાથરે, તેમના વ્યક્તિગત તેમજ કૌટુંબિક તથા નૈતિક સંઘર્ષોનું આલેખન કરે, તેમની રૂઢિગત નીતિભાવનાને સંતોષ આપે, જીવનનું, સમાજનું વાસ્તવિક ચિત્ર રજૂ કરે તેવા કોઈ સાહિત્યસ્વરૂપની અપેક્ષા હતી.

એ અપેક્ષા સેમ્યુઅલ રિચાર્ડસનની (Samuel Richardson ૧૬૮૯-૧૭૬૧) 'પામેલા' (Pamela-૧૭૪૦) નવલકથાથી સંતોષાવા માંડી. 'પામેલા'થી અંગ્રેજી નવલકથા-સાહિત્યનો આરંભ થયો.

રિચાર્ડસન અને તેની નવલકથાઓ

ડર્બિશાયરમાં જન્મેલો રિચાર્ડસન એક સુથારનો દીકરો હતો. સારા, વ્યવસ્થિત શિક્ષણનો લાભ નહિ મળવાથી એક મુદ્રક (printer)ને ત્યાં શીખવા રહ્યો અને આપકૌશલથી આગળ વધ્યો. નિશાળમાં ભણતો ત્યારથી જ ગંભીર અને નીતિયુસ્ત લેખાવા માંડ્યો હતો. વિદ્યાર્થી-અવસ્થામાં તેની બે વિશેષતાઓ હતી - કિશોરીઓની સોબત તેને ગમતી; અને પત્રલેખનનો ભારે શોખ હતો. તેની નીતિમત્તા એવી તો પ્રબળ હતી કે તેણે નોંધ્યું છે તે પ્રમાણે અગિયારેક વર્ષની વયે તેણે પચાસેક વર્ષની વિધવાને અણછાજતી વર્તણૂક માટે લાંબો પત્ર લખ્યો હતો. રિચાર્ડસનની ઉપર્યુક્ત વિશેષતાએ તેને બેત્રણ કિશોરી-યુવતીના સંપર્કમાં મૂકી આપ્યો. એ કિશોરીઓએ પોતાને માટે સુંદર પ્રેમપત્રો લખી આપવાની જવાબદારી તેને સોંપી; અને આ મનગમતા રસિક કાર્યમાં રિચાર્ડસનનું કૌશલ સુપેરે ખીલી ઊઠ્યું.

મુદ્રક તરીકે પણ તેને આ પ્રકારની કામગીરી અનુકૂળ બની રહી. સારા-માઠા પ્રસંગે અલ્પશિક્ષિત સહૃદય લોકોને સામી વ્યક્તિને લખવા સુંદર નમૂનારૂપ પત્રોની જરૂર હતી. રિચાર્ડસને એ લોકો માટે નમૂનારૂપ પત્રોનો સંગ્રહ તૈયાર કરવા માંડ્યો. એમાં તો એની કળા-કુશળતા હતી જ.

દરમ્યાન તેને ઘરકામ કરતી યુવતીના ચારિત્ર્ય સાથે અડપલાં કરતા શ્રીમંત નબીરા વિશે પત્ર લખવાનુ બન્યું. પિતાનો પુત્રી પરનો પત્ર તૈયાર કરવા જતા એને 'પામેલા'નું કથાબીજ સૂઝી આવ્યું. એક સાચુકલી ઘટના તેને યાદ આવી. એમાં એક સદ્ગુણી કામવાળી યુવતીને ફસાવવા પ્રયત્નો થાય છે. યુવતી એ પ્રયત્નો નિષ્ફળ બનાવીને અંતે તેને સન્માર્ગે વાળી તેની

સાથે લગ્ન કરે છે. આ કથાબીજ પ્રાપ્ત થતાં જ રિચાર્ડસને પત્રોનું સંપાદન પડતું મેલીને 'પામેલા' નવલકથા લખી નાખી.

રિચાર્ડસન પ્યૂરિટનની નીતિચુસ્તતા ધરાવનારો લેખક હતો. તેની નજર સમક્ષ નવા મધ્યમવર્ગના હૃદયમાં અંકાયેલી વર્ષોજૂની રૂઢ નીતિમત્તાના ખ્યાલો હતા. એટલે એણે આ મધ્યમવર્ગની ભાવનાશીલતાને તરત સ્પર્શે, તેમની સંવેદનશીલતાને સંકોરે એવી ઘટનાઓ કૃતિ માટે પસંદ કરી; અને તત્કાલીન સમાજને ભૂમિકારૂપે લઈ 'પામેલા'નું સર્જન કર્યું. એમાં બુદ્ધિ કરતાં લાગણીને અપીલ કરે તેવાં તત્ત્વો પર તેણે વિશેષપણે ધ્યાન કેન્દ્રિત કર્યું. આમ, અંગ્રેજી સાહિત્યમાં 'પામેલા'થી ઊર્મિલ નવલકથા (Sentimental Novel)નું મંડાણ થયું. આ નવલકથાનું પ્રકાશન થતાં જ અમુક નિશ્ચિત નીતિવર્તુલમાં વસનારા, વાર્તારસિક વાચકવર્ગે તેને વધાવી લીધી. પોપ જેવાએ લખ્યું કે સેંકડો ધર્મશાસ્ત્રોથી પણ જે પ્રભાવ ન પડે તે આ નવલકથાથી પડી શકે તેમ છે.

ગામડાંમાં કોઈ લુહારે આ નવલકથાનું ગ્રામજનો સમક્ષ વાચન કર્યું ત્યારે લુહારે પામેલાના એના યુવાન શેઠ સાથે લગ્નની વાત સાંભળતાં તેઓ એવા તો રોમાંચિત થઈ ગયા કે લગ્નની ઉજવણી માટે દેવળોમાં ઘંટ વગાડવા તેઓ ઉત્સુક બની ગયા.

'પામેલા'ને અસાધારણ સફળતા સાંપડી. આ સમગ્ર નવલકથા ઘરકામ કરનારી એક યુવતીના, પોતાના પિતાને લખેલા પત્રો રૂપે રજૂ થઈ છે અને એમાં સદ્‌ગુણોનો વિજય દર્શાવાયો છે. એટલે તો પામેલાનું ગૌણશીર્ષક 'વર્ચ્યૂ રિવૉર્ડેડ' (Virtue Rewarded) છે. અંગ્રેજી સાહિત્યની આ પ્રથમ નવલકથાનું વસ્તુ એવું છે કે એક ઉમરાવજાદા મિ.બી. (Mr. B.)ની માતાએ પામેલાને ઘરકામ માટે રાખી છે. એના સૌંદર્યથી લુબ્ધ મિ.બી એને ફસાવવા, એના શિયળભંગ માટે વિવિધ તરકીબો અજમાવ્યા જ કરે છે. એક પ્રસંગે તો પામેલા પર બળાત્કારની પળ આવે છે ત્યાં પામેલાને હિસ્ટેરિયા જેવું થાય છે અને મિ.બી. ગભરાઈને ભાગી જાય છે. છતાં આશ્ચર્યની ઘટનાઓ એવી બનતી રહે છે કે પામેલાને પોતાનાં માતાપિતાને ઘેર પાછું જવાનું ગમતું નથી; મિ. બી. તેને, ત્યાં જઈ આવવા સદ્‌ભાવપૂર્વક આગ્રહ કરે છે ત્યારે પામેલા કંઈ કંઈ બહાને ત્યાં જવાનું ટાળે છે. છેવટે એ માતાપિતાને ઘેર જાય છે તે પછી પણ એના શેઠ મિ. બીનો પત્ર આવતાં જ તે તરત પાછી નોકરી પર આવી જાય છે. પામેલાને મિ. બીના ચેનચાળા અને તેને ફસાવવાની ચાલ પસંદ નથી; અને છતાં મિ.બી માટે તે સતત સન્માનભાવ, સ્નેહભાવ રાખે છે. મિ.બીના તેના પરના બળાત્કારના તમામ પ્રયત્નોને નિષ્ફળ બનાવે છે. તે પછી મિ. બી. પોતાની કુટેવો ભૂલી જઈને તેના સદ્‌ગુણને લક્ષમાં લઈને લગ્નની માગણી કરે છે. પામેલા કૃતજ્ઞતાપૂર્વક વાસનાનું પ્રેમમાં રૂપાંતર કરે છે એવું રિચાર્ડસનનું મંતવ્ય જણાય છે. શ્રીમંતનો નબીરો પોતાનાં અપલક્ષણો મૂકી દે તો તે એક ઉમદા, ખાનદાન સજ્જન બની જાય છે ! પામેલા પણ મિ.બીની નજરમાં પોતે વસેલી રહે તે માટે ગણતરીની ચાલ અજમાવતી લાગે છે. દુર્ગુણથી સભર વૈભવશાળી જીવન કરતાં પ્રામાણિકતાપૂર્વકનું ગરીબ જીવન પોતાને પસંદ હોવાની તે વાતો કરે છે છતાં પિતાને વારંવાર પોતાના પત્રોમાં પોતે નોકરી દરમ્યાન કેવી સગવડો, કેવા વૈભવનો અનુભવ કરી રહી છે તેનાં વર્ણનો ચીતર્યાં કરે છે.

'પામેલા'નો બીજો ભાગ ૧૭૪૨માં પ્રકટ થયો, પણ રિચાર્ડસનની કલમને તે યશ આપે તેવો નથી.

'પામેલા' નવલકથામાં સંકલનની, ચરિત્રચિત્રણની, નીતિવિષયક ખ્યાલોની એમ ઘણી મર્યાદાઓ હોવા છતાં પહેલી અંગ્રેજી નવલકથા તરીકે તે પ્રજામાં સારી પેઠે પુરસ્કૃત થઈ હતી. (ચાલુ)

અનુસંધાન) ભૂમધ્યને બે કાંઠે (પાન ૩૪૫ ઉપરથી

એક ફ્યુનિક્યુલર - દોરડાથી ખેંચાઈને ઉપર-નીચે જતી નાનકડી રેલગાડી - લઈને એક ઢોળાવ પર ગઈ. ત્યાંનો વોમેરો ગઢ બંધ હતો, સંગ્રહાલય બંધ હતું. શહેરનું વિહંગાવલોકન થતું હતું, પણ સવારથી દૂષિત હવાનો થર ચડેલો હતો તે હજી ઊતર્યો નહતો. બીજું ફ્યુનિક્યુલર લઈને નીચે આવી. વળી ચાલી. પ્લેબિયન પ્લાઝા નામની જગ્યા ખૂબ મોટી છે, ને અત્યારે મોટરો ઊભી રાખવા માટે વપરાય છે. એની એક બાજુ વિશાળ કૅથિડ્રલ છે, જે સમારકામ માટે બંધ હતું. બીજી બાજુ એક જમાનાનો મહેલ છે. ઈમારત ખૂબ સુંદર છે. હવે અવાવરુ છે, ને બંધ રહે છે. આ નાપોલિ શહેર - એ ગંદું-ગોબરું છે, રસ્તાઓ પર કચરો પડ્યો હોય છે, મકાનો કાળાં પડી ગયાં છે. ફોટો લેવા જેવું જાણે કાંઈ લાગે જ નહીં. આ વાસ્તવિકતા. મનમાં થયું, જેને ભારત ગંદું, પ્રદૂષિત, ઘોંઘાટિયું લાગતું હોય તેને કહો, ઈટાલી જોઈ આવે.

આ સફર વિષે વિચારતાં તો મનમાં નક્કી કર્યું હતું કે થોડાં જ ગામોમાં જઈશ, ને ત્યાં ત્યાં નિરાંતે રહીશ. આ નિર્ણય ક્યારે ભુલાઈ ગયો તે જ નથી સમજાતું. નહીં જોયેલી જગ્યાઓએ તો ગઈ જ પણ જોયેલાં સ્થળોએ પણ ફરી ગઈ. અલબત્ત ઘણાં વર્ષે;, તેથી જાણે તે સમયને, તે સમયથી મને પોતાને યાદ કરવાની, પામવાની કોઈ સુષુપ્ત ઇચ્છા હતી. દરેક દિવસે ઘણું બધું જોવાનો, ખૂબ ચાલવાનો સંયોગ થતો હતો. સતત વ્યસ્તતાને દોડાધામવાળો થઈ ગયો આ પ્રવાસ. શું થાય ? આ ઇતિહાસ અને કળાસમૃદ્ધ દેશમાં હજાર હજાર જગ્યાઓ જોવાની છે, ત્યાં કાપ ક્યાં મૂકવો ? પણ વધારે તો, લોભ ખાળતાં મને જ આવડ્યું નહીં. □

'કુમાર'ના ચાલુ ગ્રાહક એક નવા ગ્રાહક બનાવે તેવી હાર્દિક અપીલ છે.


¤

આપ પેટ્રન (રૂ. ૧૦૦૦) કે સંવર્ધક (રૂ. ૫૦૦૦) સભ્ય બની 'કુમાર'ને સહાયભૂત થઈ શકો છો.

એક અલગારી ચિત્રકાર
કનૈયાલાલ યાદવ

લાંબા દુબળા ચહેરા પર કપાળ નીચે ઊંડાણમાં તગતગતી ઝીણી પારદર્શક આંખો એવી ભાવવાહી કે સામે વૃક્ષ હોય કે વ્યક્તિ તરત એની સાથે આત્મીયતાનો સેતુ રચી લે. માથા પર ફરફરતા બરછટ વાળ ને લઘરવઘર વેષમાં સજજ અલગારી ને બેફિકરાઈભર્યું લાગે એવું ધૂની વ્યક્તિત્વ એટલે કનૈયાલાલ યાદવ.

જીવનમાં સતત સંઘર્ષ અને અવરોધો વચ્ચે દારુણ વ્યથાનું હળાહળપાન કરી તેમણે કળાવિશ્વને જે આપ્યું છે તેનું મૂલ્ય ઓછું નથી. આ સંઘર્ષને લીધે તેમના સ્વભાવમાં ક્યાંય કટુતા નહોતી આવી, પણ નરી નિખાલસતા ને નિર્વ્યાજ પ્રેમની મૂડી લઈ સંપર્કમાં આવનારને સ્નેહભાજન બનાવી એમના ભીતરની કલાકારની દુનિયામાં ડોકિયું કરવા પ્રેરતા રહ્યા.



અમદાવાદના સરસપુર વિસ્તારની 'મંગલચાલ'ના નાનકડા મકાનમાં વિશાળ દિલનો આ કલાકાર બહોળાં પરિવારને સાચવીને રહેતો. દાદરાની નાનકડી જગ્યામાં ચિત્રકામનો પથારો હાથવંગો આવે એમ પડ્યો રહે. ચાલમાં આસપાસ નજર નાખતાં ચિત્રો માટેનો પૂરતો મસાલો મળી રહે, જેના આધારે તેમની સ્કેચ બુકનાં પાનાં હમેશાં ભરાતાં જ રહે.



પણ તો ય પગ વાળીને બેસેતો યાદવસાહેબ શાના ? મનગમતા વિષય માટે એમણે ખાસ્સી એવી રઝળપાટ કરી છે. ક્યારેક મધ્યપ્રદેશ તો ક્યારેક મહારાષ્ટ્ર, ક્યારેક પંચમહાલ જિલ્લો તો, ક્યારેક અમદાવાદની આસપાસના વિસ્તારમાં એ ધૂની કલાકારની કળાયાત્રા ચાલતી રહી. સ્વાભાવે સરળ, માણસપ્રેમી, ગઝલના શોખીન યાદવના અક્ષરો સુંદર ને મરોડદાર છે ને એવું જ સચોટ, બળકટ છે એમનું રેખાંકન. તેમનાં ચિત્રોમાં અવકાશનું વિશિષ્ટ મહત્ત્વ. ક્યારેક સપાટ ભૂમિ તો ક્યારેક માત્ર જાડી રેખાઓથી ચિત્રની રંગરચના મધુર બનાવી દે, તો ક્યારેક આડીઅવળી વળાંકવાળી રેખાઓ પણ એક પ્રકારની ભાત રચી આપે. સબળ સંયોજન એ તેમનાં ચિત્રોનું મહત્ત્વનું પાસું. રંગો પણ વિષયસૂચક. ચિત્રમાં આકાર-વિહીન જગ્યા પણ પોતાનું રંગોજજવલ વ્યક્તિત્વ પ્રકટ કરે છે એ સાથે જ મુલાયમતા તેમના દરેક ચિત્રની વિશિષ્ટતા બની રહે છે.

હિન્દુમુસ્લિમ એકતા માટે તેમણે પ્રતીકાત્મક ચિત્રો દોર્યાં છે. તો ક્યાંક જનજીવનનાં સામાન્ય દશ્યોને કેનવાસ પર ઝીલી અસામાન્ય બનાવી દીધાં છે. તેમનું દરેક કંપોઝીશન સર્વાંગ સંપૂર્ણ. તેથી જ તો એ ચિત્રો એમના મનની મુક્તિ અને સાહસિક વૃત્તિના પરિચાયક બની રહે છે.

કૃષ્ણના યાદવકુળના વંશજ આહીર રજપૂત પરિવારમાં ૧૯૩૨ની સાલમાં એપ્રિલની દસમી તારીખે રામનવમીને દિવસે જન્મ. વતન આગ્રા એટલે આગ્રાનો તાજ અને યમુનાનદીની વાતો વાગોળતા થાકે નહિ. ઘરમાં હજુ પણ વ્રજભાષામાં વાતચીત. વૃંદાવનની કુંજગલીઓમાં મન ભમ્યા કરે, જેની સ્મૃતિ તેમને વારેવારે મોરપિચ્છ ભણી ખેંચતી રહી, જેને પરિણામે મોરનાં અનેક ચિત્રો એમણે દોર્યાં.

રતલામમાં તેમના બ્રિટિશ ચિત્રશિક્ષક પાસે તેમની રંગની સૂઝ ખીલી ઊઠી. કળાના સંસ્કાર એટલા ઊંડા કે આગળ વધુ અભ્યાસને બદલે મન ચિત્રકળામાં સતત રમમાણ રહેતું. પણ સોળ વર્ષની વયે ૧૯૪૭માં પિતાનું અવસાન ને મુશ્કેલીઓનો આરંભ. ફેક્ટરીમાં શાળ વણવાનું કામ શરૂ કર્યું. જો કે એ કામ દરમિયાન મનમાં ચિત્રોની અવનવી ભાત રચાયે જતી. ક્યારેક મિલમાં પાળીઓ ભરી. ઘર ધોળવાથી માંડી પાનના ગલ્લા પર બેઠા. તો ક્યારેક રૂપાળા વાનને લીધે ફિલ્મી હીરો બનવાના ઓરતા લઈ મુંબઈના ફિલ્મીસ્તાન સ્ટૂડિઓમાં આંટાફેરા માર્યા. પટાવાળાની નોકરી પણ કરી. પણ તો ય પેલી ચિત્રકળા તો જળોની જેમ મન સાથે વળગેલી રહી.



બીજા વિશ્વયુદ્ધના એ કપરા કાળમાં યાદવે અમદાવાદનું પ્રથમ દર્શન કર્યું. અમદાવાદ આવી ડ્રોઈંગની પરીક્ષા આપી ને ત્યારબાદ રૂપિયા પાંત્રીસના પગારે ચિત્રશિક્ષક તરીકે જોડાયા. ચિત્રશિક્ષક વાઘજીભાઈની પ્રેરણાથી સી.એન.ના ડ્રોઈંગ ટીચર તાલીમ કેન્દ્રમાં '૫૨-'૫૩ ની સાલમાં દાખલ થઈ ગંભીરતાપૂર્વક ચિત્રકળાનો અભ્યાસ કર્યો. સી. એન.નો પાયો નખાયો એ જ વર્ષમાં પ્રથમ વિદ્યાર્થી તરીકે દાખલ થયા. પ્રથમ શ્રેણીમાં સર્વપ્રથમ રહી ડ્રોઈંગનો ડિપ્લોમા મેળવ્યો. એ જ વર્ષે એમના પ્રથમ કળાસર્જન 'બુલસેલર' (૧૯૫૯)ને મુંબઈ રાજ્યનું પ્રથમ પારિતોષિક મળ્યું. (બુલસેલર નાગપુર મ્યૂઝીઅમમાં મુકાયેલું છે.) પ્રથમ પ્રયાસમાં આવી જવલંત સિદ્ધિ મળતાં તેમના કળાસર્જનમાં વેગ આવ્યો. ડિપ્લોમા પછી મુંબઈની જે.જે.સ્કૂલ ઓફ આર્ટમાં દાખલ થતાં કળાનું એક નવું જ વિશ્વ તેમની સામે ઉદ્ઘાટિત થઈ ગયું. કળાની એ નૂતન ક્ષિતિજોનાં દર્શન થતાં તેમનું મનપંખી ઊર્ધ્વ આકાશમાં વિહરવા લાગ્યું; ને આમ એકેડેમિક કામની ગુણવત્તા પોતાની ભીતર પ્રકટે એ માટેના સંનિષ્ઠ પ્રયત્નો આરંભી દીધા. પરિણામે આર્ટ માસ્ટરની પરીક્ષામાં પણ સર્વપ્રથમ રહી જળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી.

પણ આ સિદ્ધિનો આનંદ માણી શકે એવી મન:સ્થિતિ ક્યાં હતી ? પરિવારનું દારિદ્ર્ય તો મ્હોં ફાડીને ઊભું હતું. એમાં પત્નીને ક્ષયરોગ લાગુ પડ્યો ને એ જીવલેણ નીવડ્યો. યાદવ જેવા સંવેદનશીલ કલાકાર એક પછી એક આવા આઘાતો સહન કર્યે જતા હતા, પણ પત્નીના મૃત્યુથી ભાંગી પડ્યા. ચિત્તભ્રમની દિશામાં અટવાઈ પડેલા યાદવની જીવનયાત્રા મિત્રો અને શુભેચ્છકોના સહારે આગળ વધી રહી. એ મિત્રોમાં માધવ રામાનુજ, ઊર્મિ પરીખ, એસ્તેર ડેવિડ, નટુ પરીખ, હેમેન્દ્ર શાહ જેવાં અનેક નામો તેમના હોઠે રમ્યા કરે છે. ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીએ પણ તેમને આર્થિક સહાય આપી પગભર થવામાં મદદ કરી છે.



એક વાર મનમાં વિચારો આવતા જ રાતદિવસ જોયા વગર કામ કરવા બેસી જવું એ તેમનો સ્વભાવ. આ યાત્રાના પડાવો પણ ઓછા રોમાંચક નથી. ક્યારેક ફિલ્મ પોસ્ટરો તો ક્યારેક પક્ષીઓના સ્કેચ, ક્યારેક મુંબઈની માછણોના રેખાંકનો તો ક્યારેક આદિવાસી પ્રજાનો અભ્યાસ. ખાસ કરીને ભીલ સ્ત્રીઓનું ચિત્રણ તો ઊડીને આંખે વળગે એવું. ઘેરો વર્ણ, લાંબી ડોક, લાંબી દેહયષ્ટિ અણિયાળી ને ઊપસેલી આંખો એ તેમનાં ચિત્રોની વિશેષતા.

જાણીતા કળાકાર હેબરના ખૂબ ઋણી છે યાદવ. જેમણે ઘરની દીવાલોની બહાર જઈ લેન્ડ સ્કેપ કરવાની પ્રેરણા આપી ને કુદરતને ખોળે યાદવની રઝળપાટ શરૂ થઈ. પ્રાણીસંગ્રહાલયો ને દેવસ્થાનોમાં અડ્ડો નાખીને બેસી જાય ને પંખીનું નિરીક્ષણ કર્યા કરે. એવી જ રીતે કુદરતના પલટાતા રંગોને પણ કાગળ પર ઉતારી લે. સવારની તાજી હવા શ્વાસમાં ભરી તેમણે સૂર્યોદયનાં અનેક ચિત્રો બનાવ્યાં. સૂર્ય નીચે ઈંડું મૂકી માનવજાતના સર્જનની વાત કરી તો સંધ્યાની ઘૂંટાતી લાલિમામાં સૂર્યાસ્તનાં ચિત્રો દોર્યાં. પૂર્ણિમાનો ચંદ્ર હોય કે વાદળોથી ઘેરાયેલું આકાશ, ઘેરાં વાદળોના જળધરમાં વીજળી ચમકતી હોય ત્યારે ઢેલને આકર્ષવા મોર નૃત્ય કરતો હોય તેવા તથા મોરની વિવિધ છટાઓના ચિત્રો, મંદિરના વિશાળ પ્રાંગણમાં ચારો ચણતાં કબૂતરો કે પ્રાણી સંગ્રહાલયના કે પછી એન્ટીના પર વિશ્રામ કરતાં પંખીઓ હોય - દરેકનું આગવું વૈશિષ્ટ્ય. જળરંગમાં બનાવેલ શાકભાંજી ને ફળફૂલના નમૂના એટલા આબેહૂબ કે જોતાં જ રહી જઈએ. આમ, કુદરતના સાન્નિધ્યમાં રહી તેમણે બેશુમાર રેખાંકનો ને દૃશ્ય-ચિત્રો તૈયાર કર્યાં.

(અનુસંધાન પાન ૩૫૩ ઉપર)



ધારાવાહી લઘુનવલ

રવજી માસ્તરનું મૃત્યુ

ધીરેન્દ્ર મહેતા

સાંજે એ કોઈ કોન્ટ્રેક્ટર જેવા દેખાતા માણસને તેડીને ઘેર આવ્યો હતો. આખું ઘર બતાવ્યું. ભાડૂતોના ઘરમાં પણ લઈ ગયો.

એમની વચ્ચે થઈ રહેલી વાતચીત સાવિત્રીબહેન સાંભળતાં હતાં, પરંતુ એમને કશી સમજ પડતી ન હતી.

શૈલેશ તો આમ આખા ઘરમાં પેલા માણસની સાથે ફરીને બહાર નીકળી ગયો. સાવિત્રીબહેન જોતાં રહી ગયાં. એમનું મન પેલી વાતમાં રહી ગયું હતું એટલે એમને ચેન પડ્યું નહિ. શૈલેશ પોતે કેમ કંઈ વાત કરતો નથી, એવો વિચાર આવતો હતો. પરંતુ શૈલેશને આમ પીઢ માણસને શોભે એ રીતે હરતોફરતો જોઈ એમના મનમાં એક ન સમજાય. એવી સુખદ લાગણી જાગતી હતી.

શૈલેશે પાછા આવીને જાતે જ વીગતવાર વાત કરવા માંડી. આખું મકાન પાડી નાખવાનું હતું. પછી ખુલ્લા પ્લોટમાં પાછળ રહેવા માટેનું મકાન, આગળ દુકાનો અને દુકાનની ઉપર ઑફિસને લાયક ખંડો થશે.

સાવિત્રીબહેનને વાતમાં હજુ કંઈ સમજ પડતી નહોતી: 'આ બધું આમ શી રીતે થઈ શકે ? એમાં તો કેટલા બધા પૈસા જોઈએ...'

કેટલા બધા એટલે ? દોઢ લાખ...

શૈલેશ સાવ સ્વાભાવિક રીતે વાત કરતો હતો એ જોઈને પણ સાવિત્રીબહેનની મૂંઝવણ વધતી હતી.

'એ માટે જુઓ, આમ વિચાર્યું છે : એકઢાળિયા સામેનું ઘર અને એ જમીન આ કોન્ટ્રેક્ટર વેચાતાં લઈ લેશે. સિત્તેર હજાર તો એના મળશે. આગળ દુકાનો ને ઑફિસો કાઢશું એની પાઘડી આવશે ને ભાડું જુદું... એટલે પૈસાનો તો કોઈ સવાલ નહિ નડે. અરે, આ બધાં ખોરડાંના કાટમાળનાય કેટલાં નાણાં ઊપજશે, ખબર છે ?'

આમ પૂછીને શૈલેશ ચૂપ રહ્યો અને સાવિત્રીબહેનનો ચહેરો જોવા લાગ્યો.

સાવિત્રીબહેનને આ આખીય વાતમાં બીજી કશી સમજ તો પડતી નહોતી. શૈલેશ પૈસાને લગતી જે વાતો કરતો હતો એથી જ એમનું મગજ ભરાઈ ગયું હતું. આ બધા પૈસા અહીં જ હતા ? આ ખોરડામાં જેની ચૂનો ખરતી ભીંતો ઝપટીઝપટીને પોતાની આંખો બળવા લાગતી હતી ! આ છોકરાએ એ ભીંતો ખોતરીખોતરીને આટલા બધા રૂપિયા ખેરવ્યા !

સાવિત્રીબહેનના ચહેરા પર એમનું પોતાનું હાસ્ય જોવા મળ્યું. જે હાસ્ય અત્યાર સુધી બીજા લોકોની આવી વાતો સાંભળીસાંભળીને જ એમના ચહેરા પર આવતું હતું તે આજે પહેલવહેલી વાર પોતાની વાત સાંભળીને આવ્યું.

'અને - અને આ ભાડૂતોની વાત પણ એને માથે -'

'એટલે ?'

'એમને ખાલી કરાવવું પડશે ને ? પૈસા ચૂકવી દે કે પછી પોતાના પ્લોટમાં કંઈ ગોઠવણ કરી દે... એ બધી માથાકૂટ એણે કરવાની, એને જે સૂઝે તે કરે.'

સાવિત્રીબહેનને આખી વાત અજાયબ લાગતી હતી.

'આપણે માટે કાયસ્થ ફળિયામાં એક ઘર જોઈ આવ્યો છું.'

સાવિત્રીબહેન બાઘા જેવા થઈને જોઈ રહ્યાં, 'આપણે માટે ?'

આ ઘર તોડી પાડવાનું છે ને ? હવે પંદર-વીસ દિવસમાં તો એ કામ શરૂ કરશે.

કામ શરૂ થાય એ પહેલાં જ વાત તો શરૂ થઈ ગઈ હતી. જેમને આ બાબત કંઈ નવાઈ લાગતી નહોતી તેમનેય રવજી માસ્તરના સંદર્ભને લઈને આ વાતની ઘડ બેસતી નહોતી. તો કોઈ વળી એની ઘડ આ રીતે બેસાડતા હતા : રવજી માસ્તર મરી જવા સાથે આ આખો ફેરફાર થયો. એ હઠી ગયા એ સાથે જ જાણે જે રોકાઈ રહ્યું હતું તે બધું વહેવા લાગ્યું ને સાવિત્રીબહેન ને શૈલેશભાઈને લ્હાણ થઈ ગઈ.

થોડા દિવસમાં જ મકાન તોડવાનું કામ શરૂ થયું. રસ્તેથી પસાર થતાં - આવતાં ને જતાં લોક એ તૂટતું મકાન જોતાં હતાં. કોઈ ઊભાં રહી જતાં હતાં અને કહેતાં હતાં, વરસોથી આ આવું ને આવું હતું... તો કોઈ વળી ઉમેરે, રવજી માસ્તરે મકાનને રંગરોગાન કરાવ્યા નહિ કોઈ દિવસ, ન કોઈ દિવસ સમરાવ્યું હતું. તેમનું તેમ વરસોથી ઊભું હતું... તો કોઈએ વળી કહ્યું, અરે, પોતે ભોગવ્યું ય ક્યાં ? બસ... હતું તેમ રહેવા દીધું એટલું, ને એમ ને એમ જે ઊપજ્યું તે લીધું... ત્યાં કોઈ કંઈક કડવાશથી બોલ્યું, ઊપજ્યું શું ? ઊપજશે તો હજી હવે, મકાન તોડ્યા પછી.

છત આખી લાકડાની બનેલી હતી. લાકડું બને ત્યાં સુધી તોડ્યા વિના આખું ને આખું ઉતારી લેવાયું હતું. જાડીજાડી દીવાલો પર ઘણના ઘા થતા હતા તેનો અવાજ દૂર સુધી સંભળાતો હતો.

'પહેલાંનું કામ મજબૂત ઘણું.'

'પથ્થરો જ કેટલા મજબૂત છે, એકએક પથ્થર જુઓ, કેટલો જબ્બર છે !'

'પથ્થરની વાત ક્યાં કરો છો, લાકડું જુઓને, આવું લાકડું હવે મળે ?'

કાટમાળાના ઢગલેઢગલા થતા હતા. આંગણું આખું એથી ભરાઈ જવા આવ્યું હતું. ખટારો ભરીને એ બધો કાટમાળ ખસેડવાની કડાકૂટ ચાલતી હતી... ધડીમ્... ધડીમ્... કડડભૂસ... હમ્ હમ્ હમ્

આ બધા અવાજો કશુંક જરીપુરાણું જડબેસલાક હતું તેને ભારે બળપૂર્વક તૂટવાનો એક અહેસાસ ઊભો કરતાકરતા વાતાવરણમાં ફેલાતા હતા.

એની વચ્ચે આવતા-જતા લોકોના શબ્દો સંભળાઈ જતા હતા -

'આ રવજી માસ્તરના છોકરાએ આ બધું તોડાવ્યું ન હોત તો બધું આવું ને આવું રહેત, વરસો સુધી.'

'હા રે હા, રવજી માસ્તર આમાં કંઈ ફેરફાર કરે કે એ વાતમાં કાંઈ માલ નહિ, રામ બોલો ભાઈ, રામ !'

'એ તો ચીલેચીલે ચાલનારો, સીધી લીટીનો માણસ. એને આવું કંઈ સૂઝેબૂઝે નહિ.'

સાચું પૂછોને તો રવજી માસ્તર મરે નહિ ને એમના આ પેઢીઓજૂના બાપદાદાના મકાનમાં કાંઈ ફેરફાર થાય નહિ. પોતે તો ન કરત પણ તમે એમ માનો છો, એ શૈલેશનેય આ બધું આમ ઉપરતળે કરવા દેત ? ભલે ને એ ગમે એટલા ધમપછાડા મારત, પોતાના જીવતાજીવે એ આ ઘર આમ તોડવા દેત ? અરે, એમને એમ જૂનુંપુરાણું થઈને કોક દી પોતાની મેળે પડી જાત તે ભલે !

રવજી માસ્તર વિશે આ લોકો કેટલું બધું જાણતા હતા ! ક્યાંથી જાણી લાવ્યા હતા તેઓ આ બધું ! આ બધું એમણે આ પહેલાં કોઈ દિવસ કહ્યું હતું ? રવજી માસ્તરનું મૃત્યુ ન થયું હોત તો આ બધાએ આવું બધું કહ્યું હોત ખરું ? રવજી માસ્તરનું મૃત્યુ ન થયું હોત તો એમણે શું કર્યું હોત એ સુધ્ધાંની એમની પાસેની આવી બધી ટકોરાબંધ બાતમી તો બહાર આવી હોત ખરી ? આ બધા પ્રશ્નોના કોણ ઉત્તરો આપે ?

રવજી માસ્તરના મકાનનું કામ પૂરજોશમાં ચાલુ હતું. શૈલેશ એને લગના આંટાફેરામાં સતત રોકાયેલો રહેતો હતો. સાવિત્રીબહેનને પણ એ પોતાની સાથે ઘણીવાર અહીં લઈ આવતો હતો.

નકશામાં જે નહોતું સમજાયું તે બધું શૈલેશ સાવિત્રીબહેનને અહીં ચીંધીચીંધીને સમજાવતો હતો : અહીં વરંડા, આ બે બેડરૂમ, આ બેડરૂમમાં બાથરૂમ-સંડાસની અલાયદી સગવડ-આપણે મુંબઈવાળા હીરાભાઈના બંગલામાં છે એવી ઈંગ્લિશ ટાઈપની, આ પેસેજ, એમાં પણ બાથરૂમ-સંડાસ, પછી રસોડું, આ ડ્રોઈંગરૂમ, પાછળ વાસણ-કપડાં કરવાની ચોકડી અને ચારેબાજુ આટલી ખુલ્લી જગા...

હવે સાવિત્રીબહેનની આંખો આખો નકશો ઉકેલી શકતી હતી. એ સાથે જ પોતે જાણે કોઈ જુદી જ દુનિયામાં વિહરી રહ્યાં હોય એવો અનુભવ એમને થતો હતો. એમના ચહેરા પર એમનું હાસ્ય ઓળખાતું હતું. શૈલેશ કેવું ફટાફટ બધું સમજાવતો હતો, એનો રોમાંચ વચ્ચેવચ્ચે જે સમજવાનું હતું તે પણ ચૂકવી દેતો હતો.

સિમેન્ટ-કોંક્રિટના કરકરા અવાજ સાથે છત ભરાતી હતી...

સાવિત્રીબહેનને યાદ આવતું હતું, દર ચોમાસાની શરૂઆતમાં પોતે નળિયાં સંચરાવવા આવતાં. એકેય નળિયું ભાંગે નહિ, નળિયાં બદલવાં ન પડે એ માટેની કેટલી ફિકર રાખવી પડતી અને એ અંગેના ખુલાસા રવજી માસ્તરને આપવા પડતા.

કામ કરી રહેલી મજૂરણો ઘડીક ઊભી રહી જઈને શૈલેશભાઈની મા સામે હસી લેતી હતી... સાવિત્રીબહેનને આ બધું કંઈક અજબ જેવું લાગતું હતું.

પરંતુ એથીય વધુ અજબ તો એ વખતે લાગે છે જ્યારે રસ્તામાં મળી જતું સગુંવહાલું 'જય સ્વામિનારાયણ' કરતાંક ઊભું રહી જાય છે. સાવિત્રીબહેન એ ક્ષણે તરત સાવધ થઈ જાય છે અને પેલા હાસ્યને બહાર આવીને ચહેરા પર પથરાતું રોકી દે છે.

'મકાનનું કામ ચાલે છે, નહિ ?'

આ જ પ્રશ્ન કૃતક આત્મીયતાથી પુછાય છે અને દષ્ટિ સાવિત્રીબહેનના ચમકતાં ઉજ્જવલ વસ્ત્રો પર મંડાઈ રહે છે.

'હવે તો કામ પૂરું થવા આવ્યું, નહિ ?'

થંભેલા પગની સાથે આ વખત પણ થંભી ગયો લાગતો હતો. પછી એ બન્નેને ચલાવવામાં કેટલો શ્રમ પડતો હતો !

હદ તો ત્યારે થઈ ગઈ જ્યારે આમ કહેવાયું:

'હવે ઘેર તો નીકળી આવો એક વાર !'

શૈલેશ આ જાણે અને ઉત્તેજના અનુભવે:

'ઊભાં જ ન રહેવાનું એવાંની આગળ, મોં ફેરવીને જતાં રહેવાનું.'

પરંતુ સાવિત્રીબહેનથી એ રીતે કોઈનો અનાદર થઈ શકતો નહિ. બધું સમજાતું હતું. યાદ આવતું હતું છતાં હજુ આ બધા લોકોની શેહશરમમાંથી મુક્ત થઈ શકાતું નહોતું. આ બધા સામેથી મોં ફેરવીને ચાલ્યા જવાની કે મોં મચકોડીને એમને જવાબ દેવાની એકવાર મનમાં જાગેલી હોંશ પૂરી કરવાનું એમનાથી બની શક્યું જ નહિ. એકવાર તો કોઈને ત્યાં જવા નીકળતાં એમને શૈલેશે રોકવા પડ્યાં. એમણે પોતે તો વિવશ સ્વરે કહ્યું:

'એમના જેવા માણસ કહેવડાવે ને આપણે ન જઈએ ? સારું ન દેખાય ભાઈ !'

'પણ એમનાથી ન અવાય ? કામ હોય તો કહેવડાવવાનું હોય કે આવવાનું ?'

શૈલેશ સાવ રૂક્ષ સ્વરે કહેતો હતો,

'એ કાંઈ આપણા વડીલ નથી.'

શૈલેશનું મન રાખીને સાવિત્રીબહેનને રોકાઈ જવું પડ્યું. આવું એમણે કોઈ વાર નહોતું કર્યું. કોઈએ પણ બોલાવ્યાં હોય, એ અરધાં અરધાં થઈને દોડી જતાં હતાં. કોઈ વિશિષ્ટ નિમિત્તે કહેણની પણ વાટ જોયા વગર, ખબર પડતાં વેંત પહોંચી જતાં હતાં... એમના વિશે સહુનો આજ અનુભવ છે, ને હવે ?

(ક્રમશઃ)

કંકાવટી

એક વિલાએલો કંઠ



આ સદીના ત્રીજાચોથા દાયકામાં ભારતીય ફિલ્મજગતમાં કલકત્તાના બી.એન. સરકારના 'ન્યૂ થીએટર્સ'ની સ્વચ્છ સુંદર હેતુલક્ષી ફિલ્મો આપવા બદલ આગવી નામના હતી. દેવકી બોઝ, નીતિન બોઝ', પ્રમથેશ બરૂઆ, હેમચંદ્ર, સુશીલ મજમુદાર અને ફણી મજમુદાર જેવા એના દિગ્દર્શકો; બરૂઆ, પહાડી સન્યાલ, કે.એલ. સાયગલ, પૃથ્વીરાજ કપૂર, નવાબ વગેરે અભિનેતાઓ તેમજ જમુના, મોલિના, ઉમાશશી વગેરે અભિનેત્રીઓ; તિમિર બરન, રાયચંદ બોરાલ પંકજ મલ્લિક જેવા સંગીત-દિગ્દર્શકોનાં નામ આદરપૂર્વક લોકોની જીભે રમતાં હતાં. આમાં આવું જ એક વિખ્યાત નામ હતું ગાયક-અભિનેત્રી કાનનબાલાનું. બંગાળી ફિલ્મોની આ અભિનેત્રીએ ન્યૂ થીએટર્સનાં હિંદી ચિત્રોમાં પણ પોતાના અભિનય અને ગાયનથી બહુ મોટી ખ્યાતિ મેળવી હતી.

ઇ.સ. ૧૯૧૬માં એક સંગીતપ્રેમી પરિવારમાં એનો જન્મ. બચપણથી પિતાએ એને સંગીત શીખવવા માંડેલું. પણ પિતાનું અકાળ અવસાન થતાં કુટુંબ અત્યંત કફોડી આર્થિક ભીંસમાં આવી ગયું અને શાળાના શિક્ષણથી વંચિત રહી નવદસ વર્ષની વયે એણે ફિલ્મમાં કામ કરવાની મળેલી તકને ઝડપી લેવી પડી. જ્યોતિષ બેનરજીની એક ફિલ્મ 'જયદેવ' (૧૯૨૬)માં પ્રથમ વાર અભિનય આપ્યો. આ ફિલ્મ મૂંગી હતી. આ બદલ એને વીસ રૂપિયા મળવાના હતા, પણ વચેટિયાઓએ પંદર રૂપિયા હજમ કરી એને તો કેવળ પાંચ જ રૂપિયા આપ્યા હતા. ૧૯૩૧માં 'જોર બરાત' એની પ્રથમ સવાક્ ફિલ્મ. એ પછી 'શ્રી ગૌરાંગ'માં એને કંઈક પ્રસિદ્ધિ મળી. કદાચ એનો મધુર કંઠ એમાં સહાયક નીવડ્યો હતો. એ પછી 'રૂધિર પ્રેમ' અને 'મનમયી'થી તે વિશેષ ખ્યાત બની અને ત્રીસચાલીસના દાયકામાં તો એના નામની બોલબાલા હતી. સ્વાતંત્ર્યોત્તર કાળમાં પણ એ ખ્યાતિ ટકી રહેલી. ૧૯૭૭માં 'દાદાસાહેબ ફાળકે એવોર્ડ'થી એમને નવાજવામાં આવ્યાં હતાં, પણ ફિલ્મજગતમાં ૬૦ના દાયકામાં એમણે નિવૃત્તિ લઈ લીધી હતી. ૬૫ ફિલ્મોની અદાકારીની એમની ઉજ્જ્વળ કારકિર્દી રહી હતી. આગળ જતાં એમણે આરંભેલા ફિલ્મનિર્માણને માટે એમણે પોતાનો 'કલકત્તા મુવિટોન' નામનો ફિલ્મ સ્ટૂડિઓ પણ વેચી નાખ્યો; જ્યારે એ કાળે એમનું ફિલ્મનિર્માણ પણ પ્રસિદ્ધિના ઉચ્ચ સ્તરે હતું. 'વેસ્ટ બેંગાલ ફિલ્મ ડેવલપમેન્ટ બોર્ડ'માંથી પણ એ નીકળી ગયાં. ફિલ્મો જોવાનું પણ લગભગ બંધ કરી દીધું અને સામાન્ય માતામહી બની રહીને ફિલ્મક્ષેત્ર સાથેની બધી નિસ્બત જ છોડી દીધી. અને ત્યાં સુધીમાં તો ફિલ્મજગત પણ પટલાઈ ગયું હતું. જેની સાથે એ છેક નાનપણતી સંકળાએલાં હતાં, જેમાં એ ઉછર્યાં હતાં એ ફિલ્મક્ષેત્ર તદ્દન બદલાઈ ગયું હતું. પોતના કાળમાં 'ન્યૂ થીએટર્સ'માં દોઢસો જેટલા કર્મચારી એક કુટુંબવત્ રહેતા હતા એ ભાવના જ ભૂંસાઈ રહી હતી. ફિલ્મનિર્માણ અતિ ખર્ચાળ અને કાવાદાવાભર્યું બની ગયું હતું. ફિલ્મનો ઉદ્દેશ જ હેતુહીન બનવા માંડ્યો હતો. અભિનેતાઓની ડખલગીરી વધતી જઈ દિગ્દર્શકોનું માન ઘટવા માંડ્યું હતું. જેમની પાસે એમણે કામ કરેલું એ દિગ્દર્શકો પણ રહ્યા નહોતા.

અલબત્ત, અભિનેત્રી તરીકે એમની ખ્યાતિ તો હતી જ. એમનું વલણ ગાવા તરફ વધુ ઢળતું હતું. એમના કાળમાં જમુના, ઉમાશશી કે શાન્તા આપ્ટે જેમ ગાયક અભિનેત્રી તરીકેની એમની નામના હતી. પણ ફિલ્મી ગાયનમાં એમણે મેળવેલી સફળતા છતાં એ રવીન્દ્રસંગીત તરફ ખૂબ ઢળતાં અને એના પ્રસારમાં પણ એમનો બહુ મોટો ફાળો રહ્યો છે. એમના ગાનથી મુગ્ધ રવીન્દ્રનાથ ઠાકુરે એમને શાંતિનિકેતન આવવા આમંત્રણ આપેલું. આ જ રીતે ઇન્દિરા ગાંધીના આમંત્રણનું માન પણ એમને મળેલું. 'નઝરૂલ ગીતિ' તો તેઓ ખુદ કવિ નઝરૂલ ઇસ્લામ પાસેથી શીખ્યાં હતાં.

પણ વિદ્યાપતિ, સ્ટ્રીટસિંગર, લગન, મુક્તિ, સપેરા, અભિનેત્રી, હારજીત, જવાબ અને ચંદ્રશેખર ફિલ્મનાં ગાયનોથી એમને વ્યાપક પ્રસિદ્ધિ અને લોહચાહના મળી હતી. બસોથી બહુ રેકોર્ડમાં એમણે ગાયેલાં ગીતો સંઘરાયેલાં છે.

કેવળ પાંચ જ રૂપિયા કમાઈને અભિનયનો આરંભ કરનાર એમને ૧૯૪૧માં છ હજાર રૂપિયાનો માસિક પગાર મળતો થયો હતો, અને એમ. પી. પ્રોડક્શનની ફિલ્મોમાં તો એમને એની આવકમાંથી દસ ટકાનો ભાગ મળતો હતો. ૧૯૪૭માં એમને 'ચંદ્રશેખર' ફિલ્મ માટે એક લાખથી યે વધુ વળતર અપાયેલું. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની કથા ઉપરથી દેવકી બોઝે બનાવેલી આ ફિલ્મમાં એમણે અશોકકુમાર સાથે કામ કરેલું. આ ફિલ્મ મહિનાઓ સુધી ચાલેલી. અશોકકુમાર સાથેનું એમનું કામ એ પણ એક યાદગાર ઘટના છે, કેમ કે આ સિવાય એ કાળના બંગાળી ફિલ્મક્ષેત્રે બહારના કોઈ અભિનેતા સાથે એમણે કામ કર્યું નથી. 'વિદ્યાપતિ'માં પૃથ્વીરાજ કપૂર, 'મુક્તિ'માં બરૂઆ, 'સપેરા'માં પહાડી સન્યાલ વગેરે અભિનેતાઓ સાથેની એમની બધી ફિલ્મો બહુ સારી નીવડેલી. પણ સાયગલ સાથેની એમની જોડી સવિશેષ ખ્યાતિ પામી હતી. તેનું કારણ કદાચ એ બંને ઉત્તમ ગાયક હતાં એ પણ હતું.

બંગાળમાં એમનું બહુ માન હતું. બંગાળ બહાર એમણે ફિલ્મોમાં કામ કરવાનું ક્યારેય સ્વીકાર્યું નહોતું. જે કંઈ પામ્યાં તે સુખેથી જીવવા માટે પૂરતું હોવાનો એમને સંતોષ હતો, અને કલકત્તામાં જ જો પોતે સુખી હતાં તો પછી અન્યત્ર જવાની કોઈ જરૂર નથી એમ એ માનતાં. એ અચ્છા ખાનદાનમાં એમણે લગ્ન કરેલું. શાળાકીય અભ્યાસની ખોટ એમને કદી નડી નહોતી. પોતાના વ્યવસાયમાં જરૂરી એવી હિંદી અને ઉર્દૂ ભાષા એમણે સાધી લીધી હતી. 'શ્રીમતી પ્રોડક્શન' નામે એમણે ફિલ્મોનું નિર્માણ પણ કરેલું. 'અનન્ય' ફિલ્મથી આરંભી એમણે અગિયાર ફિલ્મો બનાવી, જેનું દિગ્દર્શન એમના પતિ હરિદાસ ભટ્ટાચાર્યે કરેલું.

જ્યારે ફિલ્મોમાં એમણે કામ શરૂ કર્યું ત્યારે સ્ત્રીઓ એમાં પડે એ પ્રત્યે સમાજમાં સારો અભિપ્રાય નહોતો અને કદાચ એ અનુભવથી

પ્રેરાઈને ગરીબ સ્ત્રી કલાકારોને સહાય કરવા માટે એમણે 'મહિલા શિલ્પી મહલ' નામે એક સંસ્થા પણ સ્થાપેલી. ગઈ કાલનાં આ ખ્યાતનામ અભિનેત્રીનું એમના મધુરા કંઠની સાથે આ માતૃસ્વરૂપ પણ યાદ રહેશે.

ગઈ તા. ૧૭ જુલાઈએ કલકત્તાના એક નર્સિંગ હોમમાં હૃદય બંધ પડી જતાં ૭૯ વર્ષની વયે એમનું અવસાન થયું. હવે તો મળી શકે તે એમની રેકોર્ડમાં જ એમના કંઠની મધુરતા માણવી રહી.

¤

શાન્તા હુબલીકર

પાંચેક દાયકા પહેલાંનાં એક ખ્યાત ગાયક અભિનેત્રી શાન્તા હુબલીકરનું પણ ગઈ તા. ૧૭ જુલાઈએ ૭૮ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી પૂણેમાં અવસાન થયું. મૃતદેહનું દાન કરવાની ચળવળનાં એ પ્રમુખે પોતાનો મૃતદેહ પણ દાનમાં આપ્યો હતો.

મરાઠી ફિલ્મનાં આ અભિનેત્રીને વી.શાંતારામની વિખ્યાત ફિલ્મ 'આદમી' (મૂળ મરાઠીમાં 'માણુસ')થી મોટી પ્રસિદ્ધિ મળી હતી. એ ફિલ્મમાં શાંતારામે વિવિધ ભારતીય ભાષામાં એમના કંઠે એક ગીત ગવરાવેલું એ ત્યારે એક નવો જ પ્રયોગ હતો. પ્રસિદ્ધિ અને કમાણીને કારણે આ અભિનેત્રી ભારે ખર્ચના કુછંદે ચડીને બહુ મુશ્કેલીમાં આવી પડેલી. અન્યથા યે જીવનમાં ઘણી લીલીસૂકી એણે અનુભવી હતી, જે તેણે પોતાની આત્મકથામાં ઉતારી છે અને એના પરથી 'ભૂમિકા' નામની ફિલ્મ પણ બની છે જેમાં સ્મિતા પાટિલ, અમોલ પાલેકર અને અમરીષ પુરીએ મુખ્ય ભૂમિકાઓ ભજવી છે. આ ફિલ્મ પરથી પણ એના જીવનની ઝાંખી મળી રહે છે. એક વ્યાપારી બાપુસાહેબ ગીતે સાથે લગ્ન કરી ફિલ્મજગતમાંથી એ અદૃશ્ય બની ગયેલી.

¤

મર્લિન ડીટ્રિચ

લહેકાદાર ધીમા સ્વરે ગાનાર, નાચકૂબલની નખરાંબાજ બેફિકર નફફટ સ્ત્રી, હલકટ, ફૂવડ, જાજરમાન ને ચપળચંચળ અદ્યતન ફેશનેબલ બુદ્ધિચતુર કપટી સ્ત્રી કે પુરુષને પાણીપાણી કરી દઈ કોઈપણ પાપ કરવા પ્રેરે તેવી મોહક પહોંચેલી માયા જેવાં સ્ત્રીપાત્ર તરીકે પૂરો પ્રભાવક અભિનય કરનાર ગાયક અભિનેત્રી તરીકે અંગ્રેજી ફિલ્મોના રસિયાઓમાં મર્લિન ડીટ્રિચનું નામ લાંબા સમયથી ન ભુલાય તેટલું ઊંડું કોરાઈ ગયું હશે.

મારિયા મેગ્ડલીન એ એનું ખરું નામ. જર્મનીમાં તખ્તા પરની એ ગાયિકા. જોસફ ફોન સ્ટેનબુર્ગ નામના હોલીવુડના એક અનુભવી દિગ્દર્શકે તેને અભિનેત્રી બનાવી. હેનરિક માનની નવલકથા 'પ્રોફેસર ઉનરાટ' પરથી બનાવેલી ફિલ્મ 'ધ બ્લ્યૂ એન્જલ'માં લોલાના પાત્રથી એ વિખ્યાત બની ગઈ. મીઠામાં એક મોટા પીપ ઉપર બેસી પોતાના મોહક લાંબા પગ ઉલાળતી ચોપાસ ઠંડી નજર ફેરવતી લોલાની એ રજૂઆતનું દૃશ્ય હજીયે ઘણાનાં મનમાં રમતું હશે. એના એ લાંબા પગ એની એક આગવી લાક્ષણિકતા તરીકે ખ્યાત બની ગએલા. હોલીવુડની બીજી અભિનેત્રીઓ કરતાં એ તદ્દન જુદી પડી જતી. જે થોડાં વર્ષો એણે હોલીવુડમાં અભિનય આપ્યો એટલામાં એણે દુનિયાભરમાં ખ્યાતિ મેળવી લીધી હતી. હોલીવુડના ફિલ્મજગતમાં આટલી ખ્યાતિભરી કારકિર્દી બનાવનાર એ એકમાત્ર જર્મન અભિનેત્રી હતી.

વીસેક વર્ષ સુધી એણે સ્ટેજ ઉપર ગાયું હતું અને એ દરમિયાન કાયમ તે એકસરખા પોષાકમાં જ રજૂ થતી રહેલી.

ફિલ્મ-ક્ષેત્રમાંથી નિવૃત્ત થઈ ગયા પછી એ પેરિસમાં પતિ રૂડોલ્ફ સીબર સાથે એક આદર્શ ગૃહિણી બની રહેતી હતી. જર્મની પ્રત્યે એને બહુ પ્રેમ હતો. એણે પોતાનાં સંસ્મરણો પણ લખ્યાં છે.

મોરોક્કો, ડિસઓનર્ડ, શાંગહાઈ એક્સપ્રેસ, બ્લોન્ડ વીનસ, સ્કાર્લેટ એમ્પ્રેસ તથા એન્જલ, રાંકો નટોરીઅસ અને વિટનેસ ફોર ધ પ્રોસીક્યૂશન વગેરે તેની વિખ્યાત ફિલ્મો છે. તેની 'ધ બ્લ્યૂ એન્જલ' ફિલ્મ તો ફિલ્મજગતની એક ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપ ફિલ્મ ગણાઈ છે. □

અનુસંધાન) કલાવાર્તા (પૃ. ૩૪૯ ઉપરથી

દસ બાય ચાલીસનું ભીંતચિત્ર હોય કે નાનામાં નાનો સ્કેચ - કંપોઝીશનની ઉત્તમ સૂઝ ને બળકટ રેખાઓ યાદવની પોતીકી શૈલી બની રહે છે.

તૈલરંગમાં તેમણે સર્જનાત્મક પોર્ટ્રેઈટની આગવી શૈલી વિકસાવી છે. તેમણે દોરેલું ઊર્મિ પરીખનું પોર્ટ્રેઈટ પેઈન્ટિંગની કક્ષામાં આવે એવી સફળ કૃતિ છે. સાર્જન્ટ કે વ્હીસલરના પોર્ટ્રેઈટના સબળ રેખાંકનનું દર્શન કરાવે એવી એ કૃતિમાં સરળ પણ સુંદર સંયોજન, સાહજિક પાત્રાલેખન, ગણતરીના જ રંગો વડે આયોજન અને છાયાપ્રકાશનો જરૂરપૂરતો જ ઉપયોગ તેને વિશિષ્ટ કળાકૃતિનું ગૌરવ બક્ષે છે.

તેમના પેઈન્ટિંગનો દરેક ભાગ ખૂબ સુંદર રીતે ચિત્રિત હોય છે. પારંપરિક ડેકોરેટિવ સ્ટાઈલ ને આકૃતિમૂલક કૃતિઓની દરેકે દરેક રેખામાં એક પ્રકારની સંવાદિતા ને લયાત્મકતાનો અનુભવ થાય. રંગ, રેખા ને લયનો આવો સુભગ સંગમ જોનારને સંતૃપ્ત કરી દે.

યાદવના પેઈન્ટિંગ્સ ભારતમાં અને વિદેશોમાં પ્રદર્શિત થતાં રહ્યાં. ભારતનાં મુખ્ય શહેરો ઉપરાંત જર્મની, યુ.એસ.એ., દુબઈ જેવા દેશોના ખાનગી સંગ્રહાલયોમાં તેમના પેઈન્ટિંગ્સ પહોંચી ગયાં છે. સી.એન. કલાવિદ્યાલયની દીવાલો પર પણ તેમના પેઈન્ટિંગ્સ જોવા મળે છે.

મધ્યપ્રદેશ કલા પરિષદ દ્વારા આયોજિત અખિલ ભારતીય ચિત્ર પ્રદર્શનમાં તેમના 'અમરાવતી કા મંદિર' તૈલચિત્રને પ્રથમ પારિતોષિક મળેલું. તદુપરાંત મુંબઈ, અમૃતસર, મૈસૂર તથા ગુજરાતનાં કલાપ્રદર્શનોમાં તેમનાં ચિત્રો પુરસ્કૃત થયાં છે.

મોડર્ન આર્ટ વિષે પૂછતાં તેમનો પ્રતિભાવ - 'કોઈ કળા ગૌણ નથી. પારંપરિક હોય કે મોડર્ન, જો ભાવકની સજ્જતા હોય ને કલાકારની દૃષ્ટિ હોય તો એ કળાને પામી શકે. બાકી તો કલાકારના ભીતરી વ્યક્તિત્વમાંથી કળા પ્રકટવી જોઈએ.'

જોતાં જ દર્શકને સ્પર્શી જાય એવાં ચિત્રોના સર્જક આ કલાકાર વિવેચકની વિવેક દૃષ્ટિ ધરાવે છે તેથી જ તેમણે કહ્યું -

'હું હજુ પૂર્ણતાએ પહોંચ્યો નથી. મારે હજુ માસ્ટરી મેળવવી છે.'

સુશીલા જોશી

સાહિત્યિક સંજ્ઞાઓ

લિટરરી હિસ્ટરી : સાહિત્યનો ઇતિહાસ

આમ તો આથી સાદીસીધી સંજ્ઞા કોઈ હોઈ શકે નહીં. પણ અત્યારે જે હલચલ મચી ગઈ છે તેનું મુખ્ય કારણ એ છે કે ખુદ સાહિત્ય કરતાં ય ઇતિહાસ નામક સંજ્ઞા હવે ખૂબ જ વિક્ષેપનું કેન્દ્ર બની રહી છે.

ઇતિહાસ એટલે હકીકતો, અને તેથી ય આગળ સમયાનુક્રમ, ક્રોનોલોજિ, ૧૯૨૦ પછી ૧૯૨૧, પછી... એ એક પછી બીજું પછી એમ ઘટકોને અમુક ધરી, અમુક એકવીસ પ્રમાણે ગોઠવવાની રીત. આજની સ્ટ્રક્ચરલિસ્ટ અને તે પછીની પોસ્ટ-સ્ટ્રક્ચરલિસ્ટ આબોહવામાં મજા જ એ છે કે એ આ કે તે શિસ્તને લઈ તેની પાયાની આખીય રીત, તેની પધ્ધતિને, પ્રશ્નાર્થ છે - જો આવું ક્રિયાપદ બનાવી શકાતું હોય તો; અને તેને જ શોધ-સંશોધનનું આરંભબિન્દુ બનાવે છે.

એટલે ઇતિહાસ એટલે સમયાનુક્રમ એ અધ્યાસને જ ઉકેલી જુઓ અને તમને ઇતિહાસની અત્યાર સુધીની વિભાવના જરઠ, કુંઠિત બધ્ધ લાગવા લાગશે. અનુક્રમ પોતે જ એક વિવાદાસ્પદ ઘટક છે. અનુક્રમ એટલે રેખાના ખ્યાલ પર અવલમ્બિત આખોય વિચાર, જે લિનિઅર રેખાવલમ્બી પધ્ધતિ કહી શકાય. તેથી બીજી પણ જોવાની રીત હોઈ શકે. બહુ જ દેખીતું છે કે ઘટકોને જેમ સીધી રેખામાં ઊભાં રાખી કે મૂકીને જોઈ શકાય, તેમ તેથી, જુદી, વર્તુળાકાર વ્યવસ્થામાં પણ મૂકી જોઈ શકાય, આખરે આખું ય વિશ્વ, એ માણસે બનાવેલી-કલ્પેલી આવી વ્યવસ્થાઓનો જ વ્યાપાર છે ને ? જ્ઞાન એટલે કે નૉલેજની ખુદની વિભાવના એકથી વધુ મંડલો, મોડેલ્સમાં અજમાવી જોવાય એ સહજ છે. પણ મને-તમને સ્પર્શી જાય એવી વાત એ છે કે જ્ઞાન એ હવે કંઈ ત્યાં પડેલો પદાર્થ નથી જે તરફ ગતિ કરી આપણે તેને પામી શકીએ. જ્ઞાન પણ અન્ય વિભાવનાઓની જેમ એક વિભાવના છે, જેને ઉઘાડી, વાસી, સંકોચી, વિસ્તારી શકાય.

આ અને આવી બધી ઉત્તેજનાની એક છોળ સાહિત્યના ઇતિહાસની વિભાવનાને ફરીથી ખોલી નાખવાની આપણને ફરજ પાડે છે. ટેનિસન પછી એલિયટ પછી ટૉમ ગન પછી-એ અંગ્રેજી કવિતાના ઇતિહાસ પરના કોઈપણ પુસ્તકનો દેખીતો ક્રમ છે, પણ ખૂલેલી નવી દિશાઓમાં એમ પ્રતીત થાય છે કે આ એક ક્રમ છે, પણ એકમાત્ર ક્રમ નથી. આવી ક્રમવ્યવસ્થાઓ એકથી વધુ હોઈ શકે.

કઈ રીતે ? વ્યવસ્થાઓ જુદી જુદી હોઈ શકે, શ્રેણીઓ જુદી જુદી હોઈ શકે. દાખલા તરીકે, બ્રાઉનિંગ પછી ઑડન પછી ફિલિપ લાર્કિન - એમ પણ મૂકી શકાય. આમાં આપણે એટલું કર્યું કે અંગ્રેજી કવિતાની ટેનિસનથી માંડીને ટૉમ ગન સુધીની પરંપરાને બદલે હવે બ્રાઉનિંગથી માંડીને લાર્કિન સુધીની એક અન્ય પરંપરાને ઉપસાવી. આવી પ્રસ્થાપિત પરંપરાઓ વર્ગમાં સાહિત્ય ભણાવવામાં બહુ મદદ કરે છે. વાસ્તવમાં આવી પરંપરાઓ સાહિત્યમાં નથી પડેલી, તે આમ તો સાહિત્યના અધ્યયન-અધ્યાપનના આખાય વ્યવસાયમાં, એ ઇન્ડસ્ટ્રીમાં પડેલી છે. તેમના સમગ્ર ખ્યાલનાં મૂળ અંગ્રેજી સાહિત્યના યુનિવર્સીટીઓમાં ચાલતા વર્ગોમાં છે.

આમાંય કાંઈ નવું નથી. પરંપરા એટલે કે ટ્રેડિશનનું મહત્ત્વ જ આ છે. એને વિશે સભાનતા જાગી એલિયટ સાથે, પણ ટી.એસ. એલિયટનો પરંપરા પરનો નિબંધ પણ ઠેઠ ૧૯૨૦ જેટલો જૂનો છે. એ નિબંધમાં જ એલિયટ સાહિત્યની વિભાવનાને ક્રમાનુગત પંક્તિબધ્ધ સીધીસપાટ સ્પેસ, તેવા ભૂપટ પર પથરાયેલી જોવા કરતાં અન્ય રીતે જોવા જાય છે. નૉર્થોપ ફ્રાયમાં પણ આ નવ્ય વિચાર દહોરાવાય છે. વીસમી સદીમાં થયેલા આ આખા વૈચારિક આયાસ કે પરાક્રમનું કારણ સમય વિશેનો બદલાયેલો અભિગમ છે. જો સમય વિશેનું બીબું, મોડલ તમારું એક જ હોય કે સમય એ હમેશાં એક સીધી લીટીમાં ઊકલતું આવતું ફિલ્લું છે તો ઇતિહાસનો તમારો ખ્યાલ પણ સીધોસપાટ રહેવાનો. નંદશંકર પછી ગોવર્ધનરામ પછી મુન્શી પછી પન્નાલાલ પછી... પણ સમય એમ સીધી રેખામાં હમેશાં ઊકલતો રહેતો નથી.

તો પછી ? સાહિત્ય, પછી તે કોઈ પણ સાહિત્ય હોય - ગુજરાતી કે અંગ્રેજી કે ફ્રેન્ચ-એ પણ હમેશાં સીધી રેખામાં ભૂતકાળમાંથી વર્તમાન તરફ ઊકલતું જતું નથી. માટે તો એલિયટનો પરંપરાનો ખ્યાલ જેની સાથે એલિયટ જેને ઐતિહાસિકતાનું ભાન કહે છે તેને ઘણો ઘેરો સંબંધ છે.

આ અને આવી બધી પાર્શ્વભૂ આગળ આજે સાહિત્યના ઇતિહાસની કલ્પના-વિભાવના નવી નવી રીતે વ્યાખ્યા પામતી રહે છે. પશ્ચિમમાં સાહિત્યના અભ્યાસની વાત કરીએ તો ૧૯૪૦ - ૧૯૬૦ દરમિયાન એક એવો ગાળો આવી ગયો જ્યારે સાહિત્યનો ઇતિહાસ એક શિસ્ત તરીકે લગભગ તરછોડાયો. જે કાંઈ છે તે કૃતિ છે, અને કૃતિ છે તે છેવટની કૂટસ્થ નિત્ય હસ્તી છે, તેને ઇતિહાસ નથી, ન હોય, જો તે કૃતિ હોય તો. ઇતિહાસ માણસને હોય, માણસની બનાવેલી વસ્તુઓ, સંસ્થાઓ, એમનો હોય, કદાચ જડ પદાર્થોનો હોય. કાવ્યને ઇતિહાસ ન હોય-આવો એક પૂર્વગ્રહ પ્રચારમાં આવ્યો.

આ એક અતિરેક હતો. ઇતિહાસ એ જ્ઞાનનું નિત્ય પરિમાણ છે એવી સમજ વિવિધ રૂપે હવે સ્થિર થતી રહી છે. પણ એક વસ્તુ નિશ્ચિત છે કે સાહિત્ય અને કલાઓની વાત છેડાય ત્યાં ખુદ ઇતિહાસનો પોતાનો ખ્યાલ બદલવો પડે છે.

તુલનાત્મક સાહિત્યનું ક્ષેત્ર એ આનો નિકષ છે. તમે બે અથવા બહુ સાહિત્યોનો ઇતિહાસ એકી સાથે કેવી રીતે લખશો ? દાખલા તરીકે, ગુજરાતી અને મરાઠી, રાજકીય ઘટનાઓ, સાહિત્ય સ્વરૂપો, નિરૂપણ શૈલીઓ, વસ્તુવિષયો, કલ્પન-પ્રતીકો - એમ એકથી વધુ એકમો, ઘટકોને માપદંડ તરીકે લઈ એની એ સામગ્રીને ગોઠવી શકાય. જૂનાં ઇતિહાસના ખયાલના બીબામાંથી છૂટ્યા પછીની આ મુક્ત હવાઓમાં શક્યતાઓ ઘણી જ છે, ખાસ કરીને ભારતીય સાહિત્યોના અભ્યાસના ક્ષેત્રમાં.

દિગીશ મહેતા

જાણીએ જોડણી

નિયમ ૧૯ : એક અને બે અક્ષરના શબ્દોવાળા મૂળ ધાતુના પ્રથમાક્ષરમાં નિરનુસ્વાર ઈ કે ઊ હોય તો તેના કર્મણિ રૂપ અને પ્રેરક રૂપમાં ઈ નો ઇ અને ઊ નો ઉ બને છે.

દાખલા : પીવું - પિવાવું - પિવડા(-રા)વવું, પીસવું - પિસાવું - પિસાવવું, મીચવું - મિચાવું - મિચાવવું, રીબવું - રિબાવું - રિબાવવું, શીખવું - શિખાવું - શિખડા(-રા)વવું, ઊઠવું - ઉઠાવું - ઉઠાવ(-ડ)વું, ઝૂકવું - ઝુકાવું - ઝુકાવવું, પૂછવું - પુછાવું - પુછાવ(-ડ)વું, ભૂલવું - ભુલાવું - ભુલાવ(-ડ)વું, મૂકવું - મુકાવું - મુકાવ(-ડ)વું વગેરે.

નોંધ : (ક) મીચવુંના વિકલ્પે મીંચવું કરાય છે ત્યારે કર્મણિ-પ્રેરક રૂપ મીંચાવું - મીંચાવવું જ થાય. (નિયમ ૧૪ મુજબ)

(ખ) દીપ્, પીડ્, પૂજ્ જેવાં સંસ્કૃત તત્સમ ક્રિયાપદોનાં રૂપ આ રીતે થાય છે : દીપવું - દીપાવું - દીપવવું/દિપવવું, પીડવું - પીડાવું - પીડાવવું, પૂજવું - પૂજાવું - પૂજાવવું

વિશેષ નોંધ : ધાતુના અક્ષરો ગણવામાં તેનું સામાન્ય કૃદંત રૂપ નહીં પણ મૂળ રૂપ ગણવામાં આવે છે. એટલે કે આવા શબ્દોમાં અંત્યાક્ષર 'વું' કાઢી નાખી આજ્ઞાર્થનું રૂપ લઈ અક્ષર ગણવા. જેમ કે, પીવુંમાં પી, ઊઠવું માં ઊઠ, ઊપજવુંમાં ઊપજ, ઉપજાવવુંમાં ઉપજાવ. ધીરવું બે અક્ષરનો શબ્દ હોઈ, હવે પછીના નિયમ ૨૨ મુજબ ધી દીર્ઘ છે પણ ધિરાણ ત્રણ અક્ષરનો શબ્દ હોઈ, નિમય ૨૩ મુજબ ધિ હ્રસ્વ છે. ફુગવુંમાંથી ફુગાવો પણ આ રીતે બને છે. વળી આવી ગણતરી માટે વ્યંજનો/અર્ધાક્ષર ગણતરીમાં લેવાતા નથી.

નિયમ ૨૦ : બેથી વધારે અક્ષરના શબ્દોવાળા મૂળ ધાતુના પ્રથમાક્ષરમાં નિરનુસ્વાર ઈ/ઊ હોય તો કર્મણિ રૂપમાં તે સ્વરો દીર્ઘ રહે છે પણ પ્રેરક રૂપમાં હ્રસ્વ બને છે.

દાખલા : ચીતરવું - ચીતરાવું - ચિતરાવવું, પીરસવું - પીરસાવું - પિરસાવવું, ઊટકવું - ઊટકાવું - ઉટકાવવું.

નોંધ : (ક) ઉપરનાં રૂપ અનાયાસે હવે પછીનાં નિયમ ૨૩ તથા નિયમ ૨૪ને અનુસરે છે.

(ખ) સ્વીકાર્ય, સૂચ્ જેવાં સંસ્કૃત ધાતુઓનાં રૂપ આ રીતે થાય છે :

સ્વીકારવું - સ્વીકારાવું - સ્વીકારાવવું,
સૂચવવું - સૂચવાવું - સૂચવાવવું.

નિયમ ૨૧ : ઓકારન્ત હોય તેવા તદ્ભવ શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર ઈ/ઊ દીર્ઘ રહે છે.

દાખલા : ઢીલો, વીમો, અરીઠો, અરીસો, કશી(-સી)દો, કાકીડો, ખરીચો, ગ(-ગા)લીચો, ગોકીરો, જંજીરો, તરીકો, દાગીનો, પલીતો, ફુદીનો, બગીચો, મણીકો, મલીદો; ફૂવો, ખૂણો, ચૂનો, ચૂલો, ઝૂડો, ઝૂલો, ડૂચો, મૂડો, લૂખો, લૂણો; અણુ(-ણો)જો, અંગૂઠો, કચૂકો, કચૂરો, કાનૂગો, ચિચૂકો(-ડો), જ(-ઝ)રૂખો, તંબૂરો, ધંતૂરો, નકૂચો, પરૂ(-રો)ણો; અરડૂસો(-સી), અજમૂદો, માલપૂઓ(-ડો); આવરકૂ(-ખૂ)ટો, ડં(-દં)ડી(-ડૂ)કો વગેરે.

અપવાદ : મહિનો, દુહો, અ(-આ)ગુવો, ગુરુડો, જાંબુડ, તાલુકો, બાઉવો, મહુડો, રેંટુડો, લઉઓ; ખુઓ, જુઓ, ધુઓ, રુઓ, લુહો.

નોંધ : (ક) દરિયો, રૂપિયો, વાણિયો, શેરિયો, બળદિયો, વાવણિયો જેવા શબ્દોને આ નિયમ નહીં પણ નિયમ ૧૬ લાગુ પડશે. (નિયમ ૨ ની વિશેષનોંધ મુજબ)

(ખ) ગિરો, ગુનો ફારસી તત્સમ શબ્દો છે.

રામજીભાઈ પટેલ

અવલોકન

ગાંધીયુગના કવિની લયાન્વિત કવિતા

પ્રસાદ બ્રહ્મભટ્ટ

'સમય નજરાયો' : રામપ્રસાદ શુક્લ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૧, ૧૯૯૧, પૃ. ડેમી ૩૧૨ + ૨૦, મૂલ્ય રૂ ૧૦૦)

ગાંધીયુગના ઉમાશંકર-સુંદરમના સમકાલીન કવિ રામપ્રસાદ શુક્લ (ઈ.સ.૧૯૦૮)નો પ્રથમ (સૉનેટ)સંગ્રહ 'બિન્દુ' ઈ. ૧૯૪૩માં પ્રકટ થયેલો. તેમાં 'વિનાશ અને વિકાસ'નાં પચીસ સૉનેટની માળા સહિત સાઠ સૉનેટ હતાં. ઈ. ૧૯૩૦થી કાવ્યસર્જન પ્રવૃત્ત કવિ ૧૯૮૩ સુધી મંદ ગતિએ કાવ્યો લખતા રહે છે, પણ બીજો સંગ્રહ આપી શક્તા નથી. છેક ૧૯૯૧માં તેમની સમગ્રકવિતાનો સંગ્રહ 'સમય નજરાયો' પ્રાપ્ત થાય છે ત્યારે ગાંધીયુગના આ ઉલ્લેખનીય કવિની કાવ્યયાત્રાનો આલેખ જોવા મળે છે.

અડધી સદી સુધી કાવ્યસર્જન કર્યા પછી પણ રામપ્રસાદ (સાઠ મુક્તકોને બાદ કરતાં) ત્રણસોથી પણ ઓછી કાવ્ય કૃતિઓ આપી શક્યા છે એ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે તેમની કવિપ્રતિભા સર્જનનો ધોધ વહાવતા મોટા ગજાના કવિના બરની નથી. પ્રસ્તુત સંગ્રહમાં કાલાનુક્રમે કાવ્યો નથી. છતાં જ્યાં રચના વર્ષો નોંધવામાં આવ્યાં છે તે પરથી ખ્યાલ આવે છે કે કવિનું અધઝાઝેરું સર્જન પ્રથમ દસકામાં થઈ ગયું છે. પછીના ચાર દાયકામાં કવિનું સર્જન મંદ પડ્યું છે. છેલ્લા બે દાયકા દરમ્યાન રચાયેલી કૃતિઓમાં કવિએ અદ્યતન કાવ્યધારના પ્રભાવ નીચે વસ્તુ અને અભિવ્યક્તિની રીતિ પરત્વે પરિવર્તન સાધવાનો પ્રયાસ અવશ્ય કર્યો છે. એકંદરે પાંચ દાયકાની કવિની કાવ્યસાધનાને અંતે તેમની જે સમગ્ર છબી ઊપસી આવે છે તે તો ગાંધીયુગના કવિની જ છે. પણ મોડી મોડીયે ગાંધીયુગના કવિની સમગ્ર કવિતા આપણને હાથવગી થઈ તેને આશ્વાસન કહી શકાય.

પ્રસ્તુત સંગ્રહમાં કવિએ મુખ્યત્વે કાવ્યસ્વરૂપને આધારે કાવ્યોનું વર્ગીકરણ કરી ૧૧ ખંડમાં વિભાજન કર્યું છે. પ્રથમ ખંડમાં સંગ્રહની નામદાત્રી દીર્ઘકવિતા 'સમય નજરાયો સમયથી' આપવામાં આવી છે. ૧૯૬૭માં રચાયેલી અને 'રે' મઠ'ના સામયિક 'કૃતિ'માં છપાયેલી સળંગ છંદો-રચના અને વચમાં ગેય પદો ધરાવતી આ દીર્ઘરચનામાં કવિએ દ્વિદલ મનુષ્યની દ્વંદ્વાત્મકતા સ્ત્રી અને પુરુષની ઉક્તિઓ દ્વારા અભિવ્યક્ત કરી છે. આ દ્વંદ્વાત્મક્તા રામપ્રસાદની સમગ્ર કવિતાનું હાર્દ છે. 'બિન્દુ'ની સૉનેટમાળા 'વિનાશ અને વિકાસ'માં પણ દ્વન્દ્વાત્મક્તા જોવા મળે છે. અનેક દ્વન્દ્વોથી સભર આ વિશ્વમાં વિગ્રહ, સંહાર, મૃત્યુ હોવા છતાં તેના દ્વારા જ સંવાદ, સમન્વય, સમૃધ્ધિ અને વિકાસ શક્ય છે એવી વિચારણા આ

સોનેટમાળા દ્વારા તેમણે રજૂ કરી છે. દ્વિતીય વિશ્વયુદ્ધ વિષયક આ કાવ્યગુચ્છમાં ત્રીસપાંત્રીસ વર્ષની યુવાનવયમાં કવિએ જે સૂઝસમજ વ્યક્ત કરી છે તે વિસ્મય પમાડે તેવી છે. નિયતિક્રમ વિશેની કવિની આ સમજ તેમનાં અન્ય કાવ્યોમાં પણ જોવા મળે છે.

'સ્મૃતિ' અને 'સંસૃતિ'નાં પ્રેમકાવ્યોમાં માત્ર વિરહ અને વિષાદ નથી, 'સોહં' - 'શિવોહં'નો ધ્વનિ પણ છે. 'ત્રિઉર' કાવ્યમાં સુન્દરમ્ અને રામપ્રસાદની મૈત્રીનો મહિમા કરતાં ઉમાશંકરે લખેલું : 'ને તું પ્રસાદ અણમૂલ પ્રભુત્વ કેરો/ આચ્છાદતો શિવઋચાથી વિષાદ છાયા'. આ સંદર્ભે રામપ્રસાદની કવિતાને વિષાદછાયાને આચ્છાદની શિવઋચા કહી નિરંજન ભગત તેને 'બુદ્ધિપૂત ઊર્મિની' કવિતા પણ કહે છે. સ્વાભાવિક રીતે જ આ પ્રકારની દ્વન્દ્વાત્મક કવિતા માટે અનુકૂળ સ્વરૂપ સૉનેટ છે. આપણી ભાષાનાં નોંધપાત્ર સૉનેટકાર રામપ્રસાદનું અધઝેરેરું કવિત્વ સૉનેટમાં પ્રકટ થયું છે. જેને બ. ક. ઠાકરે 'ઘટ્ટ વણાટી શૈલી' તરીકે નિર્દેશેલી તે શૈલી કવિનાં સૉનેટનાં વિષયવસ્તુને અનુરૂપ લાગે છે. સૉનેટમળા સિવાયનાં સૉનેટ પૈકી પ્રદેશવર્ણનનું 'ભોગાવાને કાંઠે', પ્રકૃતિના ઉજ્જડ રૂપનું સૌન્દર્ય પ્રકટ કરતું 'ઊષરપટમાં ચાંદની', 'લગ્નોઘતા બાલાની શૃંગારાવસ્થાનું લલિત ચિત્ર અંકિત કરતું 'લગ્નોન્મુખ બાલાને' ચિરસ્મરણીય છે. 'બિન્દુ'નાં સાઠ સૉનેટ પૈકી ૨૧ પેટ્રાર્કશાઈ છે જ્યારે ૨૬ શેક્સ્પિયરશાઈ છે. અન્ય સૉનેટમાં શિખરિણી, હરિણી, સ્રગ્ધરા , મંદાક્રાંતા છંદ જોવા મળે છે. છંદમિશ્રણનાં ચારેક દષ્ટાંત મળે છે. પ્રાસ માટે તેઓ આગ્રહી નથી. છતાં અંતની બે પંક્તિના પ્રાસ તેમણે મોટાભાગે સાધ્યા છે. અન્ય સ્વરૂપોમાં કાવ્યસર્જન કરનાર રમપ્રસાદને સૌથી વધુ સફળતા સૉનેટના સ્વરૂપમાં મળી છે એ નિઃશંક છે.

સંગ્રહના અંતિમ ખંડમાં કવિએ ત્રણ કાવ્યોના બીલીપત્ર દ્વારા પ્રકૃતિની 'વંદના' કરી છે. કાવ્યને અંતે આપેલી નોંધમાં કવિએ દર્શાવ્યું છે તેમ તેઓ ૧૯૩૩ થી ૧૯૪૨ દરમ્યાન ઈડર સંસ્થાનના શિક્ષણખાતામાં નિરીક્ષક હતા. આ સમયગાળા દરમ્યાન તેમણે આ સુન્દર પ્રદેશનો સઘન અનુભવ કર્યો હતો. એ અનુભવ તેમની પ્રકૃતિ-કવિતામાં ઝિલાયો છે. તેમની 'કવિતા'ને પ્રકૃતિ સાથે કેવો ગાઢ નાતો છે, એ પ્રકટ કરતાં કવિએ લખ્યું છે :

મન્ત્રે, નાદે રણઝણી રહે પ્રકૃતિ મંજુગાન,
ડેલી ખેલી સ્થિર થઈ હસે જિંદગીનું સુકાન.

જોઈ શકાશે કે રામપ્રસાદની પ્રકૃતિકવિતામાં પ્રકૃતિ અને સંસ્કૃતિનો સંગમ થયો છે.

રામપ્રસાદ ગાંધીવાદથી તો પ્રભાવિત હતા જ, પણ ૧૯૩૦ આસપાસ ગુજરાત પર ફરી વળેલ માર્કસવાદના મોજાથી પણ અલિપ્ત રહી શક્યા નથી. એ મોજાના પ્રભાવ તળે દલિતો-પીડિતો-શોષિતો-પતીતો પ્રત્યેની અનુકંપા એમની કવિતાનું પ્રેરક બળ બને છે. કવિની તીવ્ર સંવદેનશીલતા ભીલ લોકોની વસતીમાં 'મધરાતની ઘંટી' સાંભળી વિચારવંટોળે ચડે છે અને અંતર્દષ્ટિ થતાં અજ્ઞાતે ઢળે છે. કવિને સમગ્ર માનવજાતની ભાવિ સમુત્ક્રાંતિમાં શ્રદ્ધા છે. એ શ્રદ્ધાનો રણકાર તેમની કવિતામાં આશા અને આનંદના ઉદ્‌ગારોમાં સંભળાય છે.

સંગ્રહના ઉત્તરાર્ધમાં કવિએ ગીતો, ભજનો, ગરબી, રાસ, ગઝલો અને મુક્તકો આપ્યાં છે. પાંચમા ખંડમાં તેર દીર્ઘકાવ્યો પણ સાંપડે છે. સૉનેટ ઉપરાંત ઊર્મિકાવ્યોનાં અન્ય સ્વરૂપોમાં પણ કવિએ ખેડાણ કર્યું છે એનો ખ્યાલ આ પરથી આવે છે. રામપ્રસાદ માત્ર સૉનેટકાર છે એવી તેમને વિશેની માન્યતા આ કાવ્યોથી દૂર થાય છે. પણ અન્ય સ્વરૂપોમાં કવિને નોંધપાત્ર સફળતા મળી નથી. તેથી આ સંગ્રહમાંથી પસાર થયા પછી પણ કહેવાનું તો એક જ રહે છે કે તેઓ મુખ્યત્વે સૉનેટકાર જ છે.

'સમય નજરાયો'ની કવિતામાં ખાસ તો શિખરિણી છંદની કવિતામાં કવિના લોહીનો લય અનુભવાય છે. એ લયમાં લાલી છે, કેફ છે. એ કેફથી પ્રભાવિત નિરંજન ભગત કહે છે : 'ગુજરાતી કવિતામાં વિપ્રલંભ શૃંગાર અને શિખરિણી છંદના બે કવિઓ છે : બાલાશંકર અને રામપ્રસાદ' (પ્રસ્તાવના, પૃ. ૧૬) કવિતામાં લયની મહત્તા સવિશેષ છે. કવિ સ્વંય એનાથી સભાન છે. તેમણે પ્રાક્કથનમાં કહ્યું છે : 'કવિતાને યાદ કે જેહાદ કરતાં ઘણો વધારે સંબંધ નાદ સાથે છે.' રામપ્રસાદની કવિતાના લયથી ખુદ 'સમય નજરાયો' છે ! □

લવાજમ અંગે અમે આભારી છીએ 'કુમાર'ના ચાહક-ગ્રાહકોના જેમના ટેકાથી આ અંક સાથે 'કુમાર' તેના પુનઃ પ્રકાશન પછીની બે વર્ષની મજલ પૂરી કરી ત્રીજા વર્ષમાં પ્રવેશ કરે છે. આ પુનઃપ્રકાશનના આરંભે જેઓએ 'કુમાર'નું વાર્ષિક લવાજમ ભર્યું છે તેવા મોટા ભાગના ગ્રાહકોનું લવાજમ પણ ગતાંક સાથે પૂરું થયું હશે, અને અમને શ્રધ્ધા છે કે પાછલાં બે વર્ષોમાં તેઓએ 'કુમાર'ને જે સાથ આપ્યો છે તે હજી યે જારી જ રાખશે. આ તબક્કે અમે એક પ્રસ્તાવ મૂકીએ છીએ. જુલાઈ માસના અંક સાથે જેમનું લવાજમ પૂરું થતું હોય તેવા ગ્રાહકો જો ઓગસ્ટ '૯૨થી ડિસેમ્બર '૯૩ સુધીનું લવાજમ ભરવા ઇચ્છે તો તેમને આ વર્ષના ડિસેમ્બર સુધીના પાંચ અને '૯૩ના પૂરા વર્ષના બાર મળી કુલ ૧૭ અંકો માત્ર ૧૦૦ રૂપિયામાં જ આપવા. 'કુમાર'નું વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું ગણાતું હોઈ આથી અમને હિસાબ અને અન્ય વ્યવસ્થામાં થોડી સરળતા વધશે, જ્યારે ગ્રાહકોને અંશતઃ આર્થિક લાભ થવા સાથે વર્ષની વચમાં લવાજમ મોકલવાનું યાદ રાખવામાંથી મુક્તિ મળશે. અલબત્ત, આમ છતાં યે આપ ઇચ્છો તો માત્ર એક જ વર્ષનું(રૂ. ૭૫) લવાજમ પણ વર્ષના ગમે તે માસથી ભરી શકો છો. જો આપે ઓગસ્ટ'૯૩ સુધીનું લવાજમ મોકલી આપ્યું હોય તો વધારાના રૂ. ૨૫ મોકલી આપી ઉપરના પ્રસ્તાવનો લાભ લઈ શકો છો. ઝો આપનું લવાજમ ઓગસ્ટ અંક સાથે પૂરું થતું હોય તો આપ વધારના ૪ અંકના રૂ. ૨૦ ઉમેરી રૂ. ૯૫ મોકલશો તો ડિસેમ્બર '૯૩ સુધી આપને અંકો મળ્યા કરશે.



દેશ કાજે દેહ દેવા તક મળે છે કો'ક વાર,
જાન પર ખેલી, જવાનો!! આજ થાઓ જાંનિસાર !
રામ ને ઇસલામ, ખ્રિસ્તી પારસીની અંજુમન,
એક શમા ભડકી છે, પરવાના બની થાઓ ફના !
એક 'પરિમલ' થઈ પમરશો દેશના ઈતિહાસમાં,
નામ રહેશે દેશનું, ને આપની યે નામના !

'પરિમલ'

આપણા દેશના પ્રથમ સન્નારી શ્રીમતી વિમલા શર્મા

રાજકારણમાં પીઢ અનુભવી, સંતસ્વભાવી વિદ્વાન અને પોતાના પદને યોગ્ય લગભગ બધી ક્ષમતા ધરાવનાર ડૉ. શંકરદયાળ શર્માની દેશના નવમા રાષ્ટ્રપતિ તરીકેની ચૂંટણી જેમ દેશના ભાવિ અંગે અનેક આશા પ્રકટાવે છે તેમ એમના અર્ધાંગિની શ્રીમતી વિમલા શર્માનું દેશના પ્રથમ સન્નારીના પદનું પામવું એ પણ એક ઉજજવળ સંકેત સમું છે.

બાળવિવાહ અને સતીપ્રથા જેવી આજે ત્યાજ્ય એવી સદીઓ જૂની રૂઢિઓનો હાલ પણ જ્યાં બહુ મોટો મહિમા છે એ રાજસ્થાનમાં રેલવેના એક કર્મચારી પંડિત લક્ષ્મીનારાયણ શર્માને ત્યાં એમનો જન્મ થયેલો. મૂળ અલવર રાજ્યના રાજગઢ ગામના વતની લક્ષ્મીનારાયણે એ જમાનામાં અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં ઈતિહાસના વિષય સાથે એમ.એ. સુધીનો અભ્યાસ કરેલો, અને એ કાળે રેલવેમાં કેવળ બ્રિટિશરોને માટે જ શક્ય એવા ટ્રાન્સપોર્ટ ઈન્સ્પેક્ટરના પદ ઉપર એ સમયની બી.બી.એન્ડ સી.આઈ. (બૉમ્બે બરોડા એન્ડ સેન્ટ્રલ ઈન્ડિયા) રેલવેમાં સીધી જ નિમણૂક મેળવી હતી.

સ્ત્રીકેળવણી તુચ્છ અને ત્યાજ્ય ગણાવાના એ સમયમાં આ પંડિત લક્ષ્મીનારાયણે પોતાના પુત્રને જ નહિ, પોતાની ત્રણ પુત્રીઓને પણ ઉચ્ચ શિક્ષણ આપેલું અને એ માટે જયપુર જઈ ત્યાંના બંની પાર્કમાં ઝુમેરલાલકી બગીચીમાં વસવાટ કરેલો.

વિમલાબહેન આ પં.લક્ષ્મીનારાયણનાં સંતાનોમાં સૌથી મોટા પુત્રી. પિતાની ધગશ અને હિંમતના પીઠબળ સાથે શાળામાં ઈન્ટર સુધીનું શિક્ષણ લીધું. ત્યારે ઈન્ટર સુધીનું શિક્ષણ શાળામાં થતું અને તે પછી કૉલેજમાં જવાતું. જો કે ત્યારે દીકરીઓને ભણાવવાની ખેવના ભાગ્યે જ કોઈ રાખતું અને એવી હિંમત કરે તો યે પહેલાં તપાસ કરી લે કે ભણાવનાર શિક્ષક છે કે શિક્ષિકા. આવા જમાનામાં ઈન્ટર સુધી ભણીને પછી ખાસ મહિલાઓ માટે જ જયપુરના મહારાજાએ નવીનવી સ્થાપેલી મહારાણી ઈન્ટરમીડિએટ કોલેજ (આજની મહારાણી કૉલેજ)માં દાખલ થઈ વિમલાબહેને એમ.એ. સુધી અભ્યાસ કર્યો. એમ.એ.ના વર્ગમાં તેઓ એકમાત્ર વિદ્યાર્થિની હતાં. પ્રગતિશીલ વિચારોથી પ્રેરાઈ એમણે પોતાની બીજી બે નાની બહેનો - નિર્મલા અને શ્યામા-ને પણ એમ.એ. સુધી અભ્યાસ કરવા પ્રોત્સાહન અને હિંમત આપ્યાં હતાં.

આજે એમાંનાં શ્રીમતી નિર્મલા ચતુર્વેદી ભોપાલની ગર્લ્સ કૉલેજમાં પ્રિન્સિપાલ છે જ્યારે શ્યામા શર્મા અલવરની ગર્લ્સ કૉલેજમાં ફિલોસૉફીના પ્રૉફેસર છે. એમના ભાઈ પી. એન. શર્મા વેસ્ટર્ન રેલવેમાં સિનિયર ડિવિઝનલ કૉમર્શલ સુપરિન્ટેન્ડન્ટ રહી હાલમાં નિવૃત્ત થઈ જયપુરમાં પૈતૃક મકાનમાં રહે છે. વિમળાબહેન વર્ષમાં બેએક વાર અચૂક અને એ ઉપરાંત પ્રસંગોપાત જયપુર જાય છે, અને જ્યારે જાય ત્યારે પોતાના સગાંસંબંધીઓ તથા પરિચિતોને પણ યાદ રાખીને અચૂક મળે છે.

એમ.એ. કર્યા પછી ૧૯૫૦માં ડૉ. શંકરદયાળ શર્મા સાથે એમનું લગ્ન થયું. પ્રથમ પત્નીના અવસાન પછી ડૉ. શર્માનું આ બીજું લગ્ન હતું, અને ત્યારે એમને એક પુત્ર-સતીશ પણ હતો. આ લગ્નથી એમને બે પુત્રી જયશ્રી અને ગીતાંજલિ તથા એક પુત્ર આસુતોષ છે. આમાંની ગીતાંજલિ અને તેના પતિ લલિત માકનની ૧૯૮૫માં આતંકવાદીઓએ હત્યા કરી હતી.

પતિ ડૉ. શંકરદયાલની વિકાસશીલ કારકિર્દીમાં વિમલાબહેનનો પણ મહત્ત્વનો ફાળો રહ્યો છે. મધ્યપ્રદેશની ધારાસભામાં પણ તેઓ રહી ચૂક્યાં છે અને સમાજસેવામાં પણ રસ લે છે પણ સ્વભાવે શરમાળ તેઓ પતિની પાછળ જ રહે છે અને પરિવારમાં તો તેઓ આજે યે 'વહુ' તરીકે જ વર્તે છે. ઘેર રસોઈયા હોવા છતાં શ્વસુર કે પિયરપક્ષના કોઈ મહેમાન આવે તો તેઓ જાતે જ રસોઈ બનાવી એમની સરભરા કરે છે. ભોપાલ જવાનું થાય તો ત્યારે ત્યાંના પરામાં ડૉ. શર્માનાં બે મકાનો હોવા છતાં ત્યાં ન રહેતાં સાસુ સંપતબાઈની સાથે ગામમાં રહીને તેમની સેવામાં રત રહે છે. પતિની જેમ તેઓ પણ ધાર્મિક આસ્થાવાન છે, પરંતુ અંધશ્રદ્ધાળુ નથી.

પતિની પ્રગતિમાં એમનો મૂક સાથ પણ કારણભૂત હશે જ એમ સહેજે કહી શકાય. અને આવા સાથમાં ડૉ. શર્મા પોતાનું કાર્ય અને ફરજો યશસ્વીપણે બજાવી શકશે એવી શ્રદ્ધા સહેજે જાગે એ સ્વાભાવિક છે. □

કેનોપનિષદ

यद् वाचानभ्युदितं येन वागभ्युद्यते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ४ ॥
यन्मनसा न मनुते येनाहुर् मनो मतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ५ ॥
यच्चक्षुषा न पश्यति येन चक्षूंषि पश्यति ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ६ ॥
यच्छ्रोत्रेण न श्रृणोति येन श्रोत्रमिदं श्रुतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ७ ॥
यत् प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ८ ॥

। इति प्रथम : खण्डः ॥

વાણીથી થાય ના વ્યક્ત, વાણી જેનાથી વ્યક્ત છે,
જાણ તેને જ તું બ્રહ્મ ન આ જેને ઉપાસતો. ૪
વિજય ના મનથી, કિંવા, જેનાથી છે કહ્યું મન,
જાણ તેને જ તું બ્રહ્મ, ન આ જેને ઉપાસતો. ૫
નેત્રથી તે જણાતો ના, જેનાથી નેત્ર પેખતાં,
જાણ તેને જ તું બ્રહ્મ, ન આ જેને ઉપાસતો. ૬
તે ન કર્ણે સુણે કોઈ, જેનાથી કર્ણ સાંભળે,
જાણ તેને જ તું બ્રહ્મ, ન આ જેને ઉપાસતો. ૭
જે ન પ્રાણિત છે શ્વાસે, લેવાતો શ્વાસ જે થકી,
જાણ તેને જ તું બ્રહ્મ, ન આ જેને ઉપાસતો. ૮

રાજેન્દ્ર શાહ

હવે બસ કરો

'બંધ' એટલે બળજબરી, 'બંધ' એટલે જોરજુલમ, 'બંધ' એટલે પંજાબનો અને કાશ્મીરનો ત્રાસવાદ, 'બંધ' એટલે અરાજકતા. કોઈ પણ કારણસર, કોઈ પણ પક્ષે, કોઈ સ્થળે પળાવેલો 'બંધ' રોજેરોજનું રળનારાં કંગાલોની રોટી ઝૂંટવી લે છે, એમનાં બાળકોને મોઢે પહોંચતું ટીપું દૂધ પણ પડાવી લે છે, અમસ્થાય જિંદગીમાં જે મુસીબતો એ વેઠતાં હોય છે તેમાં અસહ્ય વધારો કરે છે.

દેશમાં ગરીબી છે, ભૂખમરો છે, દેશની ધરતી તરસી છે, મૂગાં પશુ અને એમની જેમ મૂગાં માનવી તરસ્યાં છે, દેશમાં બેકારી છે, શોષણ છે, પગલે પગલે ભ્રષ્ટાચાર છે. આ બધું આજના આપણા ભારતને ડુબાડી રહ્યું છે, આપણી આવતી પેઢીને અત્યારથી કબરમાં દાટી રહ્યું છે.

આમાંથી દેશને બચાવવો હોય તો આપણે ખૂબ કામ કરવાનું છે - ખેતરો ને કારખાનાંમાં કામ કરવાનું છે, બજારો ને કચેરીઓમાં ને શાળા-કોલેજોમાં કામ કરવાનું છે, આકરી મહેનત કરવાની છે, રજાઓ ઓછી કરવાની છે....હડતાલો અને 'બંધ' બિલકુલ અટકાવી દેવાનાં છે.

ઘડીભર તો થંભીને વિચારીએ કે જેને આપણે સ્વર્ગથી પણ ચડિયાતી ગણતા હતા તે જનની જન્મભૂમિને આપણે હાથે જ આપણે કેવા દોજખમાં પલટાવી નાખી છે ! પલભર તો આંખ ઉઘાડીને જોઈએ કે દુનિયાના ચોકમાં એ ચીંથરેહાલ ભિખારણ જેવું ભારતમાતાનું સ્થાન આપણે એનાં સંતાનો એ જ કેવું કરી મૂક્યું છે !

શૂર શિવાજી ને વીર પ્રતાપની, પોતાની સંસ્કૃતિનો ખંડખંડમાં ડંકો વગાડનારા વિવેકાનંદ ને રવીન્દ્રનાથની, ગાંધી ને જવાહરની, સરદાર અને સુભાષની આ મગરૂર જનેતા આજે નધણિયાતી ગાયની જેમ સૌ કોઈનાં ડફણાં ખાતી ઊભી છે. જરાક એનાં ભાંભરડાં સાંભળીએ, જરીક તો એની આંસુધારા સામે નજર કરીએ !

માતૃભૂમિ પરથી પરદેશી સત્તાને હઠાવવા માટે ફાંસીના ગાળિયાને ફૂલમાળની જેમ વધાવનારાં, ખુલ્લી છાતીએ બંદૂકની ગોળીઓ ને સંગીનો ઝીલનારાં, શ્રીફળના ગોટાની જેમ ફટફટ પોતાનાં માથા વધેરી દેનારાં, કારાવાસની કારમી યાતનાઓ ઝીલવા માટે પડાપડી કરનારાં આપણાં બંધુભગિનીઓને જરાક તો સંભારીએ ! એમની વેદનાઓ ને યાતનાઓ, 'કલેજાં ચીરતી કંપાવતી' એમની ભયકથાઓ, એ 'મરેલાંનાં રુધિર ને જીવતાંનાં આંસુડાંઓ', એમના 'હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા', સ્વાધીનતાના મહાયજ્ઞમાં એમણે વહાવેલી 'સમર્પણની... અણખૂટ ધારા'ને -અરે, એકાદ વાર તો જરા યાદ કરી લઈએ !

સ્મશાનો અને કબરસ્તાનો ભણી ઘડીક કાન માંડી જોઈએ તો આઝાદીના એ દીવાનાઓના સૂર ઝાંખા ઝાંખા હજીયે સંભળાશે મેઘાણીના પેલા ગીતમાં -

> અમારે ઘર હતાં, વહાલાં હતાં, ભાંડું હતાં ને
> પિતાની છાંય લીલી, ગોદ માતાની હતીયે...
> સમય નો'તો પ્રિયાને ગોદ લૈ આલિંગવાનો,
> સમય નો'તો શિશુના ગાલ પણ પંપાળવાનો,
> સમય નવ માવડીને એટલું કહેતાં જવાનો :
> 'ટપકના આંસુને, ઓ મા! સમજજો બાળ નાનો.'
> અહોહો ! ક્યાં સુધી પાછળ અમારી આવતી'તી,
> વતનની પ્રીતડી ! મીઠે સ્વરે સમજાવતી'તી,
> ગળામાં હાથ નાખી ગાલ રાતા ચૂમતી'તી,
> 'વળો પાછા !' વદીને વ્યર્થ વલવલતી જતી'તી.

અને ભણકારા વાગશે અબુલ કલામ આઝાદના પેલા શબ્દોના :

'ઉનકી યાદમેં, જિનહોંને અપને ખૂનસે હિંદોસ્તાંકે બાગકો સીંચા...'

પછી યાદ કરીએ હિંદોસ્તાંની ફૂલવાડીને પિસ્તાલીસ-પિસ્તાલીસ વરસથી એકધારી ઉજાડી રહેલા કોમવાદના અને ધર્મઝનૂનના માતેલા સાંઢને. કોમવાદનો રાક્ષસ ભારતભૂમિના એક અંગને પહેલાં હડપ કરી ગયો, ત્યાં સત્તા જમાવી અને પછી પોતાની નાપાક ભુજાઓ વડે કાશ્મીર ને પંજાબને ચૂંથવા માંડ્યાં, આસામ ને કેરાળા સુધી એને લંબાવી. ભારતની પરાક્રમી સેનાએ ત્રણ-ત્રણવાર એને ધૂળચાટતો કરેલો છે, છતાં ફરી પાછો ફૂંફાડા મારતો અને અગનઝાળ ઓકતો એ વિષધર ઊભો થતો જ રહે છે. કારણ કે એક મહાસેતાન સમી મહાસત્તા એને દૂધ પાઈને ઉછેરી રહેલ છે - સાડા ચાર દાયકાઓથી એને વિનાશકારી શસ્ત્રો વડે ધરવી રહેલ છે.

એ ફણીધરને જો જેર કરવો હશે, તો પેલા સેતાનનો સામનો કરવાની તાકાત આપણે પેદા કરવી પડશે, એટલું હરગીઝ ન ભૂલીએ. એ તાકાત ત્યારે પેદા થશે કે જ્યારે આપણાં કરોડો કંગાલોના પેટના ઊંડા ખાડા થોડાક પુરાય, એમનાં બાવડાંમાં પાણીને બદલે લોહી વહેતું થાય, એમના ચહેરા પર ઊજળી આવતીકાલનું એકાદ કિરણ ઝળકે. તેને માટે એક... એક... અને એક જ રસ્તો છે વધારે મહેનત કરીને વધુ ચીજવસ્તુઓ પેદા કરવાનો, આ વિરાટ દેશને ખૂણેખૂણે એની વધુ ઝડપી હેરફેર કરવાનો, અને સૌથી વિશેષ તો તેની વધુ ન્યાયી વહેંચણી કરવાનો.

અગાઉના કરતાં ઘણી વધુ કારમી ગુલામીની અને પછી સર્વનાશની દોજખમાં હડસેલાતા જતા આપણા પ્યારા ભારતને બચાવવાનો આ માર્ગ છે. એ માર્ગમાં હડતાલના કાંટા પાથરનારાં અને 'બંધ'ના અંગારા વેરનારા જે કોઈ હોય તે તમામ પેલા સાંઢને માતેલો રાખનારા, પેલા સેતાનના હાથ મજબૂત કરનારા દેશદ્રોહીઓ છે - પછી લેબલ મારેલાં હોય કોમ્યુનિસ્ટનાં કે કોંગ્રેસનાં, ભાજપનાં કે મુસ્લિમ લીગનાં. વતન માટે ફનાગીરી કરવા નીકળેલાઓમાં જેમ હિંદુ હતા, મુસલમાન હતા ને શીખ હતા, તેમ આજે ગદ્દારી કરવા જે નીકળ્યા છે તેમાં પણ કેટલાક મુસલમાન હશે, કેટલાક શીખ હશે, કેટલાક હિંદુ હશે. એ આખી જમાતને તમામ મઝહબપંથના વતનપરસ્તોએ પડકાર કરીને કહી દેવું ઘટે છે કે -

બસ કરો, હવે બહુ થયું. તમારી હડતાલો ને તમારા 'બંધો' હવે અમને નથી ખપતા. અમારે કામ કરવું છે, મહેનત કરવી છે, ભારતમાતાની અવદશા અમારે દૂર કરવી છે. અમારાં ભૂખ્યાં બાળુડાં માટે અમારે વધુ અનાજ પેદા કરવું છે, એમનાં ઉઘાડાં અંગ ઢાંકવા કાજે અમારે વધુ કાપડ વણવું છે, સદીઓની યાતનાઓ દૂર કરવા માટે અમારાં સંતાનો સજજ બને તે માટે એમને બરાબર ભણાવવાં છે... કોઈ પણ જાતનાં 'બંધ'માં અમારો સાથ તમને મળવાનો નથી અને એ પણ નોંધી રાખજો - 'બંધ'નાં એલાનો આપીને અમારી ઉપર જોરજુલમ કરનારા કોઈ પણ પક્ષને હવે પછી અમારો મત મળનાર નથી. (નિરીક્ષક'માંથી સાભાર) - મહેન્દ્ર મેઘાણી

પિઝાના ઢળતા મિનારને સીધો કરવાની એક વધુ યોજના

દુનિયાભરના સહેલણીઓમાં એક ખાસ આકર્ષણ રૂપ બની રહેલો પિઝા(ઈટાલી)નો ઢળતો મિનાર, હવે ગમે ત્યારે ભાંગી પડવાની સ્થિતિમાં આવી પડ્યો છે. ઈ.સ. ૧૧૭૩ના કાળમાં બનેલો આ મિનાર ધીરેધીરે એક તરફ ઢળતો જઈ હાલમાં લગભગ પાંચ મીટર (૪.૮૬ મીટર) જેટલો નમી ગયો છે. દર વર્ષે લગભગ ૮૦,૦૦૦ જેટલા પ્રવાસીઓ તેની ૫૬ મીટરની ઊંચાઈએ જઈને તેનો ભયજનક ઢાળ ચડવાનો રોમાંચ લે છે. પણ હવે તેના ઉપર ચઢવાનું જોખમકારક બની ગયું હોઈને બંધ કરવાનો વખત આવી ગયો લાગે છે. વળી, હવે તો એવું પણ જોવા મળ્યું છે કે ૧૪,૫૦૦ ટનનું આ ભારેખમ સ્થાપત્ય પોતાની ધરી પર પણ ઘૂમવા માંડ્યું છે, એટલું જ નહિ, એના પાયામાં આરસપાણના તોતિંગ ગચિયાઓ વચ્ચેની ફાટમાં ઘાસ પણ ઊગવા માંડ્યું છે અને એની દીવાલની એક તિરાડમાં અંજીર વૃક્ષની ડાળ પણ ફૂટી નીકળી છે. આ ઢળતા અને વધુ ને વધુ ઢળી રહેલા મિનારને ઢળતો અને એથી ભાંગી પડતો બચાવવા તથા જો બની શકે તો શક્ય તેટલો સીધો પણ કરવાના ઉપાયો વર્ષોથી વિચારાઈ રહ્યા છે. આ માટે દુનિયાભરમાંથી આવા કામના નિષ્ણાતો તથા આ ક્ષેત્રે આહવાન રૂપ કામો હાથ ધરવાના સાહસિકો નવાંનવાં સૂચનો મોકલતા જ રહે છે. આમાં કેટલાંક વિચારણીય પણ હોય હોય છે તો કેટલાંક વિચિત્ર અને અવ્યવહારુ તથા કોઈક તો કેવળ તુક્કા જેવા યે હોય છે. આમાં મોટેભાગે આ મિનારના પાયામાં કંઈ મજબૂત પૂરણ પૂરીને તેને વધુ ઢળતો અટકાવવાનાં સૂચનો હોય છે.


જે દેવળની સાથે આ મિનાર સંકળાએલો છે એ સમગ્ર સંકુલ ભૂગર્ભમાં માટીના સરકતા સ્તર ઉપર રચાએલું છે, અને રેતી સાથે માટીનો આ સ્તર તેની યે નીચેના પાણીના સ્તર ઉપર તરતો છે. આ જલસ્તરની સપાટી અહીંની ભૂગર્ભીય સ્થિતિ પ્રમાણે ચડતી-ઊતરતી રહે છે. આથી ૩૦ અને ૬૦ના દાયકામાં આ મિનારના પાયામાં સિમેન્ટ પૂરવાના પ્રયાસો ખાસ કંઈ કારગત નીવડ્યા નથી, અને મિનાર વધુ ને વધુ ઢળતો રહ્યો છે. આના ઉપાય તરીકે જાપાનમાંથી એક પ્રસ્તાવ એવો પણ આવ્યો છે કે આ મિનારને પોલાદી પટ્ટાઓમાં જકડી લઈ તારનાં દોરડાં વડે ધીરે ધીરે ખેંચીને સીધો કરતા રહેવો. પણ આથી વધુ આકર્ષક અને પહેલી નજરે તુક્કા જેવો લાગતો એક ઉપાય ડોઈશ મોન્ટન ટેકનોલોજિના પ્રો. કર્ટ ફ્લાગિગે સૂચવ્યો છે. એન્ચનના ઈન્સ્ટિટ્યૂટ ફોર કન્સ્ટ્રકશન (ટેકનોલોજિકલ યુનિવર્સિટી)ના ડિરેકટર પ્રો. વિટકેના સહકારથી પ્રો. કર્ટ આ કાર્ય કરવા ધારે છે. ખીણોમાં થતી હોનારતોમાં અજમાવાયેલી પધ્ધતિ તેઓ આ મિનારને સીધો કરવા માટે વાપરવા માગે છે. બેસી પડતી સો જેટલી ઈમારતોની મરામત અને બચાવકાર્યનો અનુભવ ડોઈશ મોન્ટન ટેક્નોલોજિને છે. એમનાં આવાં કામોમાં ૭,૦૦૦ ટન વજનવાળી ૧૨૦ મીટર ઊંચી એક કારખાનાની ચિમનીનો પણ સમાવેશ થાય છે. ઈંગ્લન્ડ અને ફ્રાંસને જોડતી ઈંગ્લિશ ચેનલ નીચેની ટનલના સર્વેક્ષણ માટે યુરોટનલ કોન્સોર્ટીઅમે પણ આ ડી.એમ.ટી. નો સાથ લીધેલો. એટલે જર્મન નિષ્ણાતોને તો પૂરતો વિશ્વાસ છે કે પિઝાના આ વિખ્યાત રાષ્ટ્રિય સ્થાપત્યના રક્ષણ માટેના આ સત્તરમા પ્રયાસને માટે તેમની જ પસંદગી કરવામાં આવશે. પહેલી નજરે તો આ યોજના કંઈક તુક્કા જેવી લાગે, પણ આધુનિક ટેક્નોલોજિને લીધે એ પૂરેપૂરી વ્યવહારુ છે.

આ કાર્યમાં પ્રથમ તો આ મિનારને તેના પાયામાંથી છૂટો પાડી દેવામાં આવશે. આની સાથોસાથ કમ્પ્યૂટર વડે અંકુશિત વિશાળ હાઈડ્રોલિક પ્રેસો તેની આસપાસ કોન્ક્રિટના તખ્તાઓ ઉપર ગોઠવવામાં આવશે અને પછી તે વિશાળ પ્રેસની સહાયથી અત્યંત ધીરે ધીરે ઊંચકીને સીધો કરવામાં આવશે.

આજે આ મિનાર દક્ષિણ તરફ ઢળેલો છે એટલે તેની સામેની ઉત્તર બાજુને બીજી બાજુઓ કરતાં બહુ ચોક્કસાઈપૂર્વક વધુ નીચો ઉતારવામાં આવશે અને અંતે આમ કરતાં ૨૭ સેન્ટીમીટર જેટલી પહોળી પડેલી નીચેની ફાટમાં ખાસ પ્રકારનો કોન્ક્રિટ ભરી તેને પૂરી દેવાશે.

આ અંગે સંભવિત શક્યતાઓની લગભગ અંતિમ સ્થિતિ સુધીની બહુ ચોક્કસાઈપૂર્વક ચકાસણી કરવામાં આવી છે. આ માટે કમ્પ્યૂટરની સહાયથી બનાવેલી આ ટાવરના ત્રિપરિમાણીય નમૂના વડે તેની નીચેની માટીની શક્ય એવી બધી જ હલચલનો ઊંડો અભ્યાસ કરાયો છે. એટલે આ યોજના વડે આ મિનારને ૬૦ સેન્ટીમીટર જેટલો સીધો કરી શકાશે. આ પછી પણ તે જે સહેજ ઢળતો રહેશે તેના થકી પિઝાનો આ ઢળતો મિનાર 'ઢળતો' જ રહેશે અને પ્રવાસીઓ ફરી તેના આઠ ઢળતા માળ ચઢી તેનો રોમાંચ માણી શકશે, અને ત્યારે એમના મનમાં એ ગમે ત્યારે ભાંગી પડવાના ભયને બદલે સલામતીની ધરપત હશે.

('સ્કાલા'માંથી તારવીને સાભાર)



મધમધે જોબન, પ્રાણ થનગન, લાગી લગન સહાય ના,
પ્રગટે હુતાશન ભીતિ-નાશન ખમા ! વીર, ખમા, ખમા !

— ઝવેરચંદ મેઘાણી —

શ્રીમદ્ રાજચંદ્રે પોતાના વ્યાવસાયિક જીવન દરમિયાન કોઈ એક વેપારી સાથે વાયદાનો મોટો સોદો કરેલો. બજારની રૂખ બદલાઈ અને માલની કિંમત એટલી બધી વધી ગઈ કે પેલો વેપારી પોતાનું સર્વસ્વ વેચી દે તો પણ રાયચંદભાઈને તેમના સોદાની રકમ ભરપાઈ કરી શકે નહિ. રાયચંદ્રભાઈના જાણવામાં આ આવ્યું અને ખબર પડી કે પેલો વેપારી રાતદિવસ ચિંતાઘેર્યો રહ્યા કરે છે ત્યારે તેઓ તરત જ એના ઘરે પહોંચી ગયા, અને પેલો સોદાનો કાગળ પોતાના ખિસ્સામાંથી કાઢી તે વેપારીની નજર સામે જ ફાડી નાખ્યો અને બોલ્યા : 'આ રાયચંદ દૂધનો પીનારો છે, લોહીનો પીનારો નહિ.'

¤

ગ્રેટ નિકોબાર ટાપુમાં કેમ્પબેલ બે પાસે પુલોબેટ ગામ ભારતભરમાં નાનામાં નાનો મતવિસ્તાર છે, જ્યાં મતદારોની યાદી પ્રમાણે કેવળ ૧૦ જ મતદાર છે.

¤

દિલ્હીમાં ૧૩૦૦ જેટલાં નાનાંમોટાં સ્મારકો છે, એમાંનો હુમાયુંનો ભવ્ય મકબરો તો દિલ્હી જનાર લગભગ બધાંએ જોયો હશે. ૧૬મી સદીમાં એની હાજી બેગમે એ બંધાવેલો. આ મકબરામાં ૧૫૫ જેટલી કબરો છે.

¤

આફ્રિકામાં સહરાનું રણ લગભગ ૮૪,૦૦,૦૦૦ ચો. કિ.મી.માં પથરાયેલું છે. ભારતમાં થરનું રણ પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં ૩,૧૭,૦૦૦ ચો. કિ.મી.માં ફેલાએલું છે. તેમાં ટેકરીઓ, પથરાળ ભૂમિ, ખારાં પાણીનાં જળાશયો અને થોડી વનસ્પતિ પણ જોવા મળે છે. પૂરતી આડશના પ્રબંધના અભાવે ધીરે ધીરે તે વધુ વિસ્તરતું જાય છે. લડાખ અને જમ્મુ-કાશ્મીરમાં ૧૩,૦૦૦ ફુટની ઊંચાઈએ દેશનું ઠંડું રણ છે.

¤

દક્ષિણ ધ્રુવપ્રદેશના ૭૧° દક્ષિણ અને ૧૫° પશ્ચિમ વચ્ચેના વેડેલ સમુદ્રનું પાણી એટલું સ્વચ્છ હોય છે કે તેમાં ૮૦ મીટર (૨૬૨ ફુટ) ઊંડે પડેલી વસ્તુ પણ સ્પષ્ટ જોઈ શકાય. કદાચ દુનિયાભરમાં આ સૌથી વધુ સ્વચ્છ સમુદ્રજળ છે.

¤

હેન્રિએટા (હેટ્ટી) હોલેન્ડ ગ્રીન (રોબિન્સન) નામની એક અમેરિકન મહિલાની પાસે એક જ બેન્કમાં ૩,૧૪,૦૦,૦૦૦ ડોલર જેટલી રકમ જમા હતી. ૧૮૩૫માં જન્મી ૧૯૧૬માં એ મૃત્યુ પામેલી. એના પુત્રના ઈજાગ્રસ્ત પગની સારવાર માટે મફત ઉપચાર કરતી હૉસ્પિટલ શોધવામાં એણે એટલો સમય કાઢી નાખેલો કે અંતે પુત્રનો પગ કપાવવો પડ્યો હતો. રાંધવામાં બળતણ બગાડવું ન પડે એટલા માટે એ ઠંડું પોરિજ (રાબ જેવી વાનગી) ખાતી. એની મિલકત લગભગ ૯૫ મિલિયન ડોલર જેટલી અંકાઈ હતી. આવી કંજૂસાઈનું બીજું દૃષ્ટાંત કદાચ દુનિયાભરમાં નહિ જડે.

¤

જાણો છો, આપણા રાષ્ટ્રિય ચિહ્ન પર 'સત્યમેવ જયતે' લખેલું હોય છે તે મુંડકોપનિષદમાંથી લીધેલું સૂત્ર છે ?

¤

મલાયામાં કેન્ડ લેબ્રા નામનું વૃક્ષ લગભગ આઠ મીટર ઊંચું ઊગે છે, અને તેની બધી ડાળીઓ ઘડિયાળયંત્રથી વિરુદ્ધ દક્ષિણ ધ્રુવ તરફ વળેલી રહે છે.

¤

મોસ્કોમાં વસતા આર્તિમિયેવે ટેસ્ટ ટ્યૂબમાં લીલા રંગનું બનાવટી મરચું તૈયાર કર્યું છે. મરચામાં ૮૦ પ્રકારનાં તત્ત્વો હોય છે. જે તેનાં સ્વાદ અને ગંધ બનાવે છે. આર્તિમિયેવે તેમાંથી માત્ર આઠ જ તત્ત્વોની મદદથી આ મરચું તૈયાર કર્યું છે.

¤

દુનિયામાં લગભગ ૫૦૦૦ જેટલી ભાષાઓ બોલાતી હોવાની ગણતરી છે. આમાં ૮૪૫ જેટલી તો ભારતીય છે.

¤

ભાવનગરની સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયામાં કારકૂનની ફરજ બજાવતા શ્રી ઉદય ઠક્કરે દિલ્હી ખાતે 'લિમકા બુક ઑફ રેકૉર્ડ'ના કાર્યાલયમાં આ વર્ષના માર્ચ માસની ૧૬મી તારીખે સતત ૧ કલાક અને ૮ સેકન્ડ સુધી મટકું પણ માર્યા વગર આંખ ખુલ્લી રાખી નવો વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે.

¤

જર્મનીના જરજન બ્રેમરે સૌર ઊર્જાથી સાઈકલ ચલાવી શકાય તેવું 'સોલર મોડ્યૂલ' નામનું યંત્ર તૈયાર કર્યું છે. આ યંત્રને સાઈકલના કેરિયર પર લગાવાય છે અને સૌર ઊર્જાથી સાઈકલ કલાકના ૪૫ કિલોમીટર સુધીની ગતિએ ચલાવી શકાય છે.

¤

જેમાં જવાબદારી, સ્વાર્પણ અને શિસ્તની ભાવના ના હોય તે સ્વતંત્રતા નહિ, પરંતુ સ્વતંત્રતાના અભાવની પરિસ્થિતિ છે.

જવાહરલાલ નેહરુ

¤

જો માથાનો સતત દુઃખાવો રહેતો હોય તો સૂર્યોદય પૂર્વે ઊઠી જઈને કોગળા કર્યા વિના વાસી મોઢે ખજૂરની પાંચ-સાત પેશીઓ ખાઈ જવી. આ પછી સૂવાનું નહિ, પણ નિત્યકર્મથી પરવારી ગયા પછી જે કંઈ ખાવું પીવું હોય તે લઈ શકાય. દુઃખાવો મટે નહિ ત્યાં સુધી આ પ્રયોગ ચાલુ રાખવો. ગમે તેટલો સખત અને જૂનો દુઃખાવો આથી મટી જ જાય છે.

¤



કલાકણિકા : છે તો રોજિંદા ઘરવપરાશનું ઘડિયાળ પણ શોભનચાહક માણસે તેને કેવું શણગાર્યું છે ? એક એવો કાળ પણ આવી ગયો જ્યારે રોજિંદા વપરાશની પ્રત્યેક ચીજવસ્તુને આમ શણગારાતી. સંખ્યાબંધ કલાકૌશલવાળા કારીગરો એનાથી નભતા હતા.